ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, ગાંધીનગરના પત્ર-ક્રમાંક
જીસીઈઆરટી/સીએન્ડઇ/2020/4957, તા. 28-02-2020 - થી મંજૂર

## અજમાયશી પાઠ્યપુસ્તક

# કલશોર

## (ગુજરાતી-પ્રથમ ભાષા)

## ધોરણ ૩

### પ્રતિજ્ઞાપત્ર

ભારત મારો દેશ છે.
બધાં ભારતીયો મારાં ભાઈબહેન છે.
હું મારા દેશને ચાહું છું અને તેના સમૃદ્ધ અને
વૈવિધ્યપૂર્ણ વારસાનો મને ગર્વ છે.
હું સદાય તેને લાયક બનવા પ્રયત્ન કરીશ.
હું મારાં માતાપિતા, શિક્ષકો અને વડીલો પ્રત્યે આદર રાખીશ
અને દરેક જણ સાથે સભ્યતાથી વર્તીશ.
હું મારા દેશ અને દેશબાંધવોને મારી નિષ્ઠા અર્પું છું.
તેમનાં કલ્યાણ અને સમૃદ્ધિમાં જ મારું સુખ રહ્યું છે.

કિંમત : ₹ 51.00

ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ
'વિદ્યાયન', સૅક્ટર ૧૦-એ, ગાંધીનગર-૩૮૨૦૧૦

© ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ, ગાંધીનગર
આ પાઠ્યપુસ્તકના સર્વ હક ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળને હસ્તક છે. આ પાઠ્યપુસ્તકનો કોઈ પણ ભાગ કોઈ પણ રૂપમાં ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળના નિયામકશ્રીની લિખિત પરવાનગી વગર પ્રકાશિત કરી શકાશે નહિ.

**વિષય-સલાહકાર**
ડૉ. મહેન્દ્ર ચોટલિયા

**લેખન-સંપાદન**
શ્રી હરેશ ચૌધરી
શ્રી રાકેશ પટેલ
શ્રી છાયા ઉપાધ્યાય
શ્રી રણછોડભાઈ સોની
શ્રી મમતા શર્મા
શ્રી ઈન્દુબેન પટેલ
શ્રી પ્રિસ્કીલા ચૌહાણ

**સમીક્ષા**
શ્રી હર્ષવી પટેલ
શ્રી પૂજા જોષી
શ્રી સંજ્ઞા આચાર્ય

**ચિત્રાંકન**
શ્રી રાજેશ બારૈયા

**સંયોજક**
ડૉ. ક્રિષ્ના દવે
(વિષય સંયોજક : અંગ્રેજી)

**નિર્માણ આયોજન**
શ્રી હરેન શાહ
(નાયબ નિયામક : શૈક્ષણિક)

**મુદ્રણ આયોજન**
શ્રી હરેશ એસ. લીમ્બાચીયા
(નાયબ નિયામક : ઉત્પાદન)

## પ્રસ્તાવના

NCERTની તરાહ તથા નિર્દિષ્ટ બાબતો આધારિત **ધોરણ ૩નું કલશોર (પ્રથમ ભાષા)**નું પાઠ્યપુસ્તક તૈયાર કરી વિદ્યાર્થીઓ, શિક્ષકો અને વાલીઓ સમક્ષ રજૂ કરતાં પાઠ્યપુસ્તક મંડળ આનંદ અનુભવે છે.

GCERT, ગાંધીનગર દ્વારા નિર્મિત અભ્યાસક્રમ આધારિત આ પાઠ્યપુસ્તક GCERT દ્વારા સૂચિત નિષ્ણાતો વડે તૈયાર કરવામાં આવ્યું છે તથા તેની સમીક્ષા નિષ્ણાત શિક્ષકો વડે કરવામાં આવી છે. આ પાઠ્યપુસ્તકના અમલ પૂર્વે પાઠ્યપુસ્તક મંડળ અને GCERTના નિષ્ણાતોની સંયુક્ત બેઠક બોલાવી, પુસ્તકની ચકાસણી કરવામાં આવી છે અને સૂચિત સુધારાઓને આમેજ કરી પુસ્તકને અંતિમ સ્વરૂપ આપવામાં આવ્યું છે.

પ્રસ્તુત પાઠ્યપુસ્તકને ગુણવત્તાયુક્ત તથા બાળભોગ્ય બનાવવા માટે પૂરતી જહેમત ઉઠાવવામાં આવી છે. તેમ છતાં શિક્ષણમાં રસ ધરાવનાર વ્યક્તિઓ પાસેથી સૂચનો આવકાર્ય છે. તેનાં ચતુરંગી સ્વરૂપ દ્વારા બાળકો હોંશે-હોંશે તેનો ઉપયોગ કરે અને ભાષાની અધ્યયન નિષ્પત્તિઓ સાર્થક કરે તે લક્ષિત છે. આ પાઠ્યપુસ્તકમાં સમાવિષ્ટ અધ્યયનસામગ્રીનું પ્રદાન કરનાર સૌનો મંડળ આભાર વ્યક્ત કરે છે.

**પી. ભારતી** (IAS)
નિયામક — કાર્યવાહક પ્રમુખ
તા. ૩૧-૩-૨૦૨૦ — ગાંધીનગર

**પ્રથમ આવૃત્તિ : ૨૦૨૦**

**પ્રકાશક :** ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ, 'વિદ્યાયન', સેક્ટર ૧૦-એ, ગાંધીનગર વતી પી. ભારતી, નિયામક
**મુદ્રક :**

# મૂળભૂત ફરજો

ભારતના દરેક નાગરિકની ફરજો નીચે મુજબ રહેશે :*

(ક) સંવિધાનને વફાદાર રહેવાની અને તેના આદર્શો અને સંસ્થાઓનો, રાષ્ટ્રધ્વજનો અને રાષ્ટ્રગીતનો આદર કરવાની;

(ખ) આઝાદી માટેની આપણી રાષ્ટ્રીય લડતને પ્રેરણા આપનારા ઉમદા આદર્શોને હૃદયમાં પ્રતિષ્ઠિત કરવાની અને અનુસરવાની;

(ગ) ભારતનાં સાર્વભૌમત્વ, એકતા અને અખંડિતતાનું સમર્થન કરવાની અને તેમનું રક્ષણ કરવાની;

(ઘ) દેશનું રક્ષણ કરવાની અને રાષ્ટ્રીય સેવા બજાવવાની હાકલ થતાં, તેમ કરવાની;

(ચ) ધાર્મિક, ભાષાકીય, પ્રાદેશિક અથવા સાંપ્રદાયિક ભેદોથી પર રહીને, ભારતના તમામ લોકોમાં સુમેળ અને સમાન બંધુત્વની ભાવનાની વૃદ્ધિ કરવાની, સ્ત્રીઓના ગૌરવને અપમાનિત કરે તેવા વ્યવહારો ત્યજી દેવાની;

(છ) આપણી સમન્વિત સંસ્કૃતિના સમૃદ્ધ વારસાનું મૂલ્ય સમજી તે જાળવી રાખવાની;

(જ) જંગલો, તળાવો, નદીઓ અને વન્ય પશુપક્ષીઓ સહિત કુદરતી પર્યાવરણનું જતન કરવાની અને તેની સુધારણા કરવાની અને જીવો પ્રત્યે અનુકંપા રાખવાની;

(ઝ) વૈજ્ઞાનિક માનસ, માનવતાવાદ અને જિજ્ઞાસા તથા સુધારણાની ભાવના કેળવવાની;

(ટ) જાહેર મિલકતનું રક્ષણ કરવાની અને હિંસાનો ત્યાગ કરવાની;

(ઠ) રાષ્ટ્ર પુરુષાર્થ અને સિદ્ધિનાં વધુ ને વધુ ઉન્નત સોપાનો ભણી સતત પ્રગતિ કરતું રહે એ માટે, વૈયક્તિક અને સામૂહિક પ્રવૃત્તિનાં તમામ ક્ષેત્રે, શ્રેષ્ઠતા હાંસલ કરવાનો પ્રયત્ન કરવાની.

(ડ) માતા-પિતાએ અથવા વાલીએ ૬ વર્ષથી ૧૪ વર્ષ સુધીની વયના પોતાના બાળક અથવા પાલ્યને શિક્ષણની તકો પૂરી પાડવાની.

*ભારતનું સંવિધાન : કલમ 51-क

# પ્રસ્તાવના

માતૃભાષા બધા વિષયો શીખવા માટેની ચાવી છે. વિચારણા, તર્ક અને લાગણીનું તે વાહન છે. બાળક પોતાના અનુભવો અને જગતની ઓળખને ભાષા વડે રચે છે, મગજમાં સંઘરે છે. આથી માતૃભાષામાં પ્રાપ્ત કરેલું સામર્થ્ય બાળકના સમગ્ર જ્ઞાનને નિશ્ચિત કરે છે. આમ, માતૃભાષાના શિક્ષક બાળકની અધ્યયનશીલતાના સંવર્ધન માટે મુખ્ય અને મહત્ત્વનું પરિબળ બની રહે છે.

પ્રારંભિક વર્ષોમાં ભાષા શીખવનારાં બાળકો માટે કાવ્ય અને વાર્તા આધારિત અનેકવિધ ભાષાકીય પ્રવૃત્તિમાંથી પસાર થવાનું ખૂબ જ જરૂરી હોય છે. ગણિત-પર્યાવરણ જેવા વિષયોનાં પાઠ્યપુસ્તકોમાં મૂકેલું વિષયવસ્તુ સૌપ્રથમ તો ભાષાકીય વસ્તુ જ છે. જ્યારે એ બધુ ભાષાના સ્તરે સમજાય ત્યારબાદ જ તે વિષયના સ્તરે સમજી શકાય છે.

આપણે સૌપ્રથમ એ સ્વીકારવું જોઈએ કે શ્રવણ અને સંભાષણ એ બે ભાષાના પાયાના કૌશલો છે. આ બંને કૌશલોના આધાર પર જ વાચન અને લેખન કૌશલોનો વિકાસ સરળતાથી થઈ શકે છે. વાચન અને લેખન એ દ્વિતીય કે ગૌણ કક્ષાનાં કૌશલો હોવાથી એના પર વધુ પડતો ભાર શરૂઆતનાં વર્ષોમાં આપવાનો હોતો નથી. આથી આ પાઠ્યપુસ્તકમાં ખૂબ જ ગાવાનું, મોટેથી બોલવાનું, કહેવાનું, સાંભળીને કરવાનું, ઝીલ ગાન જેવી પ્રવૃત્તિઓ આપેલી છે. બાળકોની મૌખિક ભાષા બરાબર તૈયાર થાય તે માટે જૂથકાર્ય, સંવાદ, પાઠ કે કાવ્યમાંની કથાનું કથન તથા અનૌપચારિક વાતચીતને પૂરતો અવકાશ આપવો જોઈએ. બાળકો ભાષાકીય તર્ક કરી શકે તે માટે પ્રશ્નો, અધૂરા વાક્યો પૂરા કરવા, વાક્યો જોડવા, વાર્તા આગળ વધારવી જેવા મનોયત્નો પુસ્તકમાં આપેલા છે.

કલ્પના અને સર્જનશીલતા બાળકની ઓળખ છે. આ બંનેની માવજત બાળક દસ વર્ષનું થાય ત્યાં સુધીમાં કાળજીપૂર્વક થવી જોઈએ. હવેના સમયમાં કમ્પ્યૂટર અને રોબૉટ જેવા યંત્રો આવી ગયાં છે. તાર્કિક કાર્યો કરવા માટે હવે મનુષ્યની જરૂર ઓછી પડશે. મનુષ્યનું મુખ્ય કામ કલ્પના કરવી અને સર્જન કરવાનું રહેશે. બાળકોમાં રહેલી આ બંને શક્તિઓને અવકાશ મળે અને તેની કેળવણી થાય તે માટે આ પાઠ્યપુસ્તકમાં ઘણી પ્રવૃત્તિઓ આપેલી છે. વાક્યો લંબાવવાં, રમૂજી વાક્યો રચવાં, ખોટા કે વૈકલ્પિક જવાબો આપવા-જેવા મનોયત્નો ખૂબ જ મૂલ્યવાન છે, તે ચૂકી ન જવાય તેની કાળજી રાખશો.

આ પાઠ્યપુસ્તકમાં ઔપચારિક વ્યાકરણને સ્થાન આપ્યું નથી. એટલે કે વર્ગમાં એકવચન-બહુવચન, વર્તમાનકાળ-ભૂતકાળ, વિશેષણ-સર્વનામ જેવી સંજ્ઞાઓનો ઉપયોગ કરવો નહિ. શાસ્ત્રીય વ્યાકરણમાં આવતી વ્યાખ્યાઓ અને નામ-વિશેષણ-સર્વનામના પ્રકારો દર્શાવવાના નથી. વ્યાકરણ અમૂર્ત હોવાથી સ્પષ્ટીકરણ બાળકો માટે વધારે મુશ્કેલી ઊભી કરે છે. માતૃભાષામાં સહજ રીતે પ્રયોજાતાં વાક્યો, શબ્દસમૂહો કે સંવાદોના આધારે વ્યાકરણનો પરોક્ષ પરિચય અને સમજ સર્જવા માટેના ઘણા મનોયત્ન ખૂબ જ સાવધાનીપૂર્વક રચવામાં આવ્યા છે. વિદ્યાર્થી ભાષાની કરામતોને ક્રમિક રીતે સમજે અને પ્રયોજે તે રીતે ચિત્રો, સોપાનબદ્ધ વાક્યો, પરિચ્છેદોનો ઉપયોગ આ પુસ્તકમાં કર્યો છે.

રમૂજ, હાસ્ય, વિસ્મય, રમત, ઉછળકૂદ, બૂમબરાડા, લલકારવું - આ બધાં પરિબળો અધ્યયનને ભારવિહીન બનાવે છે. વિદ્યાર્થીઓ અને શિક્ષકો આ બધાંનો ભરપૂર ઉપયોગ કરે અને વર્ગવાતાવરણ હળવું રાખે તેવી અપેક્ષા છે.

આ સાથે જ ભાષાની અધ્યયન નિષ્પત્તિઓ પણ અહીં જોડેલી છે તે માટે નાવિન્યપૂર્ણ મનોયત્નો, પ્રવૃત્તિઓ તથા ભાષાકીય રચનાઓ સમાવવામાં આવી છે. શિક્ષકમિત્રોને આમંત્રણ અને આવાહન છે કે તમારી સજ્જતા, સર્જનશીલતાને કામે લગાડો અને આ પ્રકારના વધારાનાં વાક્યો કે પ્રવૃત્તિઓ બનાવીને વિદ્યાર્થીઓને મજા કરાવો.

તમે અને બાળકો માતૃભાષાના વૈભવ, સમૃદ્ધિ અને સંવેદનાનું વર્ગમાં અવતરણ કરી તેમાં (નખશીખ નિમજ્જન કરો) ગળાડૂબ રહી અધ્યયન-અધ્યાપનની આનંદયાત્રા માણો તેવી શુભેચ્છાઓ!

# અધ્યયન નિષ્પત્તિ

| | | | |
|---|---|---|---|
| 1. | Basic need of Literacy (વાંચન લેખન માટેની પાયાની જરૂરિયાત) | Encoding of Words & Sentences (શબ્દો વાક્યોનું સંકેતીકરણ) | શબ્દો વચ્ચેની જગ્યા પારખે |
| | | | વાક્યોમાં વિરામચિહ્ન પારખે |
| | | | શબ્દો, વાક્યો, પરિચ્છેદનું શ્રુતલેખન કરે. |
| | | Decoding of Words & Sentences (શબ્દો વાક્યોનું શબ્દીકરણ) | યોગ્ય જગ્યા છોડી, વિરામચિહ્નનો ઉપયોગ કરી લખે. |
| | | | શબ્દો મોટેથી વાંચે. |
| | | | વાક્યો મોટેથી વાંચે. |
| 2. | Listening Comprehension (શ્રવણ અર્થગ્રહણ) | Listening for meaning in narrative text (કથાત્મક લખાણ) | કથાત્મક લખાણમાંથી વિગતો શોધે. |
| | | | કથાત્મક લખાણમાંથી વિગતો વચ્ચેના સંબંધો સમજે. |
| | | | કથાત્મક લખાણમાંથી વિગતોનો ઉપયોગ કરે. |
| | | | કથાત્મક લખાણના આધારે સર્જન કરે. |
| | | Listening for meaning in literary text (Poems, songs, riddles) કાવ્યાત્મક લખાણ | કાવ્યાત્મક લખાણમાંથી વિગતો શોધે. |
| | | | કાવ્યાત્મક લખાણમાંથી વિગતો વચ્ચેના સંબંધો સમજે. |
| | | | કાવ્યાત્મક લખાણના આધારે સર્જન કરે. |
| 3. | Reading Comprehension (વાંચન અર્થગ્રહણ) | Reading for meaning in narrative text (stories) (કથાત્મક લખાણ) | કથાત્મક લખાણમાંથી વિગતો શોધે. |
| | | | કથાત્મક લખાણમાંથી વિગતો વચ્ચેના સંબંધો સમજે. |
| | | | કથાત્મક લખાણમાંથી વિગતોનો ઉપયોગ કરે. |
| | | | કથાત્મક લખાણનું વિશ્લેષણ કરે. |
| | | | કથાત્મક લખાણના આધારે સર્જન કરે. |
| | | Reading for meaning in informative text (school notices etc.) માહિતીલક્ષી લખાણ | માહિતીલક્ષી લખાણમાંથી વિગતો શોધે. |
| | | | માહિતીલક્ષી લખાણમાંથી વિગતો વચ્ચેના સંબંધો સમજે. |
| | | | માહિતીલક્ષી લખાણની વિગતોનો ઉપયોગ કરે. |
| | | | માહિતીલક્ષી લખાણનું વિશ્લેષણ કરે. |
| | | | માહિતીલક્ષી લખાણના આધારે સર્જન કરે. |
| | | Reading for meaning in descriptive text વર્ણનાત્મક લખાણ | વર્ણનાત્મક લખાણમાંથી વિગતો શોધે. |
| | | | વર્ણનાત્મક લખાણમાંથી વિગતો વચ્ચેના સંબંધો સમજે. |
| | | | વર્ણનાત્મક લખાણની વિગતોનો ઉપયોગ કરે. |
| | | | વર્ણનાત્મક લખાણનું વિશ્લેષણ કરે. |
| | | | વર્ણનાત્મક લખાણના આધારે સર્જન કરે. |
| | | Reading for meaning in literary text (Poems, songs, riddles) કાવ્યાત્મક લખાણ | કાવ્યાત્મક લખાણમાંથી વિગતો શોધે. |
| | | | કાવ્યાત્મક લખાણની વિગતો વચ્ચેના સંબંધો સમજે. |
| | | | કાવ્યાત્મક લખાણની વિગતોનો ઉપયોગ કરે. |
| | | | કાવ્યાત્મક લખાણનું વિશ્લેષણ કરે. |
| | | | કાવ્યાત્મક લખાણના આધારે સર્જન કરે. |

| | | | |
|---|---|---|---|
| | | Reading for meaning in persuative text (advertisements) પ્રકીર્ણ લખાણ | પ્રકીર્ણ લખાણમાંથી વિગતો શોધે. |
| | | | પ્રકીર્ણ લખાણમાંથી વિગતો વચ્ચેના સંબંધો સમજે. |
| | | | પ્રકીર્ણ લખાણની વિગતોનો ઉપયોગ કરે. |
| | | | પ્રકીર્ણ લખાણનું વિશ્લેષણ કરે. |
| | | | પ્રકીર્ણ લખાણના આધારે સર્જન કરે. |
| 4. | Expression (અભિવ્યક્તિ) | મૌખિક | પરિચિત પ્રસંગો, સ્થળ અને વ્યક્તિનું વર્ણન કરે. |
| | | | આરોહ અવરોહ સાથે/અભિનય સાથે વાર્તા રજૂ કરે. |
| | | | વાર્તા પરથી નાટ્યીકરણ કરે. |
| | | | પરિચિત પરિસ્થિતિ અંગે સંવાદ રજૂ કરે. |
| | | | દૃશ્યાત્મક વિગતોને મૌખિક રીતે રજૂ કરે. |
| | | લેખિત | આપેલા શબ્દોનો ઉપયોગ કરી અર્થપૂર્ણ વાક્ય બનાવે. |
| | | | ચિત્રનું વર્ણન સાત-આઠ વાક્યોમાં કરે. |
| | | | વાર્તા, કાવ્ય, ગીત સાંભળી/વાંચી તેના અંશોનું લેખન કરે. |
| | | | દૃશ્યાત્મક વિગતોને લેખિત સ્વરૂપમાં રજૂ કરે. |
| | | દૃશ્યાત્મક | સાંભળેલી વિગતોને દૃશ્યાત્મક રીતે રજૂ કરે. |
| | | | વાંચેલી વગતોને દૃશ્યાત્મક રીતે રજૂ કરે. |
| | Competence of language (ભાષા સજ્જતા) | નામ ઓળખાવ્યા વિના વ્યાકરણના ઘટકો ઓળખે અને પ્રયોજે. | નામને બદલે સર્વનામનો ઉપયોગ કરે. |
| | | | વચન ઓળખે, પરિવર્તન કરે અને ઉપયોગ કરે. |
| | | | વિશેષણ ઓળખે અને ઉપયોગ કરે |
| | | | ક્રિયાનું ભૂતકાળનું સ્વરૂપ ઓળખે અને ઉપયોગ કરે. |
| | | | આજ્ઞા, વિનંતી અને સૂચનાના ભાષાપ્રયોગ ઓળખે અને ઉપયોગ કરે. |
| | | | સ્થળ અને સમયવાચક અવ્યવ્ય (વચ્ચે, ઉપર, નીચે, આગળ, પાછળ, અંદર, બહાર, પછી, અત્યારે, પહેલાં)ને ઓળખે અને ઉપયોગ કરે. |
| | | | પુનરાવર્તિત પ્રયોગ (દા.ત. : રમતાં રમતાં) ઓળખે અને ઉપયોગ કરે. |
| | | | સંયોજકો (અને, કે, એટલે, તેમ છતાં, તોય) ઓળખે અને ઉપયોગ કરે. |
| 5. | Vocabulary શબ્દભંડોળ | Familiar words પરિચિત શબ્દો | પરિચિત શબ્દ શોધે. |
| | | | સમાનાર્થી શબ્દ શોધે. |
| | | | વિરુદ્ધાર્થી શબ્દ ઓળખાવે. |
| | | | આપેલા શબ્દનો ઉપયોગ કરી અર્થપૂર્ણ વાક્ય બનાવે. |
| | | New words નવા શબ્દો | શબ્દનું રૂપાંતર કરી અન્ય શબ્દ બનાવે. |
| | | | નવા શબ્દો શોધે. |
| | | | નવા શબ્દોના અર્થની ધારણા કરે. |
| | | | શબ્દના અર્થ તારવે. |

| | | | |
|---|---|---|---|
| 6. | Affective Development (ભાવાત્મક વિકાસ) | ભાવાત્મક સમાવેશન | ભાવાત્મક સંકેતો ઓળખાવે. |
| | | | ભાવાત્મક પ્રતિભાવ આપે. |
| | | | ભાવાત્મક વલણ દર્શાવે. |

## આ પાઠ્યપુસ્તક વિશે...

ગુજરાતી ભાષા સાથે થોડી વધુ મૈત્રી કેળવીને બાળકો ફરીથી તમારા વર્ગમાં આવી ગયાં હશે એટલે તમને ભાષા-અધ્યાપનમાં આગળ વધવામાં સરળતા રહેશે. આ નવું પાઠ્યપુસ્તક ''કલશોર'' તમને અને બાળકોને સક્રિયતા તથા મજા-મસ્તીના સંયોજનથી થનગનતા કરવા માટે તત્પર છે.

### આટલું કરો

- પ્રત્યેક વર્ગ શરૂ કરતાં પહેલાં વ્યક્તિ તરીકે બાળકો સાથે અનૌપચારિક વાતો કરો.
- પાઠ/કાવ્યમાં આવતા પાત્રો-પ્રસંગો-સંવેદનાઓ-વિચારો-અવલોકનોમાં તમારા અને બાળકોના અનુભવો પણ અવશ્ય જોડો.
- પુસ્તકનું વિષયવસ્તુ તો ભાષાની અભિવ્યક્તિ માટે ટેકારૂપ સામગ્રી છે. તેને સ્મૃતિબોજ નહિ ભાષામોજ બનાવો.
- પુસ્તકમાં આપેલી પ્રવૃત્તિઓ ઓછામાં ઓછી એકવાર તો કરાવો જ. બાળકોને ગમી ગયેલ પ્રવૃત્તિ વારંવાર કરાવો.
- પાન-નંબર શબ્દમાં આપ્યા છે તે મુજબ બાળકો તેની બંને બાજુ લખે તે માટે પ્રેરિત કરો.
- બીજા એકમથી દરેક નવી પ્રવૃત્તિ આગળ ⬡ આપેલા છે તેમાં જેમ પ્રવૃત્તિ થતી જાય તેમ બાળકો જ નંબર આપતાં જશે.
- શબ્દભંડોળ વધે તે માટે પુસ્તકના, પુસ્તક બહારના શબ્દો વારંવાર સંભળાવો. આ સાહેબ/બહેનને બધું જ કહી શકાય તેવું બાળકોને થાય તેવું વાતાવરણ બનાવો.

### આટલું ન કરો

- બાળકોના મિત્ર બનો, ફિલોસોફર અને ગાઈડ નહિ.
- બાળકોને ડરાવી-ધમકાવી, કડક શિસ્તમાં રાખીને શીખવશો નહિ. આવા સંજોગોમાં તેઓની શીખવાની ક્ષમતા બંધ થઈ જાય છે.
- એકધારું વાંચવા-બોલવાનું ન રાખો.
- ચિત્રકામની અવગણના કરશો નહિ. પુસ્તકમાં જ્યાં રેખાચિત્રો છે તેમાં બાળકોને રંગ પૂરતાં ટોકશો નહિ.
- વર્ગના થોડાક હોશિયાર વિદ્યાર્થીઓ ઉત્તર આપે કે પ્રવૃત્તિ કરી લે એટલે બધાને આવડી ગયું છે એવું ના માનશો.
- અક્ષર ઘૂંટાવશો નહિ કે એક જ શબ્દ વારંવાર લખાવશો નહિ. પાઠમાં/કાવ્યમાં આવતા બધા જ શબ્દો બાળકને અર્થ સહિત શીખવવાના હોતા નથી.
- બાળકોની ક્ષમતા-આવડત વિશે જાહેરમાં નિર્ણયો (આ તો નબળો/ઠોઠ છે કે હોશિયાર છે) વ્યક્ત ન કરશો.

માતૃભાષા શીખવાના સંરચનાવાદી અને અસરકારક અભિગમથી તૈયાર થયેલું આ રૂપકડું પુસ્તક આપના હાથમાં મૂકતાં આનંદ અનુભવીએ છીએ.

# અનુક્રમણિકા


E3W8D8

૧. વાંદરાને વાંચતાં ન આવડે ૧

૨. પોટલાં ટપકે ટપ્પ ૧૬

૩. હું પતંગિયું મારા પિલ્લુનું ૩૧

૪.  ની પાછળ  ૫૦

૫. કોરો કાચબો ભીનો ચાંદો ૬૪

૬. બતક અને અથવા પણ હંસ ૮૪

૭. એક છલાંગે દરિયો કૂદો ૧૦૩

૮. કીડી હતી કે હાથી હશે! ૧૧૯

૯. રંગબેરંગી મસાલિયું ૧૩૮

૧૦. ચાલો સૌને રમત મુબારક ૧૫૪

१

# વાંદરાને વાંચતાં ન આવડે

K5V1E8

## ૧ ચાલો, ગાઈએ ગીતડું :

ઉંદર રે' છે દરમાં
માણસ રહેતો ઘરમાં
ચકો ચકી રે' માળામાં
બટેર તેતર જાળામાં
સમડીનું ઘર ઊંચા ઝાડે
ચામાચીડિયાં લટકે ડાળે
ગાય બકરી રહેતાં વાડે
વંદો તો ચૂપચાપ તિરાડે
સિંહ સૂવે છે બોડમાં
ને હું તો બાની સોડમાં !

## ૨ જુઓ અને કહો :



## ૩ વાતચીત :

૧. સુઘરીના માળામાં કોણ છે? તેને સુઘરીના માળામાં શું તકલીફ પડતી હશે?

૨. સિંહ ક્યાં છે? તે ત્યાં શું કરતો હશે?

૩. સિંહની બૉડમાં કોણ છે?

## ૪ વાર્તા વાંચો :

### વાંદરાભાઈનું ઘર

એક હતા વાંદરાભાઈ.

ખટખટ એનું નામ.

એને ઝાડે ઝાડે ફરવું ગમે ને છાપરાં ઉપર કૂદવું ગમે. બારેમાસ એક ઝાડથી બીજા ઝાડ પર ફરતો રહે, હૂપાહૂપ કરતો રહે.

શિયાળો શરૂ થયો. ધીમે ધીમે ઠંડી વધવા માંડી. ખટખટને ઠંડી લાગે એટલે એ એક ડાળથી બીજી ડાળે ફરતો જાય, એક છાપરા પરથી બીજા છાપરા પર કૂદતો જાય ને ઠંડી ભગાડતો જાય.

ખટખટે એક ઘર પાસે અચરજ જોયું.

થોડા માણસો ભેગા થઈ લાકડાં સળગાવીને બેઠા હતા. તેઓ લાલ લાલ અંગારા પાસે હાથ રાખતા હતા ને ગાલ પર મૂકતા હતા. ‘‘આહા! મળી ગઈ ઠંડી ભગાડવાની રીત.’’ ખટખટે કૂદકા માર્યા. તેણે ખેતરોમાં ફરી ફરીને લાલ મરચાં ભેગાં કર્યાં. ઝાડ નીચે ઢગલો કર્યો. હૂપાહૂપ કરી દોસ્તોને બોલાવ્યા. બધાં ભેગાં મળી ઠંડી ભગાડવા બેઠા.

ખટખટ કહે, ‘‘આહાહાહા...! ઠંડી ભાગી રહી છે.’’

બધાં ધ્રૂજતાં ધ્રૂજતાં બોલવા લાગ્યા : ‘‘હા, ભાગી રહી છે.’’

ઝાડ પરના લાંબા માળામાં ઝૂલતી ચટપટ સુઘરી આ જોઈ રહી હતી. તેણે વિચાર્યું, ‘‘બિચારા વાંદરાભાઈ ઠંડીથી કેવા થથરે છે! ઠંડીથી બચવા હું તેમને મારા માળામાંય બોલાવી શકતી નથી.’’

ખટખટે તો ચટપટ સુઘરીને બોલાવી, ‘‘આવ... આવ... ચટપટ, તાપવા આવ...’’

ચટપટ કહે, ‘‘ના, ના... સૉરી હોં

બે



બે

ખટખટ. હું તો મારા માળામાં છું. મને મારા આ ઘરમાં જરાય ઠંડી ન લાગે.''

ખટખટ કહે, ''એવું તે કંઈ હોય? આટલી બધી ઠંડી છે ને!''

સુઘરી કહે, ''પણ ઘર હોય તો ઓછી ઠંડી લાગે. હું તો કહું છું કે તમેય તમારું ઘર બનાવી લો ને! ઉનાળામાં ગરમી ઓછી લાગશે ને

ગાવા લાગ્યા :

**ડાળે ડાળે કૂદીએ છીએ,**
**ઝાડે ઝાડે ફરીએ છીએ,**
**ઠંડીથી ક્યાં ડરીએ છીએ!**
**હૂપ હૂપાહૂપ હૂપ...**
**હૂપ હૂપાહૂપ હૂપ... (૨)**



ચોમાસામાં વરસાદથીય બચી શકાશે. હું સરસ ઘર બનાવું છું એટલે તો મને સુઘરી કહે છે ને તમે મારા મિત્ર થઈને ઘર બનાવતા નથી?''

ખટખટને થયું, આ નાનકડી સુઘરી મને સલાહ આપવા નીકળી છે!

થોડીવાર પછી બધા સાથે હૂપાહૂપ કરી એક ઝાડથી બીજા ઝાડ પર ફરવા લાગ્યા ને

પછી આવ્યો ઉનાળો. આકાશમાંથી જાણે આગ વરસી રહી હતી. ખટખટ અને એના દોસ્તો પરસેવાથી રેબઝેબ. સૌ પોતપોતાની પૂંછડીઓથી પવન નાંખવા લાગ્યા.


સુઘરીબાઈએ માળામાંથી ઝૂલતાં ઝૂલતાં બૂમ પાડી, ''ખટખટ, એય ખટખટ... તારે ઘર નથી બનાવવું?''

ખટખટ તો ગીત ગાતો ગાતો બીજી ડાળે ઠેકડો મારી ગયો :


**ઝાડને છાંયે રહીએ છીએ,**
**પૂંછડેથી પવન નાખીએ છીએ,**
**ગરમીથી ક્યાં ડરીએ છીએ!**
**હૂપ હૂપાહૂપ હૂપ...**
**હૂપ હૂપાહૂપ હૂપ... (૨)**

ચટપટ સુઘરી તો પોતાના માળામાં ઝૂલતી રહી ને ખટખટ વાંદરાની ચિંતા કરતી રહી.

ચોમાસું આવ્યું. આકાશમાંથી વરસાદ તૂટી



પડ્યો. કડડડધૂમ... ગડડડધૂમ... વીજળીના કડાકા ભડાકા ને વાદળોનો ગડગડાટ... બધાં ઝાડ પાણીથી તરબોળ. બધે જ જળબંબાકાર જળબંબાકાર... ખટખટ ને તેના દોસ્તો ભીંજાઈ ગયા. માથે, મોઢે, પીઠે, પૂંછડે... પાણી જ પાણી... ઠંડીય ખૂબ લાગી.



માળામાંથી સુઘરી ફરફર કરતી આવી, તેણે જોયું કે બધા વાંદરા તેમની પૂંછડી ઊંચી કરી મિનારા જેવું બનાવીને બેઠા હતા ને ગાતા હતા :

**પૂંછમિનારમાં રહીએ છીએ,**
**પાણીમાં પલળીએ છીએ,**
**વરસાદથી ક્યાં ડરીએ છીએ!**
**હૂપ હૂપાહૂપ હૂપ...**
**હૂપ હૂપાહૂપ હૂપ... (૨)**

પછી ત્યાંથી હૂપાહૂપ કરતા ભાગી ગયા.

વાંદરાઓએ ઘર ન બનાવ્યું તે ન જ બનાવ્યું ને ચટપટ સુઘરીબાઈએ ચિંતાય છોડી દીધી.

## ⟨૫⟩ વાતચીત :

૧. વાંદરાઓએ શું કર્યું ત્યારે તમને સૌથી વધુ મજા પડી?

૨. વરસાદ આવતો હોય અને તમારી પાસે છત્રી ન હોય તો તમે શું કરો?

૩. કોઈ કારણસર, બે-ત્રણ મહિના ઘર વગર રહેવાનું થાય ત્યારે તમને શી તકલીફ પડે? શી મજા પડે?

૪. વાંદરાઓએ જે કર્યું તે તમને ગમ્યું? આપણે તેમને શો ઉપાય બતાવીશું?

૫. સુઘરી કેવી રીતે ઘર બનાવતી હશે?

૬. વાંદરાઓએ મરચાંનું તાપણું કેમ કર્યું હતું?

૭. મરચાનું તાપણું કરીએ તો શું થાય?

## ⟨૬⟩ વાર્તા વાંચો અને કહો :

નીચે આપેલા પ્રશ્નો પૂછો. વિદ્યાર્થીઓ ચોપડીમાં જોઈ જવાબ આપશે.

૧. વાંદરાનું નામ શું હતું?

૨. વાંદરાની ચિંતા કોણ કરતું હતું?

૩. ઘર વગર વાંદરાઓને કઈ-કઈ મુશ્કેલી પડી?

૪. ઠંડીથી બચવા વાંદરાઓએ શું કર્યું?

૫. 'આ નાનકડી સુઘરી મને સલાહ આપવા નીકળી છે.' - એવું વાંદરાએ કેમ કહ્યું હશે?

૬. વાંદરાઓ વારંવાર શું બોલતા હતા?

૭. સુઘરીની સલાહ સાચી હતી કે ખોટી? કેમ?

૮. સુઘરીએ વાંદરાની ચિંતા કેમ છોડી દીધી?

૯. નીચેનામાંથી કોણ-કોણ પોતાનું ઘર બનાવે? ✓ કરો.

(૧) બિલાડી (૨) ચકલી (૩) કબૂતર (૪) કૂતરો (૫) ગાય

## ⟨૭⟩ અભિનય :

૧. તમે વાંદરાભાઈ છો : ઠંડી, ગરમી, વરસાદથી બચવા શું કરશો?

૨. તમે સુઘરી છો : વાંદરાને શું કહેશો?

## ૮ છૂટી ગયેલા શબ્દ શોધો. વાર્તામાં જોઈ વાક્ય ફરી લખો. (જોડીકાર્ય)

- વિદ્યાર્થીઓને જોડીમાં બેસાડી વાર્તામાંથી નીચેનાં વાક્યો શોધવા કહો.
- તેઓને વાર્તાના વાક્યને અને નીચેના વાક્યને સરખાવવા કહો.
- આપેલા વાક્યમાં કયા શબ્દ છૂટી ગયા છે તે શોધવા કહો.
- ત્યારબાદ વાર્તામાં જોઈ, ઉદાહરણ મુજબ શબ્દ વચ્ચે યોગ્ય જગ્યા છોડી વાક્ય ફરીથી લખવા અને શોધેલા શબ્દ નીચે લીટી કરવા કહો.

ઉદા.

- બારેમાસએકઝાડથીબીજાપરફરતોરહે.

  બારેમાસ એક ઝાડથી બીજા ઝાડ પર ફરતો રહે.

૧. ખટખટેઘરપાસેઅચરજજોયું. __________

__________

૨. બિચારાવાંદરાભાઈઠંડીથીકેવાછે! __________

__________

૩. ઉનાળામાંગરમીલાગશેનેચોમાસામાંયબચીશકાશે. __________

__________

૪. ખટખટએયતારેનથીબનાવવું? __________

__________

૫. વાંદરાઓએનબનાવ્યુંતેજબનાવ્યું. __________

__________

- **ચાલો ગાઈએ ગીતડું :** ઉંદર રે' છે દરમાં...

## ૯ ખાલીજગ્યા પૂરો અને મોટેથી વાંચો :

૧. માણસોને તાપતાં જોઈ ખટખટને __________ લાગી. (નવાઈ, નવરાશ)

૨. માણસો __________ થી તાપતા હતા અને વાંદરાઓએ તાપણું કરવા __________ ભેગાં કર્યાં. (લાલ મરચાં, લાલ અંગારા, લાલ લાકડાં)

૩. ખટખટે હૂપાહૂપ કરી પોતાના __________ ને બોલાવ્યા. (મિત્રો, વાંદરાઓ)

૪. ઉનાળામાં ખટખટને ખૂબ ______ થતો. (રેબઝેબ, પરસેવો)

૫. આખરે થાકીને સુઘરીએ વાંદરાઓની ______ કરવાની છોડી દીધી. (કદર, ફિકર)

## ૧૦ 'બ'માંથી સરખા અર્થવાળું વાક્ય શોધી તેનો ક્રમ ☐માં લખો :

| અ | | બ |
|---|---|---|
| ૧. બધા ધ્રૂજતા ધ્રૂજતા બોલતા હતા. | ☐ | ક. આકાશમાંથી ખૂબ પાણી વરસ્યું. |
| ૨. અચાનક વરસાદ તૂટી પડ્યો. | ☐ | ખ. તેમણે ઊંચો મિનાર જેવો આકાર કર્યો. |
| ૩. આકાશમાંથી આગ વરસી રહી છે. | ☐ | ગ. તેઓ ઠંડીથી થથરતા થથરતા વાતો કરતા હતા. |
| ૪. બારેમાસ એક ઝાડથી બીજા ઝાડ પર ફરે. | ☐ | ઘ. ખૂબ તાપ લાગે છે. |
| ૫. વાંદરાઓએ પૂંછડીઓનો મિનારો બનાવ્યો. | ☐ | ચ. આખું વર્ષ તેઓ ફર્યા કરે. |

## ૧૧ અભિનય :

**જૂથમાં ચર્ચા કરો. આ વાર્તાને પ્રાર્થનાસભામાં ભજવો.**

વિદ્યાર્થીઓને જૂથમાં બેસાડી-જો તેઓ વાંદરા કે સુઘરી બને તો શું કરશે? તેનો અભિનય કેવી રીતે કરશે? ક્યાં કૂદકા મારશે? - જેવા પ્રશ્નો પૂછતા રહો. જરૂર પડે કોને શું બોલવું તેનું માર્ગદર્શન આપો. આ વાર્તા તેઓ શાળાના બધા વિદ્યાર્થીઓ સમક્ષ ભજવી શકે તેવું આયોજન કરો.

## ૧૨ ઋતુ ઓળખો અને લખો :

૧. મારા ઘરમાં મને જરાય ઠંડી ન લાગે. શિયાળો

૨. બધા વાંદરા પાણીથી ભીંજાઈ ગયા. ______

૩. સુઘરી માળામાં ઝૂલતી હતી. ______

૪. વાંદરા પૂંછડી માથે મૂકી બેઠા. ______

૫. વાંદરાઓએ માણસોની નકલ કરી.

૬. ઝાડના છાંયે બેસી વાંદરા એકબીજાને પંખો નાખતા હતા.

૭. આકાશમાંથી વરસે આગ

ડોસી મને પવન નાખ.

૮. સળગાવીને લાકડાં,

તાપણું કરે માંકડાં.

૯. ડાળે ડાળે ફરીએ ને

કૂદીએ ઘરનાં છાપરાં.

૧૦. ગડગડાટ કરતાં વાદળાં,

પાણી આગળ પાછળ.

- **ચાલો, ગાઈએ ગીતડું :** ઉંદર રે' છે દરમાં...

**૧૩ શું હલકું? શું ભારે? કેવી રીતે ખબર પડે? કહો.**

૧. સુઘરીનો માળો કે ઝાડની ડાળી.

૨. લાકડાનું ટેબલ કે પ્લાસ્ટિકની ખુરશી

૩. ગુજરાતીની ચોપડી કે ગણિતની ચોપડી

૪. પેન્સિલ કે રબર

૫. લખોટી કે પ્લાસ્ટિકનો દડો

**૧૪ કોણ છે તે શોધો અને તેના વિશે એક વાક્ય લખો.**

**ઉદા.** ચાર અક્ષરનું એક નામ | | | | |

નામના છેલ્લા બે અક્ષરો છે 'તર' | | | ત | ર |

ત્રીજો અને પહેલા અક્ષરથી બને 'તક' | ક | | ત | ર |

તો એ કોણ હશે? | ક | બૂ | ત | ર |

**વાક્ય :** કબૂતરને ચણતાં જોવાની મજા પડે.

૧. ચાર અક્ષરનું એનું નામ ☐☐☐☐

નામના પહેલા બે અક્ષરો છે 'કરો' ☐☐☐☐

પહેલા અને છેલ્લા અક્ષરથી બને 'કયો' ☐☐☐☐

ત્રીજો અક્ષર તમે ધારશો,

તો મળશે આઠ પગવાળા જંતુનું નામ ☐☐☐☐

**વાક્ય :** ____________________

૨. ચાર અક્ષરનું એનું નામ ☐☐☐☐

તેના ત્રીજા, બીજા અને પહેલા અક્ષરથી બને 'ચરક' ☐☐☐☐

ચોથા અને પહેલા અક્ષરથી બને 'લોક' ☐☐☐☐

તો એ કોણ હશે? ☐☐☐☐

**વાક્ય :** ____________________

૩. ચાર આક્ષરનું છે નામ ☐☐☐☐

પહેલા અને બીજા અક્ષરથી બને 'દર' ☐☐☐☐

પહેલા અને ચોથા અક્ષરથી 'દડો' ☐☐☐☐

પહેલા ત્રણ અક્ષરોથી બને એક કારીગર ☐☐☐☐

તો એ કોણ હશે? ☐☐☐☐

**વાક્ય :** ____________________

૪. પાંચ અક્ષરનું છે નામ. ☐☐☐☐☐

પહેલા બે અક્ષરથી બને 'કાન' ☐☐☐☐☐

ત્રીજો અને પાંચમો અક્ષર ભેગા થઈ બને 'ખરો' ☐☐☐☐☐

ચોથો અક્ષર માથામાં પડે તો ખંજવાળ આવે. ☐☐☐☐☐

તો એ કોણ હશે ? ☐☐☐☐☐☐

**વાક્ય :** ____________________

## ⟨૧૫⟩ જોડીમાં ચર્ચા કરી, શું જુદું છે તે શોધો અને લખો.






| તેજલનું ઘર | વિવેકનું ઘર |
| --- | --- |
| • તેજલના ઘર પાસેનો લીમડો જાડો છે. | • વિવેકના ઘર પાસેનો લીમડો પાતળો છે. |

**કહો :** **તમારા ઘર વિશે શું શું ગમે છે ને કયા કયા ફેરફાર કરવા જેવા છે તેની તમારા દોસ્તો સાથે વાત કરો.**

**લખો :** **તમે તમારું નવું ઘર બનાવો તો કેવું હોય તે લખો.**

(ક્યાં હોય, કેવડું હોય, કેવી વ્યવસ્થા હોય, કેવા રંગનું હોય, શું નામ રાખો.)

**કહો :** **તમારે તમારા મિત્રના નવા ઘરે રહેવાનું હોય તો શી મજા પડે? શી મુશ્કેલી પડે?**

વર્ગના બધા વિદ્યાર્થીઓના નામની ચિઠ્ઠીઓ બનાવો. વિદ્યાર્થીઓ વારાફરતી એક ચિઠ્ઠી ઉપાડશે. તે ચિઠ્ઠીમાં જેનું નામ હોય તેના નવા ઘર વિશે વાંચી ત્યાં રહેવામાં તેને શું મજા પડે કે મુશ્કેલી પડે તે જોડીમાં બેસી એકબીજાને કહેશે.

- **ચાલો, ગાઈએ ગીતડું :** ઉંદર રે' છે દરમાં...

## ૧૬ રીડિંગ ક્રિકેટ

વિદ્યાર્થીઓની બે ટીમ બનાવો. વર્ગની સંખ્યા વધારે હોય તો ૧૦-૧૦ની ત્રણ-ચાર ટીમ બનાવી શકાય. એક ટીમનો એક વિદ્યાર્થી વર્ગ સમક્ષ આવી નીચેનામાંથી એક વાક્ય મોટેથી વાંચશે. તે વખતે તે વાંચવામાં કોઈક ભૂલ કરે તો બીજી ટીમના વિદ્યાર્થીઓ 'આઉટ' એમ અપીલ કરશે. શિક્ષક તરીકે તમે અમ્પાયરની ભૂમિકામાં રહો. દરેક સાચા વાક્યના ૧૦ ગુણ મળે, એક ભૂલ થાય તો ૧ ગુણ કપાય. આ રીતે જે ટીમના સભ્યો વધુ ગુણ મેળવે તે રીડિંગ ક્રિકેટમાં વિજેતા બને.

૧. ગગન જગનના ગામ જા.

૨. ગામેગામ વરસાદ ગાજે.

૩. અજગર અને કેસર વરસાદમાં છબછબ કરે છે.

૪. બેં બેં બેં કરતી રાણી બકરી ઈયળ પાસે જઈને પડી.

૫. ઝાકળદીદી સૂરજભાઈને મળવા હળવે હળવે ઘરે ગઈ.

૬. જૈવિક ઘર ઉપર ચડી ખજૂર ખાતાં ખાતાં ટપાલીને ખીજવે છે.

૭. ફિરદૌસ અને ભૈરવ ધજા લઈ દોડતાં દોડતાં ગયા હતા.

૮. ઢોલકપુરનો બળિયો ભીમ શાક ફોલે અને ઠળિયા કાઢે.

૯. આશિષે સૈનિકને રૂમાલ આપ્યો.

૧૦. અક્ષય અને ઋત્વા શ્રાવણ માસમાં ત્રણ દિવસ પ્રજ્ઞાપુર રહેવા જાય છે.

૧૧. ઉનાળામાં ઉંદરને શેરડી ખાતાં થાક લાગ્યો.

૧૨. હવે મને ગુજરાતીમાં ગસતચ, નવપલ, અજખઝ, ટડહણ અને ડળહત્ર એમ બધું વાંચતાં આવડે છે.

૧૩. અત્તુભાઈ અને મત્તુભાઈ પત્તાં રમતા હતા. ત્યાં દત્તુએ મત્તુભાઈનું ઊંધું પત્તું ચત્તું કરી દીધું.

૧૪. સ્માર્ટ ફોનમાં ગેમ રમવા કરતાં મને તો મેદાનમાં ગિલ્લીદંડા રમવાની વધુ મજા પડે.

(૧૭) ગીત :


## ટીકુબહેન તો વાંચનનાં શોખીન



ટીકુબહેન તો વાંચનનાં શોખીન
વાંચે નાના અક્ષરવાળી ચોપડીઓ રંગીન
ટીકુબહેન તો વાંચનનાં શોખીન
છોટા ભીમ ને સોટીપોઠી.... બધું જ વાંચે ખૂબ
બધી જ વાર્તા દાદી માફક બોલે આબેહૂબ
ટીકુબહેનનું લેશન કરતો વાર્તામાંનો જીન!
ટીકુબહેન તો વાંચનનાં શોખીન
ટીકુબહેનના ઘરમાં તો છે ચોપડીઓના થપ્પા
ટીકુની આજ્ઞાથી સાથે વાંચે મમ્મી-પપ્પા
વાંચતાં-વાંચતાં ઊંઘી જાય ને પહોંચી જાતાં ચીન...!
ટીકુબહેન તો વાંચનનાં શોખીન
એક દિવસ તો અજવાળામાં થયાં ટીકુબહેન ગૂમ
આખા ફળિયે શોધે સૌ કોઈ, ઝાઝી પાડે બૂમ
શાણાં ટીકુબહેન પલંગ નીચે વાંચનમાં તલ્લીન...!
ટીકુબહેન તો વાંચનનાં શોખીન



- હર્ષવી પટેલ



## ૧૮ વાતચીત :

૧. ટીકુબહેનને શું બહુ ગમતું?

૨. તમે શું વાંચો છો?

૩. વાંચવું, લખવું, ગાવું, રમવું - આ ચારમાંથી તમને શું કરવાનું ખૂબ ગમે?

૪. તમે ક્યારે વાંચવા બેસો છો?

૫. તમે ક્યાં વાંચવા બેસો છો?

૬. ટીકુબહેને તેના મમ્મી-પપ્પાને શું કરવાનું કહ્યું?

૭. તમારા ઘરમાં કોણ કોણ વાંચે છે?

૮. તમારા ઘરે કઈ-કઈ ચોપડીઓ છે? કાલે જવાબ આપજો.

૯. બધાં ટીકુબહેનને ક્યાં શોધતા હતા?

૧૦. ટીકુબહેન ક્યાંથી મળ્યાં?

## ૧૯ જોડો અને વાંચો :

| | |
|---|---|
| ૧. ટીકુબહેનને | • ઘણી બધી ચોપડીઓ હતી. |
| ૨. તેનું લેશન | • બૂમો પાડી શોધતા હતા. |
| ૩. તેના ઘરમાં | • સંતાઈને વાંચતાં હતાં. |
| ૪. તે પલંગ નીચે | • વાર્તાનો જીન કરી આપતો. |
| ૫. બધા ટીકુબહેનને | • વાંચવાનું ખૂબ ગમતું. |

## ૨૦ જુઓ, સમજો, લખો :

**ઉદા.** **નખીશો - શોખીન**

૧. ડીપચો - ________

૨. નજી - ________

૩. નશલે - ________

૪. ચેળિફ - ________

૫. નહેબકુટી - ________

૬. ગલંપ -

૭. જ્ઞાઆ -

૮. ળાવાજઅ -

**〈૨૧〉 તમારા મિત્ર સાથે જોડીમાં બેસો. ગીતના બીજા પાંચ શબ્દ ઉલટાવી લખો. હવે તમે અને તમારા મિત્ર એકબીજા સાથે ચોપડી બદલાવી લો. તમારા મિત્રએ ઉલટાવેલ શબ્દો તમે સાચી રીતે લખો અને તમારા ઉલટાવેલા શબ્દો તમારા મિત્રને લખવા કહો.**

૧.

૨.

૩.

૪.

૫.

**〈૨૨〉 મોટેથી ગાઓ :**

જાણે મોટો કારીગર
ગૂંથી ગૂંથી બનાવે ઘર
એવું પક્ષી ક્યું વળી?
ડાળે લટકે જેનું ઘર?

**〈૨૩〉 ચાલો હસીએ :**

દીપુ : હેય ટીકુ, કેવો રહ્યો દિવસ?
ટીકુ : બેકાર યાર. અમારા ટીચરને કશું સાચું ન કહેવાય.
દીપુ : કેમ?
ટીકુ : એમણે પાટિયામાં 'રાષ્ટ્રગીત' લખ્યું ને પૂછ્યું રાષ્ટ્રગીત કોણે લખ્યું?
દીપુ : હં... તો...?
ટીકુ : મેં કહ્યું, "સર તમે..." તો મારી સામે ડોળા કાઢી જોઈ રહ્યા.
દીપુ : હા... હા... હા...

# ૨ પોટલાં ટપકે ટપ્પ

J8Z4Z2

## ચાલો, ગાઈએ ગીતડું :





પેલા પંખીને જોઈ મને થાય
એના જેવી જો પાંખ મળી જાય
તો આભલે ઊડ્યા કરું, બસ ઊડ્યા કરું
ઘડિયાળમાં દસ વાગે
ટન... ટન.... ટન... ટન...
બા મને ખોળવા લાગે :
બચુ ક્યાં? બચુ ક્યાં? બચુ ક્યાં?
હું તો આભલે ઊડ્યા કરું,
ઊંચે ઊંચે ઊડ્યા કરું.
પેલા ડુંગરાની ટોચે
મારી પાંખ જઈ પહોંચે
બા ઢીંગલી જેવાં!
બાપુ ઢીંગલા જેવા!
નાનાં, નાનાં, નાનાં, નાનાં
જોઉં હું તો છાનામાના
આભલે ઊડ્યા કરું.





- પિનાકીન ત્રિવેદી

## વાર્તા વાંચો :

### વાદળાંની ગમ્મત

ગુલાબી ઠંડી હતી. પવન ધીમે ધીમે વાતો હતો. કૂકડો કૂકડેકૂક કરતો હતો. તે વખતે કેટલાંક વાદળાંને આકાશમાં ફરવા નીકળવાનું મન થયું.

એક નાનું વાદળું બોલ્યું : ‘‘આ રાત અહીંથી જાય તો અંધારું મટે. આપણે સારાં સારાં કપડાં પહેરી ફરવા જઈએ ને ગમ્મત કરીએ.’’

એક મોટા વાદળાએ દીવો સળગાવ્યો. બધાં વાદળાંએ કપડાં પહેરવાં માંડ્યાં.

રાતાં, પીળાં, ગુલાબી, જાંબલી-એમ રંગબેરંગી કપડાં પહેરીને વાદળાં ફરવા નીકળ્યાં.

નીચેથી લોકો કહેવા લાગ્યા કે સૂર્યોદય થાય છે.

દીવાની જ્યોત મોટી થઈ એટલે કેટલાંક વાદળાં પીળાં ને ફિક્કાં થઈ જવા લાગ્યાં. એમણે પેલા મોટા વાદળાને આ વિશે ફરિયાદ કરી. મોટા વાદળાએ કહ્યું : બધાં વાદળાં ભેગાં થઈ જાઓ અને દીવાને કહી દો કે એનું એકલાનું અહીં રાજ નથી.

બધાં વાદળાં ભેગાં થઈ જવા માંડ્યાં. ઘણાં વાદળાં ભેગાં થઈને એક મોટા પહાડ જેવા કાળાં વાદળાંની પાછળ જઈને બેઠાં.

નીચેથી લોકો કહેવા લાગ્યા કે આકાશ ઘેરાવા લાગ્યું.

પણ દીવાનું તેજ પૂરું ઢંકાયું નહીં. પેલા મોટા વાદળાએ પવનને મદદે બોલાવ્યો.

પવનને તો એ જ ગમતું હતું. એણે એનું કામ શરૂ કરી દીધું.

નીચેથી લોકો કહેવા લાગ્યાં કે વાવાઝોડું આવ્યું.

હવે વાદળાં પવનની ગાડીમાં બેસી દોડવા લાગ્યાં.

આકાશમાં દોડાદોડી, પડાપડી ને ધમાચકડી થઈ રહી. ધોળાં, પીળાં ને બીજાં નાનાં વાદળાંને મોટા વાદળાએ પોતાની ઓથે લઈ લીધાં. બધે કાળું-કાળું થઈ ગયું. દીવો તો કોણ જાણે ક્યાં ચાલ્યો ગયો!

પોતાની જીતથી વાદળાની આંખો ચમકવા લાગી.

નીચેથી લોકો કહેવા લાગ્યા કે વીજળી ઝબૂકવા માંડી.

એકબીજાની સામે આંખો ચમકાવતાં વાદળાં પેલા દીવાની સામે જોરથી હસવા લાગ્યાં; ખૂબ જોરથી ખડખડાટ હસવા લાગ્યાં નીચેથી લોકો કહેવા લાગ્યા કે આકાશ ગાજવા માંડ્યું. અને આ મોટી જીતના આનંદમાં વાદળાં એટલું હસ્યાં, એટલું હસ્યાં, એટલું હસ્યાં કે એમની આંખોમાંથી આનંદની ધારાઓ વહેવા લાગી. ધરતી પરના લોકો કહેવા લાગ્યા કે, ‘વરસાદ વરસવા માંડ્યો.’

પછી હરીફરી, ગમ્મત કરી, બધાં વાદળાં પોતપોતાને ઘેર ચાલ્યાં ગયાં. ધરતી પરના લોકો કહેવા લાગ્યાં કે ‘‘વરસાદ હવે બંધ થયો.’’

## વાતચીત :

૧. વાદળાંએ એવું શું કર્યું જે તમને સૌથી વધુ ગમ્યું?
૨. વાર્તામાં જે વાક્ય તમને સૌથી વધુ ગમ્યું હોય તેની નીચે લીટી કરો.
૩. તમને વાદળાંનું કયા રંગનું કપડું સૌથી વધુ ગમ્યુ?
૪. તમે વાદળું હો તો તમે શું શું કરો?
૫. સૂર્ય ઊગે ત્યારે આકાશમાં અને ધરતી પર શું શું થાય?
૬. વાદળું ક્યાં વરસે તો તમને સૌથી વધુ ગમે?
૭. તમે વાદળાંનો ગડગડાટ સાંભળો ત્યારે તમને આકાશમાં શું થતું હોય તેવું લાગે છે?
૮. પવન ખૂબ જોરથી ફૂંકાય ત્યારે શું શું ઊડે?

## સાચું હોય તો ✓ કરો. ખોટું હોય તો ✗ કરો.

૧. કેટલાંક વાદળાંને ધરતી પર ફરવા જવાનું મન થયું. ☐
૨. વાદળાં રંગબેરંગી કપડાં પહેરીને ફરવા નીકળ્યાં. ☐
૩. વાદળાં એક પહાડની પાછળ જઈને બેઠાં. ☐
૪. મોટા વાદળે નાનાં વાદળાંને પોતાની ઓથે લઈ લીધાં. ☐
૫. વાદળાં બડબડાટ હસવા લાગ્યાં. ☐

## એક જ શબ્દમાં ઉત્તર લખો.

૧. વાદળાં ભેગાં થઈને કોની પાછળ જઈને બેઠાં? ____
૨. વાદળાં કોની ગાડીમાં બેસીને દોડવા લાગ્યાં? ____
૩. વાદળાંએ દીવો સળગાવ્યો ત્યારે નીચેથી લોકો શું થયું એમ કહેવા લાગ્યા? ____
૪. ધરતી પરના લોકોએ વીજળી ઝબૂકે છે એમ કહ્યું ત્યારે વાદળાં શું કરતાં હતાં? ____
૫. પવને પોતાનું કામ શરૂ કર્યું તેથી ધરતી પર શું આવ્યું? ____

## નીચેનાંમાંથી સાચા અર્થવાળા વાક્ય સામે ✓ કરો.

૧. **ગુલાબી ઠંડી હતી.**

- [ ] ગુલાબી રંગની ચાદર ઓઢીને ઠંડી આવી હતી.
- [ ] મઝા પડે એવી ઠંડી હતી.
- [ ] ખૂબ વધારે ઠંડી હતી.

૨. **સૂર્યોદય થયો.**

- [ ] સૂર્યને લોકોની દયા આવતી હશે.
- [ ] સૂર્ય ઊગ્યો હશે.
- [ ] સૂર્ય અને ઉદયનો ઝઘડો થયો હશે.

૩. **વાદળાં પવનની ગાડીમાં બેસી દોડવા લાગ્યાં.**

- [ ] પવનના ધક્કાથી વાદળ ઝડપથી ખસતાં હતાં.
- [ ] વાદળાં દોડતાં હતાં.
- [ ] પવનની ગાડી ખૂબ જ ઝડપથી ચાલતી હતી.

## વાક્યોને વાર્તા પ્રમાણે ગોઠવવા ક્રમ આપો.

[૭] વરસાદ વરસવા માંડ્યો.

[ ] બધાં વાદળાંએ કપડાં પહેર્યાં.

[ ] વાદળાં ખૂબ મોટા કાળા વાદળાની પાછળ ભેગાં થઈ ગયાં.

[ ] વાદળાંની આંખો ચમકવા લાગી.

[૧] કૂકડો કૂકડેકૂક કરતો હતો.

[ ] વાદળાં આકાશમાં દોડવા લાગ્યાં.

[ ] સવાર થઈ.

**આવું થાય ત્યારે તમને શું થાય એનો ક્રમ ☐ માં લખો.**

(૧. વાવાઝોડું આવ્યું હોય એવું લાગે, ૨. વરસાદ આવ્યો એવું લાગે, ૩. સૂર્યોદય થયો એવું લાગે, ૪. વીજળી થાય એવું લાગે.)

૧. વાદળાંના હાથીએ સૂંઢથી મોટા ફૂંફાડા કર્યા. ☐

૨. આકાશમાં મોટી ટ્યૂબલાઈટ ચાલુ થઈ. ☐

૩. ગુસ્સે થઈ વાદળાં ઝઘડ્યાં. ☐

૪. વાદળાઓએ દીવાળી ઊજવી. ☐

૫. આખી ધરતી પર ફેલાય એવડો ફુવારો છોડ્યો. ☐

૬. એક વિશાળ કાર્યની આગિયાંઓએ બરણીમાં મીટિંગ કરી. ☐

૭. ઉપર કોઈએ મોટો નળ ચાલુ કર્યો. ☐

૮. આકાશની પરીઓએ વાળ ધોયા. ☐

- **ચાલો, ગાઈએ ગીતડું :** પેલા પંખીને જોઈ મને થાય....

**રીડિંગ ક્રિકેટની રીતે 'વાદળાંની ગમ્મત' વાંચો.**

**મોટેથી વાચો :**

નાનકડો મેહુલ વરસાદ સાથે વાતો કરે છે : 'વરસાદભાઈ, ઓ વરસાદભાઈ! થોડીવાર રમવાનું અટકાવીને મારી વાત સાંભળો ને! કેમ છો તમે? આ બધા કહે છે કે વરસાદ પડે છે. તે હેં! તમને વાગતું નથી? હું પડું તો તો ખૂબ વાગે! તમે જમીન પર પડો છો ત્યારે સરસ અવાજ આવે છે. તમે તો જાતજાતના અવાજ કાઢી શકો છો. નળિયાં પર પડો ત્યારે જુદો અવાજ પતરાં પર પડો ત્યારે ખનખન જેવો, જાણે ઝાંઝરનો અવાજ અને પાણીમાં પડો ત્યારે તો ટપ ટપ ટપ... તમને બારીના સળિયા પર ને ઝાડનાં પાંદડાં પર ઝૂલતાં મેં જોયા છે. સૂરજદાદાનું અજવાળું તમારા પર પડે ત્યારે તો તમે મસ્ત સ્મિત કરો છો. અચ્છા! પણ એ તો કહો તમે ક્યાંથી આવો છો? તમે મને ત્યાં લઈ જશો?

બાળકોને 'વાક્ય' કોને કહેવાય તેની સરળ સમજ આપવી.

આ ફકરામાંથી તમને ગમતાં બે વાક્યોનું અનુલેખન કરો.

જે વાક્ય હોય તેની પાછળ પૂર્ણવિરામ મૂકો અને ☐ માં 'છે' લખો; વાક્ય ન હોય તેની પાછળ ☐ માં 'નથી' લખો.

ઉદા. અમને વાર્તા સાંભળવાની મજા પડી. [છે]

૧. અમે રોજ સાંજે બાગમાં ફરવા ☐

૨. ઉનાળામાં તો અમને ખૂબ જ ગરમી ☐

૩. બધાં વાદળાં પાણી ભરીને આવ્યાં ☐

૪. મારે ઍરોપ્લેનમાં બેસી દિલ્લી જવું છે ☐

૫. દિલ્લી પહોંચી હું કુતુબમિનાર જોવા ☐

## ગીત :

રિમઝિમ રિમઝિમ વરસી ફોરાં,
ધરતી પર તો આવ્યાં છે.
કોણે આ ફોરાંના પગમાં,
ઝાંઝરિયાં પહેરાવ્યાં છે!
થાય મને કે દોડી દોડી,
આંગણમાં જઈ આવું હું.
સાવ ટબૂકલાં એ ફોરાંને,
ખોબામાં લઈ આવું હું,
કોણ દેશથી આવે ફોરાં?
કોણ દેશ એ જાશે જી
ઝળહળ ઝળહળ સૂરજ-તેજે
મરક મરક મરકાશે જી.
કોણ તને મોકલતું ફોરાં?
કોણ તને બોલાવે છે?
અલકમલકથી આવી પાછું
અલકમલક તું જાવે છે!

- કાન્તિ કડિયા



## મોટેથી વાંચો :

**૧. ફોરાં -**

(૧) થોડાંક ફોરાં પડ્યાં અને છોકરાં નહાવા દોડી ગયાં.

(૨) નાનકડો કીકુ ખુશ થઈ ગયો કારણ કે એની નાનકડી હથેળીમાં એણે આછા વરસાદનાં ફોરાં ઝીલ્યાં.

**૨. ટબૂકલાં -**

(૧) ટબૂકલાં છોકરાંઓ વરસાદમાં દોડાદોડી કરતાં હતાં.

(૨) છ મહિનાનો બકુડો બધાંને એટલો વહાલો લાગતો કે એ ટબૂકલા છોકરાને સૌ રમાડતાં રહેતાં.

## વાતચીત :

૧. આ ગીતની કઈ બે પંક્તિ તમને ખૂબ ગમી?

૨. વરસાદ સાથે વાત કરવાની હોય તો તમે તેને શું કહો?

૩. વરસાદ આવે ત્યારે તમે શું શું કરો છો?

૪. જો વરસાદનાં ટીપાં તમને પોતાની પીઠ પર બેસાડીને ક્યાંક લઈ જવાનું કહે તો તમે ક્યાં જવાનું પસંદ કરશો?

૫. વરસાદ પડે ત્યારે કેવો કેવો અવાજ આવે છે?

## સાચાં વાક્યોની સામે  દોરો અને ખોટાં વાક્યોની સામે  દોરો.

૧. વરસાદનાં ટીપાં વરસતાં વરસતાં આવ્યાં છે. ☐

૨. વરસાદનાં ફોરાં નાનાં-નાનાં છે. ☐

૩. નાનાં નાનાં ટીપાં ઝળહળ ઝળહળ કરતાં આવે છે. ☐

૪. ટીપાં દોડી-દોડીને આવે છે. ☐

૫. વરસાદનાં ફોરાં હસતાં હસતાં આવે છે. ☐

## મોટેથી ગાઓ :

પંક્તિઓનું ઝીલગાન કરાવો.

થાય મને કે દોડી દોડી
આંગણમાં જઈ આવું હું
સાવ ટબૂકલાં એ ફોરાંને,
ખોબામાં લઈ આવું હું.

## અભિનય કરો.

વિદ્યાર્થીઓને અત્યારે વરસાદ પડી રહ્યો છે એવું ધારવા કહો. ત્યારબાદ વર્ગખંડની બહાર જઈ પોતપોતાના ખોબામાં વરસાદના ફોરાંને ઝીલીને લઈ આવતા હોય તેવો અભિનય કરવા કહો.

- સૂરજનો તડકો ન હોય અને વાદળાં હોય ત્યારે વરસાદ પડે છે એ તમને કેવો દેખાય છે?
- વાદળાં હોય - સૂર્ય વાદળાંની પાછળ ઢંકાઈ ગયો હોય અને આછો - આછો તડકો આવતો હોય ત્યારે ફોરાં પડે એ તમને કેવાં દેખાય છે?

બંનેમાંથી ક્યારે ફોરાં હસે છે એવું લાગે છે? તો હવે તમે પણ ફોરાં જેવું હસોને!

## સરખા અક્ષરો વારંવાર આવે એવા શબ્દો કવિતામાંથી શોધીને લખો. આવા અન્ય શબ્દો પણ જાણીને લખો અને મોટેથી બોલો.

| | | |
|---|---|---|
| અલકમલક | | |
| | | |
| | | |

## સાથે બોલીએ.

- ઝાંઝરિયાં
- રિમઝિમ રિમઝિમ
- અલકમલક
- ઝળહળ ઝળહળ
- મરકમરક

ઝડપથી, ધીમેથી અને મોટેથી આ શબ્દો વારંવાર બોલાવવા.

● **ગૃહકાર્ય**

તમને આ કવિતાનો જે ટુકડો ગાવાની સૌથી વધુ મજા આવી હોય એ તમારા ઘરના સભ્યોને સંભળાવજો.

**એક હોય ત્યાં એક અને એકથી વધુ હોય ત્યાં વધુ લખવું.**

૧. મેં તળાવમાં ચાર બતક જોયાં. ☐

૨. વાંદરાને કેળાં ભાવે છે. ☐

૩. પાણીમાં બતક તરતું હતું. ☐

૪. ઝાડ પર વાંદરો બેઠો છે. ☐

૫. ગામમાં ઘણાં ઢોર હોય છે. ☐

## ૧૮ જુઓ, વાંચો, સરખાવો.

૧. એક કાગડો બેઠો છે. ચાર કાગડા ઊડે છે.




ઉદા. એક — કાગડો

એક કરતાં વધુ — કાગડા



૨. આ ટોપલીમાં એક ઈંડું છે. માળામાં ત્રણ ઈંડાં છે.






૩. છોકરીના હાથમાં ભમરડો છે. દુકાનમાં ભમરડા છે.





૪. એક ફુગ્ગો ઊડી ગયો. બે ફુગ્ગા રહી ગયા.





## સાચા વાક્યની સામે ✓ ની નિશાની કરો.




અહીં બે માટલું છે. ☐

અહીં બે માટલાં છે. ☐



ત્યાં ત્રણ ચકલીઓ છે. ☐

ત્યાં ત્રણ ચકલી છે. ☐



ચાર વાંદરા છે. ☐

ચાર વાંદરું છે. ☐

મારા પપ્પાએ મને મારું ગમતું પુસ્તકો ભેટમાં આપ્યું. ☐

મારા પપ્પાએ મને મારું ગમતું પુસ્તક ભેટમાં આપ્યું. ☐

મેં તળાવમાં બતક જોયાં. ☐

મેં તળાવમાં બતક જોયું. ☐

## ⬡ વાર્તા વાંચો :

સૃજન અને પ્રદ્યોત બે પાક્કા ભાઈબંધ. જ્યારે પણ ભેગા થાય, કંઈક અવનવું કરે, આજે એમણે વાર્તા બનાવવાનું વિચાર્યું. વાર્તાનું એક વાક્ય સૃજન બોલે ને એના પછીનું પ્રદ્યોત બોલે. બંને વાક્ય જોડવાની એવી રમત રમ્યા કે જેથી વાર્તા બને.

પહેલો વારો સૃજનનો આવ્યો.

સૃજન : એક મોટી નદી હતી.

પ્રદ્યોત : એ નદીના કિનારે ઘણાં વૃક્ષો હતાં. એક વિશાળ વડલો પણ હતો.

સૃજન : વડની તો વડવાઈઓ હોય ને! એના હીંચકા ખાવાની મજા પડે.

પ્રદ્યોત : અને એ વડના ઝાડ પર પક્ષીઓના માળા હતા. એક માળો એવો હતો જેમાં એક

કાબર રહેતી હતી.

સૃજન : આ કાબર કલબલ કરીને આજુબાજુનાં ઝાડ પરથી અન્ય કાબરોને બોલાવે.



પ્રદ્યોત : વડલાની નીચેના દરમાં એક વાતોડિયણ કીડી રહેતી હતી. તેની બાજુના દરમાં મકોડો રહેતો હતો.

સૃજન : એ કીડી અને મંકોડો દરમાંથી બહાર નીકળીને કાબરબહેન સાથે વાતો કરે.

પ્રદ્યોત : કાબર આકાશની વાતો કરે ને કીડી-મંકોડો દરની વાતો કરે.

સૃજન : એક વખત બન્યું એવું કે ચોમાસામાં ખૂબ વરસાદ પડ્યો. આ નદીમાં તો પૂર આવ્યું.

પ્રદ્યોત : એટલું બધું પૂર આવ્યું કે, એ બંનેના દરમાં પાણી ઘૂસી ગયું.

સૃજન : કાબરો કલબલાટ કરવા માંડી, નદીઓ છલકાવા લાગી... એવામાં ત્યાં સર... સર... સર... તરતો મગર આવ્યો... એણે કહ્યું ફિકર ના કરો. ચાલો બધાં મારી પીઠ પર બેસી જાઓ. આપણે કોઈ ઊંચા પહાડ પર જતાં રહીએ.

પ્રદ્યોત : પછી તો કીડી-મંકોડાએ અન્ય કીડીઓ અને મંકોડાઓને બોલાવ્યા.

સૃજન : એટલું જ નહીં કાનખજૂરા ને વીંછીઓ પણ આવ્યાં.

પ્રદ્યોત : બધાં મગરની પીઠ પર બેસી ગયાં. ગામનાં લોકો તો આ કૌતુક જુએ ને અચરજ પામે! આવું દૃશ્ય આજ પહેલાં એમણે ક્યારેય જોયું ન હતું.

સૃજન : અને મગરની પીઠ પર સવારી કરનાર જીવજંતુઓને તો જે મઝા પડી છે જે મઝા પડી છે કે ના પૂછો વાત!

બાળકોને પૂછો કે આ બધાં પ્રાણીઓ ફરતાં ફરતાં શું જોતાં હશે, માણસો શું કહેતાં હશે. આગળ કલ્પના કરવા બાળકોને પ્રોત્સાહિત કરો. હવે બાળકોને જૂથમાં બેસાડો. વાર્તા આગળ વધારવા કહો. દરેક જૂથમાંથી એક એક વિદ્યાર્થીને પોતાના જૂથમાં બનાવેલી વાર્તા વર્ગ સમક્ષ રજૂ કરવા કહો. દરેક જૂથની વાર્તાનાં સારાં પાસાં લઈ સમગ્ર વર્ગની એક વાર્તા બનાવડાવો. આ રીતે અન્ય વાર્તાઓનું સર્જન કરાવો.

**વાર્તામાં લીટી કરેલ શબ્દો જો એક કરતાં વધુ માટે હોય તો તેની નીચે બીજી લીટી દોરો. આ શબ્દો નીચે લખો.**

| ઉદા. એક | એક કરતાં વધુ | એક | એક કરતાં વધુ |
|---|---|---|---|
| વાક્ય | વાક્યો | | |
| | | | |
| | | | |

- ચાલો, ગાઈએ ગીતડું : પેલા પંખીને જોઈ મને થાય...

⬡ લખો.



ધ ધ ધ ધ ધ ધ ધ ધ ધ



સ સૂ સૂ સૂ સૂ

સૂ સૂ સૂ સૂ સૂ સૂ સૂ સૂ સૂ



દ દ દ દ દ દ દ દ દ

## આ વાર્તામાંથી જે શબ્દમાં દ્ય, દ્દ અને સૃ આવતો હોય એ શોધો અને નીચે લખો.

## આ શબ્દો વાંચો અને લખો.

| | | |
|---|---|---|
| વિદ્યા | ઉદ્ધત | સૃજન |
| સૃષ્ટિ | વિદ્યાર્થી | સૃષ્ટિકર્તા |
| દૃષ્ટિ | વિદ્યુત | દૃષ્ટિક્ષેત્ર |
| દૃશ્ય | દૃઢતા | દૃષ્ટિહીન |
| ઉદ્યમ | દૃષ્ટાંત | સૃષ્ટિવિજ્ઞાન |

## હસો :

- રીંકુએ ઉતાવળમાં એક બૂટ ઊંધો પહેર્યો એટલે બૂટની ટૉચ અવળી દિશામાં થઈ. રીંકુએ ગભરાઈને બૂમ પાડી : 'મમ્મી, મારા પગ આડાઅવળા થઈ ગયા છે!'
- ''બેટા મોહન, તું પાછો ગંદા પગ લઈને પથારીમાં પડ્યો?''

  ''બા, હું બીજા પગ ક્યાંથી લાવું?''

૩

# હું પતંગિયું મારા પિલ્લુનું

M6K1V5

## ચાલો, ગાઈએ ગીતડું :



પતંગિયાને
આંગળી અડાડશો ના ભાઈ!
પતંગિયાને આંગળી અડાડશો ના ભાઈ!

નર્યું નાજુક છે એ નાનું,
મીઠડું મીઠડું અને મજાનું
અડવા જશો ના લલચાઈ! પતંગિયાને...

ભલી ભોળી છે શી આંખ!
રંગ રંગ રૂપાળી પાંખ!
રૂડા રંગોની છાંટ કેવી છવાઈ! પતંગિયાને...



ફૂલોથી ફૂલે ફરી ફરીને,
બેઠું જો ને, જરા ઠરીને.
જોયા કરો ધરાઈ ધરાઈ! પતંગિયાને...

- પૂજાલાલ

## દોરો, રંગ પૂરો :






વાર્તા વાંચો :

## પ્યારા પિલ્લુ

બપોરે વરસાદનું એક ઝાપટું પડી ગયું. તે પછી સરસ તડકો નીકળ્યો હતો. દ્વિજ અને ઈવા તેમના ઘર આગળ રમતાં હતાં. ત્યાં ઘણાં બધાં પતંગિયાં હતાં. તેમાં મોટ્ટી, પીળી પાંખોવાળું પતંગિયું ઈવાને ખૂબ ગમી ગયું. દ્વિજ અને ઈવા તે પતંગિયાનો પીછો કરવા લાગ્યાં. તે પતંગિયું ઊડતું ઊડતું મીઠા લીમડા પર જઈને બેઠું. લીમડા પર તો પતંગિયાંનો મેળો જામેલો. દ્વિજ અને ઈવા હળવેથી લીમડા પાસે ગયાં. પેલા પીળા પતંગિયાની સાથે બીજાં કેટલાંક પતંગિયાં પણ ઊડી ગયાં. ''અરેરેરે!'' ઈવા ઉદાસ થઈ ગઈ. દ્વિજ કહે, ''જો! જો! આ પાંદડા પર શું છે ?'' પાંદડા પર નાનાં નાનાં પીળાં ટપકાં જેવું કશુંક હતું. ઈવાએ ધ્યાનથી જોઈને કહ્યું, ''આ તો ઈંડાં લાગે છે.'' તેઓ જોવા માટે વધારે નજીક ગયાં. તેમાં તે પાંદડાવાળી ડાળખીને ધક્કો લાગ્યો. બંને ભાઈ-બહેન થોડા ગભરાયા. તેમને ચિંતા થઈ કે ક્યાંક પેલાં ઈંડાં પડી જશે. પણ,



એવું ન થયું, ઈંડાં તો પાંદડાને બરાબર ચોંટી રહેલાં. દ્વિજ અને ઈવાને હાશ થઈ. ઈવાએ મમ્મીને કહ્યું કે હવે થોડા દિવસ લીમડો તોડતી વખતે ધ્યાન રાખવું.

બીજી સવારે ઊઠતાંવેંત બંને મીઠા લીમડા પાસે પહોંચ્યા. પણ ત્યાં તો ઈંડાં નહોતાં! પીળાં ઈંડાંને બદલે ત્યાં હતી લીલી લીલી, ઝીણી ઝીણી ઈયળો! જુદાં-જુદાં પાન પર ભાંખોડિયા ભરતી ઈયળો. તે ડાળખીનાં કેટલાંય પાંદડાં પર નાનાં નાનાં કાણાં હતાં. એક પાંદડા પર એક જ ઈયળ હતી. ઈવાએ કાળજીથી તે પાંદડું તોડ્યું અને હથેળીમાં લીધું. પછી તે પાંદડાને એક ખોખામાં મૂક્યું. મીઠા લીમડાનાં કૂણાં પાંદડા દ્વિજ સાચવીને તોડી લાવ્યો અને તેને સંભાળીને ખોખામાં મૂક્યાં. ઈવા કહે, ''હવે ખા, તું તારે ખાવું હોય એટલું!'' તેઓએ ખોખાને ઘરમાં લાવી સલામત જગ્યાએ મૂક્યું.

બીજી સવારે દ્વિજ અને ઈવાએ ખોખામાં જોયું. પહેલી નજરે તો લીલાં પાંદડાં વચ્ચે કોઈ લીલી ઈયળ દેખાઈ જ નહીં. બંનેએ ધારી ધારીને જોયું, હળવેથી પાંદડાં ઊંચાં-નીચાં કર્યાં. ત્યાં એ બહેન દેખાયા! એક પાંદડાની નીચે. ઝીણકડું મોઢું, ઝીણા ઝીણા પગ અને સતત સરકતું શરીર. તોપણ, તે કેટલાં બધાં પાંદડાં ખાઈ ગયેલી!

દ્વિજ કહે, ''આપણે આ દોસ્તનું નામ પાડીએ.''

ઈવા કહે, ''ચોક્કસ! હં....! શું નામ પાડીશું?''

દ્વિજ કહે, ''પિલ્લુ! પ્યારા પિલ્લુ!''

ઈવા કહે, ''સરસ નામ છે પિલ્લુ!''

રોજ સવારે દ્વિજ અને ઈવા ખોખામાંના પિલ્લુની ભાળ લેતાં. તેઓ ખોખાને સાફ કરતાં અને નવાં પાંદડાં ઉમેરતાં. રાત પડ્યે વધુ એકવાર તપાસ કરીને જ સૂવા જતાં. અઠવાડિયા પછી દ્વિજે કંઈક જુદું જોયું. તેણે ઈવાને પૂછ્યું. ''દીદી, આ શું છે ?'' ઈવાએ ધ્યાનથી જોઈને કહ્યું, ''આ તો આપણો પિલ્લુ જ છે. હવે તેણે નવાં કપડાં પહેરી લીધાં છે. તેને કોશેટો કહેવાય. જો ને! કેવો પહેલવાન થઈ ગયો છે પિલ્લુ!''

દ્વિજ કહે, ''સાચી વાત! ખાઈખાઈને તગડો થઈ ગયો છે!''

બંને ભાઈ-બહેનને આ તગડો પિલ્લુ વહાલો થઈ પડેલો. સવાર-સાંજ અને નિશાળે જતાં-આવતાં તેઓ પિલ્લુની ખબર લેતાં.

એક સાંજે નિશાળેથી આવીને તેમણે ખોખામાં જોયું, તો પિલ્લુભાઈ શાંત જણાયા, કોશેટાનો રંગ ગાઢો થઈ ગયેલો અને તે ચૂપચાપ પડી રહેલો. દ્વિજ સાચવીને તેને અડ્યો. કોશેટો એકદમ કઠણ હતો.

જોયું કે કોશેટો જરાજરા હલતો હતો. ''દ્વિજ, ધ્યાનથી જોજે!'' એમ કહી ઈવા ખોખાને બગીચામાં લઈ આવી. થોડીવારમાં કોશેટો તૂટ્યો અને તેમાંથી જીવડું બહાર આવ્યું. એ જીવડાને તો પાંખો હતી. પણ, તેની પાંખો ચોંટેલી હતી.



દ્વિજને ચિંતા થઈ. તેણે ઈવાને પૂછ્યું, ''દીદી, પિલ્લુને કંઈ થઈ તો નથી ગયું ને! તે સૂતો છે ને!''

ઈવા કહે, ''ચિંતા ના કર! એ તો મોટો થઈ રહ્યો છે. બસ, થોડા દિવસ રાહ જો! પછી જોજે જાદુ!'' તે પછીના રવિવારે બપોરે તેમણે પિલ્લુની ખબર કાઢવા ખોખું ખોલ્યું, ત્યારે હળવે હળવે, ધીમે ધીમે, તેણે પોતાની પાંખો ખોલી. દ્વિજ અને ઈવાનાં મોં ખુલ્લાં રહી ગયાં. તેમનું વહાલું પિલ્લુ તો સુંદર મજાનું પતંગિયું બની ગયેલું. પિલ્લુએ પોતાની પાંખો બે-ત્રણ વાર ફફડાવી અને પછી... ઊડી ગયું.

દ્વિજ અને ઈવાએ પિલ્લુને કહ્યું, ''આવજે''.

## વાતચીત :

૧. વાર્તામાં શું બન્યું ત્યારે તમને સૌથી વધુ મજા આવી?

૨. તમને પિલ્લુની ચિંતા ક્યારે થઈ?

૩. દ્વિજ-ઈવા ઈંડાંવાળું પાંદડું ઘરમાં લાવ્યાં ત્યારે તેમનાં મમ્મી-પપ્પાએ તેમને શું કહ્યું હશે?

૪. તમારે ઈયળને સાચવવાનું થાય, તો તમે તમારા ઘરમાં ખોખું ક્યાં મૂકો? કેમ?

૫. ચાલી બતાવો : (૧) ઈયળની જેમ (૨) સાપની જેમ (૩) અળસિયાની જેમ

૬. પગ ગણો : કીડી ______ મંકોડો ______ વંદો ______ પતંગિયું ______ કાનખજૂરો ______

તમારા નાક અને મોં આગળ રૂમાલ રાખો. આપેલું વાક્ય ખરું હોય તો ખાંસી ખાવ, ખોટું હોય તો છીંક ખાવ.

૧. પતંગિયાનાં ઈંડાં લખોટી જેવડાં હતાં.

૨. મીઠા લીમડા પર ઘણાં બધાં પતંગિયાં હતાં.

૩. પાંદડાં ખાઈને ઈયળ પહેલવાન બની ગયેલી.

૪. દ્વિજે કોશેટાને દબાવીને તપાસ્યો.

૫. કોશેટામાંથી પતંગિયું બહાર આવ્યું.

## વાંચો, શોધો, વિચારો, લખો :

- **ત્યારે તમને શું થાય? કૌંસમાંથી વિકલ્પ પસંદ કરી ખાલીજગ્યામાં લખો.**

(કેટલું સુંદર!, ચિંતા થાય, ઉદાસ થવાય, કેવું જોરદાર!, ગભરાઈ જવાય)

૧. પંખો ચાલુ હોય અને કબૂતર ઓરડામાં આવી જાય ______

૨. વાંદરાઓનું ટોળું અચાનક આવી જાય ત્યારે ______

૩. તમે માળો લટકાવો પણ ચકલી રહેવા ન આવે ત્યારે ______

૪. અંધારી રાતે આકાશમાં તારા જોઈએ ત્યારે ______

૫. જુદા-જુદા રંગનાં ફૂલ ખીલેલાં જોઈને ______

- **પ્રશ્નોના જવાબ લખો.**

૧. લીમડાનાં પાન પર કાણાં કેમ હતાં?

૨. ઈવા કેમ ઉદાસ થઈ ગઈ?

૩. ધક્કો લાગવા છતાં પાંદડાં પરથી ઈંડાં પડી કેમ ના ગયાં?

૪. દ્વિજ અને ઈવા ક્યારે ક્યારે પિલ્લુની સંભાળ લેતાં?

૫. દ્વિજ અને ઈવા ફાટી આંખે શું જોઈ રહ્યાં?

- **આપેલાં વાક્ય પરથી પ્રશ્નોના જવાબ લખો.**

**(અ) બીજી સવારે ઊઠતાંવેંત બન્ને મીઠા લીમડા પાસે પહોંચ્યા.**

- બન્ને એટલે કેટલા વ્યક્તિ?
- મીઠા લીમડા પાસે કોણ પહોંચ્યું?
- આ લીમડાનાં પાનનો સ્વાદ કેવો હશે?
- ભાઈ-બહેન લીમડા પાસે ક્યારે પહોંચ્યાં?

| **નામ** | **સ્થળ** | **સમય** |
| --- | --- | --- |
| ૧. | ૧. | ૧. |
| ૨. | ૨. | ૨. |

**(બ) તે પાંદડાવાળી ડાળખીને ધક્કો લાગ્યો એટલે બંને જણને ચિંતા થઈ કે ઈંડાં પડી જશે.**

- બંને જણ એટલે કોણ-કોણ?
- ઈંડાં ક્યાં હતાં?

- બંને કઈ વાતે ગભરાયાં? ______
- ઈંડાંની ચિંતા કોને થઈ? ______

**ઈયળ, કોશેટા અને પતંગિયા વિશે પાઠમાં આવતાં બે વાક્યો શોધી અહીં લખો.**

**ઈયળ :** ______

______

**કોશેટો :** ______

______


**પતંગિયું :** ______

______

**યોગ્ય રીતે જોડકાં જોડો.**

| (અ) | (બ) |
| --- | --- |
| ઈંડાં | |
| ઈયળ | |
| કોશેટો | |
| પતંગિયું | |

**પતંગિયું કેવી રીતે બને?**



## વાર્તા પ્રમાણે વાક્યો નો ક્રમ ગોઠવો.

- [ ] દ્વિજે ઈયળનું નામ પાડ્યું.
- [ ] કોશેટો ચૂપચાપ, કડક થઈને પડી રહેલો.
- [ ] લીલાં પાંદડાં પર પીળાં ઈંડાં હતાં.
- [ ] પિલ્લુ ઊડી ગયું.
- [ ] પાંદડાં ખાઈખાઈને પિલ્લુ જાડોપાડો થઈ ગયેલો.

## રીડિંગ ક્રિકેટની રીતે 'પ્યારા પિલ્લુ' વાંચો.

- **ચાલો, ગાઈએ ગીતડું :** પતંગિયાને આંગળી અડાડશો ના ભાઈ...

## ગીત :



### અમે

અમે વનવનનાં પાન થઈ ફરકી રહ્યાં.
અમે પંખીનાં ગાન થઈ મરકી રહ્યાં.
અમે દરિયામાં વ્હાણ થઈ મ્હાલી રહ્યાં.
અમે ઊડતા પતંગિયાને ઝાલી રહ્યાં.
અમે દરિયો થઈ આભને પંપાળી રહ્યાં.
અમે તારલા ઉગાડનાર માળી થયાં.
અમે વાદળ થઈ ધોધમાર વરસી રહ્યાં.
અમે ધિંગા તોફાન માટે તરસી રહ્યાં.
અમે રજાઓના તંબુને ડેરાં કર્યાં.
અમે શંખલા ને છીપલાંઓ ભેગાં કર્યાં.
અમે પહાડ અને ટેકરીઓ ઘૂમી રહ્યાં.
આ ફૂલો અમારી જેમ ઝૂમી રહ્યાં.

– સુરેશ દલાલ

## વાતચીત :

૧. આમાં બાળકો શું શું થાય છે?

૨. આમાંથી શું થવાનું તમને સૌથી વધુ ગમે?

૩. આમાંથી શું કરવાનું તમને સૌથી વધુ ગમે?

## જૂથમાં બેસો અને કહો :

તમે નદીએ/દરિયા કિનારે/કોતરોમાં/રણમાં/ખેતરે/વાડીએ ગયા છો? ત્યાં તમે શું જોયું? ત્યાં જઈ તમે શું કર્યું? તમને શાની મજા આવી હતી?

## વાંચો, શોધો, વિચારો, લખો :

**(૧) ગીતમાં આવું કોને થાય છે?**

૧. ગીત ગાવાની અમને મજા પડી.

૨. પછી અમારું વજન ઓછું થઈ ગયું.

૩. અમે નાના મોટા તારા ઉછેર્યા.

૪. પવન આવતાં અમે નાચવા લાગ્યા.

૫. અમે ખિસ્સામાં શંખ અને છીપ ભર્યાં.

**(૨) સરખા ઉચ્ચારવાળા શબ્દોની જોડ લખો.**

૧. ફરકી – મરકી

૨.

૩.

૪.

૫.

૬.

## ખાલીજગ્યામાં તમને બરાબર લાગે તે શબ્દ મૂકી પંક્તિઓ પૂરી કરો :

૧. અમે ધૂળ બનીને ઊડી રહ્યાં.

સૌની આંખમાં જઈને ________ રહ્યાં. (બળી/બેસી/ભળી/ચોંટી)

૨. અમે કાંટા થઈને ચોંટી પડ્યાં.

સૌના કપડામાં ________ પડ્યાં. (વળગી/સળગી/તરાઈ/ભરાઈ)

૩. અમે કાંકરા થઈ રસ્તામાં ગબડી રહ્યા.

સૌના હાથમાં ________ રહ્યાં. (રમી/ગાઈ/વાંચી/નાચી)

**સૌથી નજીકના અર્થવાળું વાક્ય પસંદ કરો અને તેની સામેના ☐ માં ✓ કરો.**

૧. અમે પાન થઈ ફરકી રહ્યાં.

- ☐ અમને ઝાડ પર બેસવાની મજા આવી.
- ☐ અમે જ પાંદડાં બની ગયાં.
- ☐ સપનામાં એવું લાગ્યું કે અમે પાંદડાં છીએ.

૨. અમે દરિયામાં વહાણ થઈ મ્હાલી રહ્યાં.

- ☐ અમે વહાણમાં બેસીને દરિયો મહાલવા ગયાં.
- ☐ અમે દરિયામાં ખૂબ રમ્યાં.
- ☐ અમે દરિયા કિનારે ટહેલ્યાં.

૩. અમે પહાડ અને ટેકરીઓ ઘૂમી રહ્યાં.

- ☐ વાહનમાં બેસી અમે પહાડીઓમાં ફર્યાં.
- ☐ પહાડ પર ફરવાનો અમને થાક લાગ્યો.
- ☐ અમે પહાડ અને ટેકરીઓ પર ધીમે ધીમે ખૂબ ફર્યાં.

૪. અમે ધિંગા તોફાન માટે તરસી રહ્યાં.

- ☐ અમને ક્યારેક તોફાન કરવાની મજા આવે છે.
- ☐ ખૂબ મસ્તી કર્યા પછી પણ તોફાન કરવાનું મન રહ્યું.
- ☐ તોફાન મસ્તી માટે અમે કાયમ તૈયાર હોઈએ છીએ.

૫. અમે દરિયો થઈ આભને પંપાળી રહ્યાં.

- ☐ અમે આભને અડવા દરિયાકિનારે કૂદકા માર્યા.
- ☐ રાત્રે અમે તારા થઈને દરિયાને મળ્યા.
- ☐ અમે મોજાની છાલકથી આભને ગલીપચી કરીએ છીએ.

## આપેલા શબ્દો ફટાફટ બોલો.

૧. કાન, જ્ઞાન, ખાન, ગાન, તાન, દાન, ધાન, પાન, ભાન, માન, રાન, વાન, શાન, સાન.

૨. મોટેથી ગાઓ.

પટપટ પટપટ પાન

ઝટપટ ઝટપટ તાન

સનનન સનનન સાન

ધડધડ ધડધડ ધાન

- **ચાલો, ગાઈએ ગીતડું :** પતંગિયાને, આંગળી અડાડશો ના ભાઈ...

## સાંભળો, વાંચો, શોધો, વિચારો, લખો. તમારા શિક્ષક નીચેના બંને ફકરા વાંચશે. શિક્ષક ફકરો "બ" વાંચે ત્યારે તેમાં આવતા રંગીન શબ્દોને લાગુ પડતો શબ્દ ફકરા "અ"માંથી જોઈ મોટેથી બોલો.

| (અ) | (બ) |
|---|---|
| અનિરુદ્ધને જીવજંતુ ખૂબ ગમે છે. તેના દોસ્ત ભદ્રેશને તેમનો ડર લાગે છે. તે કહે, "મને તે કરડી જાય તો?" અનિરુદ્ધ કહે, "તે તો કેટલાં નાનાં હોય!' એમને તું મારી ડબ્બીમાં મૂકીને જો. તને તે બધાં ગમી જશે." | અનિરુદ્ધને જીવજંતુ ખૂબ ગમે છે. અનિરુદ્ધના દોસ્ત ભદ્રેશને જીવજંતુનો ડર લાગે છે. ભદ્રેશ કહે, "ભદ્રેશને જીવજંતુ કરડી જાય તો?" અનિરુદ્ધ કહે, "જીવજંતુ તો કેટલાં નાનાં હોય! જીવજંતુઓને ભદ્રેશ અનિરુદ્ધની ડબ્બીમાં મૂકીને જો. ભદ્રેશને જીવજંતુ બધાં ગમી જશે. |

- **કહો કયું લખાણ સારું લાગે છે?**
- **બંને વાક્યોમાં શું ફેર છે?**

| (અ) | (બ) |
| --- | --- |
| ૧. અનિશભાઈ અનિશભાઈના નાના ભાઈનો ફોટો પાડે છે. | ૧. અનિશભાઈ તેમના નાના ભાઈનો ફોટો પાડે છે. |
| ૨. રેશમાએ રેશમાની આંગળી ઊંચી કરી. | ૨. રેશમાએ તેની આંગળી ઊંચી કરી. |
| ૩. ભદ્રા ભદ્રાના મિત્રને મળી. | ૩. ભદ્રા તેના મિત્રને મળી. |
| ૪. ચકલીએ ચકલીના માળામાં ઈંડાં મૂક્યાં. | ૪. ચકલીએ તેના માળામાં ઈંડાં મૂક્યાં. |
| ૫. બધાં બાળકોએ બધાં બાળકોનાં દફતર ઊંચક્યાં. | ૫. બધાં બાળકોએ પોતાનાં દફતર ઊંચક્યાં. |

- **જોડકાં જોડો.**

| (અ) | જવાબ | (બ) |
| --- | --- | --- |
| અનિરુદ્ધના | | તેને |
| ભદ્રેશને | | તેમને |
| ડબ્બીમાં | | તેના |
| જીવજંતુઓને | | તેમનો |
| જીવજંતુઓનો | | તેમાં |

- **બિનજરૂરી શબ્દ છેકી વાક્ય ફરીથી લખો.**

૧. "બાળકો, તમે કીડી જોઈ છે ? **કીડીને/તેને** કેટલા પગ હોય છે ? **તમને/બાળકોને** ખબર છે?"

૨. મંકોડો પૂછે, "ભાઈઓ-બહેનો, ઓળખો છો **મને/મંકોડાને**? **મંકોડાના/મારા** ચટકાનો સ્વાદ ચાખ્યો છે? તો પછી કહો, **મારે/મંકોડાને** કેટલા પગ છે?"

૩. “બાળકો, દેડકાને તો **બાળકોએ/તમે** જોયો હશે. કહો, કેટલા પગ હોય **તેને/દેડકાને**? **તેની/દેડકાની** જીભ જોઈ? **દેડકો/તે** શ્વાસ લે ત્યારે **દેડકાનું/તેનું** પેટ કેવું હલે છે, નહીં!”

આ વાત દેડકો બોલે તો કઈ રીતે બોલે? ફકરો પૂરો કરો.

બાળકો, મને તો તમે

૪. ઈયળો બોલી, “**અમને/ઈયળોને** ઓળખો છો? **ઈયળો/અમે** તો બધે જ હોઈએ. અનાજમાં અને વૃક્ષ પર; શાક, ફળ અને ફૂલમાં. **તમને/માણસોને** ભાવે એ **બધું/અનાજ, શાક, ફળ, ફૂલ, વનસ્પતિ ઈયળોને/અમને** ભાવે.”

- **આપેલ શબ્દ ઉપરના ચાર ફકરામાં કયા શબ્દને બદલે વપરાયો છે તે લખો.**

**ઉદા. તેને : કીડીને, દેડકાને**

| | | | |
|---|---|---|---|
| તમે : | | તમને : | |
| મને : | | મારા : | |
| તેની : | | તેનું : | |
| તે : | | અમને : | |
| અમે : | | તેને : | |

- **ફકરામાંનાં રંગીન શબ્દોને બદલે કૌંસમાંથી યોગ્ય શબ્દ મૂકીને ફકરો ફરીથી લખો.**

(તેની, તેણે, તેમાં, આપણે, તેણે, તેની, તેને, તારા, તેની, મારી, તેણે)

અનિરુદ્ધે એક ફૂદું પકડ્યું અને ફૂદાને ડબ્બીમાં બંધ કર્યું. અનિરુદ્ધે ભદ્રેશને ડબ્બીમાં જોવા કહ્યું. ભદ્રેશે ડરતાં ડરતાં ડબ્બીમાં જોયું, ડબ્બીની અંદરનું ફૂદું પતંગિયા જેવડું દેખાતું હતું. ફૂદાની પાંખ પર ઝીણાં ઝીણાં ટપકાં હતાં ભદ્રેશની બીક જતી રહી. ભદ્રેશે અનિરુદ્ધને કહ્યું, “અનિરુદ્ધના કારણે ભદ્રેશની બીક જતી રહી હવે ભદ્રેશ-અનિરુદ્ધ પાક્કા દોસ્ત.”

- **ચાલો, ગાઈએ ગીતડું :** પતંગિયાને આંગળી અડાડશો ના...

**⬡ જૂથમાં કામ કરો. આપેલાં વાક્યો માટે યોગ્ય વિકલ્પ પર ✓ કરો.**

- **એક ઑક્ટોપસને આઠ પગ હોય તો છ ઑક્ટોપસના કુલ કેટલા પગ થાય?**

૧. આ દાખલાનો જવાબ મેળવવા કઈ ક્રિયા કરવી જોઈએ?

(અ) ગુણાકાર (બ) ભાગાકાર (ક) બાદબાકી

૨. 'ઑક્ટોપસ' સજીવ છે કે નિર્જીવ તે કઈ રીતે ખબર પડે?

(અ) તેને પગ છે તે પરથી

(બ) કોઈ વડીલ કે શિક્ષકને પૂછવાથી

(ક) ઉપરની બંને રીતે

- **અહીં ફૂલદાનીની સાત હાર છે. દરેક હારમાં ચાર ફૂલ છે. તો અહીં કેટલાં ફૂલ થયાં?**

૧. 'અહીં' એટલે?

(અ) દાખલો ગણતી વખતે બેઠા હોઈએ તે જગ્યા. (બ) દાખલામાં (ક) વર્ગમાં

૨. આ દાખલાનો જવાબ કઈ રીતે મળશે?

(અ) ૭ × ૪ (બ) ૪ + ૪ + ૪ + ૪ (ક) ૭ + ૭ + ૭ + ૭

૩. 'બાળકો બે-બેની હારમાં મેદાનમાં ગયાં' આ વાક્ય પરથી કહો, 'ફૂલદાનીની હાર' એટલે?

(અ) ફૂલહારનું દાન (બ) ફૂલદાનીની લાઈન (કતાર) (ક) હારી ગયેલી ફૂલદાની

૪. "ફૂલદાની તૂટી ગઈ એટલે બધાં ફૂલ વેરાઈ ગયાં." આ વાક્યમાંથી કહો 'ફૂલદાની' એટલે?

(અ) ફૂલનો ઢગલો (બ) ફૂલનો હાર (ક) ફૂલ મૂકવાનું સાધન

- **એક ડિઝાઈનમાં ત્રણ કેરી છે. કાપડના એક ટુકડામાં આવી ઓગણીસ ડિઝાઈન છે. તો કાપડમાં કેટલી કેરી હશે?**

૧. અહીં 'કેરી' એટલે ?

(અ) આંબા પર થાય તે (બ) કેરીનું ચિત્ર (ક) કેરીની છાપ

૨. આ દાખલાનો જવાબ કઈ રીતે નહીં મળે?

(અ) ૧૯ × ૩ (બ) ૧૯ + ૩ (ક) ૩ × ૧૯

⬡ **જૂથમાં કામ કરો. આપેલો ફકરો મોટેથી વાંચી તેના આધારે આપેલા પ્રશ્નો માટે યોગ્ય વિકલ્પ પર ✓ કરો.**

પંખીઓની ચાલવાની અને ઊડવાની રીત અલગ હોય છે. તેમની ડોકનું હલનચલન પણ અલગ હોય છે. મેના તેની ડોક આગળ-પાછળ, આંચકાથી હલાવે છે. ઘુવડ તેની ડોક પાછળની તરફ ફેરવી શકે છે. પંખીઓનાં પીંછાં જુદા જુદા રંગ, આકાર અને કદનાં હોય છે. તેમનાં પીંછાં તેમને ઊડવામાં અને હૂંફાળા રહેવામાં ઉપયોગી છે. કેટલાક સમય પછી પંખીઓ જૂનાં પીંછાં ખેરવી નાંખે છે. તેમની જગ્યાએ નવાં પીંછાં આવે છે.

૧. 'હૂંફ' એટલે?

ગરમાવો ☐ ઉકળાટ ☐ બાફ ☐

૨. 'પંખી' એટલે?

પાંખ ☐ જેને પાંખ હોય તે ☐ જેને પગ હોય તે ☐

૩. 'કદ' એટલે?

વજન ☐ દેખાવ ☐ નાનું-મોટું ☐

૪. પક્ષીઓ કઈ કઈ રીતે જુદા પડે છે?

ઊડ ☐ ચાલ ☐ પગની સંખ્યા ☐ રંગ ☐ આકાર ☐ કદ ☐
ડોકનું હલનચલન ☐ અવાજ ☐ આંખ ☐

૫. પક્ષીને શું શું ફરી મળી શકે છે?

પગ ☐ ચાંચ ☐ પીંછાં ☐

૬. ઘુવડ શું શું કરી શકે છે?

દિવસે ખોરાક શોધી શકે. ☐

બેઠાં બેઠાં પાછળની વસ્તુ જોઈ શકે. ☐

અંધારામાં જોઈ શકે. ☐

૭. પીંછાં ના હોય તો પક્ષીને શી શી મુશ્કેલી પડે?

ઊડવાની ☐ વરસાદથી બચવાની ☐ ઠંડીથી બચવાની ☐

પતંગની દોરીથી બચવાની ☐ ખોરાક શોધવાની ☐

૮. તમને મેનાની જેમ ડોક હલાવતા આવડે છે? હલાવો.

**નીચે કેટલાંક ઉખાણાં આપ્યાં છે. તેમના જવાબ દેડકો, ખિસકોલી, બિલાડી અને કબૂતરમાંથી કોઈએક છે. દરેક વાક્ય માટે તમારે જવાબ ધારતા જવાના છે. એમ છેલ્લે તમે સાચા જવાબ સુધી પહોંચશો.**

- ૧. તે ખોબામાં સમાઈ શકે તેવડું છે. ______
  ૨. તેના આગળના પગ પાછળના પગ કરતાં ટૂંકા છે. ______
  ૩. તેને પૂંછડી છે. ______
- ૧. તેને પૂંછડી છે. ______
  ૨. તેના પગ એકસરખા છે. ______
  ૩. તેની આંખ અંધારામાં ચમકે છે. ______
- ૧. તે લાંબો કૂદકો લગાવે છે. ______
  ૨. તેના પાછલા પગ આગલા પગ કરતાં લાંબા છે. ______
  ૩. તે ચોમાસામાં ખાસ દેખા દે છે. ______

દેડકો, ખિસકોલી, બિલાડી અને કબૂતરમાંથી કોઈ બે વિશે બોલો અને બાકીના બે વિશે લખો.

૧. ______ :-

______

______

______

______

______

૨. ______ :-

______

______

______




______



______

## આપેલા ચોકઠામાંથી પાંચ જીવજંતુનાં નામ શોધી કાઢો. તેની ફરતે ◯ કરો.

| | | | |
|---|---|---|---|
| માં | ક | ડ | ક |
| જૂ | વં | પી | રો |
| શ | ફ | દો | ળિ |
| ઈ | ય | ળ | યો |

## નીચેના શબ્દો ઓળખી કાઢો. મોટેથી બોલો અને લખો.

## મોટેથી બોલો અને લખો.

૧. અદ્વૈત તદ્દન ઢીલો.

૨. રુદ્રની પદ્ધતિ ઝડપી.

૩. પ્રદ્યોતને ચંદ્ર ગમે.

૪. સૃજને પૂંઠામાંથી ઘર સર્જ્યું.

૫. અંધારામાં સૂરજ અદૃશ્ય.

૬. લાઈટ એટલે વિદ્યુત.

૭. આદ્યા અને વિદ્યા બહેનો છે.

૮. અમારી દુકાનનું ઘી એકદમ શુદ્ધ.

૯. દૃષ્ટિ તો છેક અધ્ધર લટકી.


૧૦. ભદ્રકાળીનું મંદિર અમદાવાદમાં.

## જુઓ, જોડો, બોલો, લખો.

| | | | | |
|---|---|---|---|---|
| દ્‌ઋષ્ટિ - દૃષ્ટિ | : ______ ષ્ટિ | | વિદ્‌યુત - વિદ્યુત | : વિ ______ ત |
| ભદ્‌ર - ભદ્ર | : ભ ______ | | આદ્‌યા - આદ્યા | : આ ______ |
| રુદ્‌ર - રુદ્ર | : રુ ______ | | વિદ્‌યા - વિદ્યા | : વિ ______ |
| ચંદ્‌ર - ચંદ્ર | : ચં ______ | | શુદ્‌ધ - શુદ્ધ | : શુ ______ |
| અદ્‌ઋશ્ય - અદૃશ્ય | : અ ______ શ્ય | | અધ્‌ધર - અધ્ધર | : અ ______ ર |
| સ્‌ઋજન - સૃજન | : ______ જન | | પદ્‌ધતિ - પદ્ધતિ | : પ ______ તિ |
| અદ્‌વૈત - અદ્વૈત | : અ ______ ત | | પ્રદ્‌યોત - પ્રદ્યોત | : પ્ર ______ ત |

## ઓળખો :

આવી રીતે તમને બીજાં જંતુ અને તેમનાં ઘરનાં ચિત્ર બનાવતાં આવડે? અલગ કાગળમાં બનાવો.



## ‘વાંદરાને વાંચતાં ન આવડે’ અને ‘પોટલાં ટપકે પપ્પ’ પરથી જવાબ લખો.

- **આ વાક્યો કોણ બોલ્યું હશે? તેના જેવો અવાજ કરો અને તેનું નામ લખો.**

૧. “એ ભાગે ઠંડી!” ______

૨. “મારા ઘરમાં તો વાંદરાભાઈ સમાય જ નહીં!” ______

૩. “આવડી અમથી સુઘરી આવડા મોટા મને સલાહ આપે છે!” ______

૪. “બિચારા વાંદરાભાઈ! કેવી ગરમી લાગતી હશે એમને!” ______

૫. “વાંચવા બેસો તો, મમ્મી-પપ્પા!” ______

૬. “આવો બધા. દીવાને દેખાડી દો કે આકાશ તેનું એકલાનું નથી.” ______

૭. “એ જુઓ! વીજળી ઝબૂકે છે!” ______

## નકામા શબ્દ છેકી સાચું વાક્ય બનાવીને લખો.

૧. મેં **<u>શૂન્ય/એક/બે</u>** **<u>ચોટલો/ચોટલા</u>** ગૂંથ્યા છે.

______

૨. રિક્ષામાં **<u>ત્રણ/બે</u>** **<u>પૈડાં/પૈડું</u>** હોય.

______

૩. પંખાને **<u>બે/ત્રણ</u>** **<u>પાંખ/પાંખિયા</u>** છે.

______

૪. સૃષ્ટિએ ખિસ્સામાં **<u>એક/ચાર</u>** **<u>આંબળા/આંબળું</u>** મૂક્યાં.

______

૫. શાળાની ઘડિયાળમાં **<u>શૂન્ય/બે/ત્રણ</u>** **<u>કાંટા/કાંટો</u>** છે.

______

## ખડખડાટ :

ધ્રુવ : સર, પેન્સિલમાં દીર્ઘ ‘ઈ’ આવે કે હ્રસ્વ ‘ઇ’?

શિક્ષક : હ્રસ્વ ‘ઇ’.

ધૈર્ય : મને તો દીર્ઘ ‘ઈ’ કહી હતી?

શિક્ષક : તારી પેન્સિલ લાંબી હતી ને!

# ૪ ની પાછળ





## ચાલો, ગાઈએ ગીતડું :

જૂતાજીનાં દાક્તર,
માપો જરાક નાડી.
બીમાર મારું ચંપલ
દવા કરો ને સારી.
મને ડંખે વારેવારે,
તેની ટેવ નઠારી.
'થેંક યુ' કહીશ તમને,
આપો તમે સુધારી.

## જૂથકાર્ય :

નીચેની ડિઝાઈન જુઓ અને અલગ-અલગ ડિઝાઈન બનાવો. તમને ગમતી સૌથી સારી ડિઝાઈન રાખી મૂકો. વર્ગમાં ફરીને બધા જૂથની ડિઝાઈન જુઓ. બીજા જૂથે બનાવેલી કોઈ એક ડિઝાઈન ફરીથી બનાવો.



## વાતચીત :

૧. તમારા પુસ્તકનો આકાર કેવો છે?

૨. પુસ્તકો વડે શું-શું બનાવી શકાય?

૩. તમારા જૂથે પુસ્તકોમાંથી શું બનાવ્યું? કેવી રીતે?


## વર્ગમાં શીખો અને ઘરે જઈને બનાવો :

વૉટર કલરવાળા પાણીમાં દોરો પલાળો. એક કોરા પાનામાં દોરો આડો-અવળો ગોઠવો. દોરાનો એક છેડો બહાર રાખી પાનાને વચ્ચેથી અડધું વાળી દો. કાગળ પર થોડો ભાર દઈને હાથ રાખો. પછી દોરાનો બહાર રાખેલો છેડો ધીમે ધીમે ખેંચીને આખો દોરો ખેંચી લો. જે ડિઝાઈન બની તેમાં તમને શું-શું દેખાય છે? તે સૌને કહો.


## આકૃતિ બનાવો અને તેના આધારે જવાબ લખો :

આ પ્રવૃત્તિ કરાવતાં પહેલા ઘરેથી ૪૦ દીવાસળી લાવવાનું આગળના દિવસે કહેવું.

(૧)



(૨)



૧. પહેલી આકૃતિમાં કેટલી દીવાસળીની જરૂર પડી? ______

૨. પહેલી આકૃતિમાં કેટલા ત્રિકોણ બનેલાં છે? ______

૩. બીજી આકૃતિમાં કેટલી દીવાસળીની જરૂર પડી? ______

૪. બીજી આકૃતિમાં કેટલા ચોરસ બનેલા છે?

૫. આકૃતિ (૧) કરતાં આકૃતિ (૨) માં કેટલી ઓછી દીવાસળીની જરૂર પડી?

## શબ્દચિત્ર ઓળખો, શબ્દ લખો :



૧. ___ ૨. ___ ૩. ___

૪. ___ ૫. ___ ૬. ___

૭. ___ ૮. ___ ૯. ___

● **ચાલો, ગાઈએ ગીતડું : જૂતાજીના દાકતર....**

⬡ **વાક્યચિત્ર વાંચો અને વાક્યોનું અનુલેખન કરો :**

૧.

દૂધ મને શક્તિ આપે છે

દૂધ પીઓ, સ્વસ્થ રહો

હું રોજ દૂધ પીઉં છું.

મને કેસરવાળું દૂધ ભાવે છે.

દૂધ શક્તિદાયક

આ મારો કપ છે

૨.

મમ્મીનું ઘર - પપ્પાનું ઘર

નાના-મોટા સૌ બધાનું ઘર.

ઘર ટાઢ, તડકા અને વરસાદ સામે રક્ષણ આપે.

ઘરમાં પરિવારના બધા સભ્યો રહે.

મારા ઘરમાં એક મોટી બારી છે

મને ખુલ્લી

દોસ્ત અને મહેમાનોને

અમારા ઘરે આવવું ગમે

મને ગમે છે.


રમવાનું, જમવાનું, વ્હાલ કરવાની જગ્યા, વ્હાલું મારું ઘર.

## ખોટા શબ્દ પર ☐ કરો.

૧. જ્યોર્જ **કાળગ/કાગળ** વડે રંગબેરંગી વિમાન બનાવે.
૨. દાદા **રકાબીમાં/રબાકીમાં** કૉફી પીવે.
૩. **પેન્સિલથી/પેસ્નિલથી** લખેલું ભૂંસી શકાય છે.
૪. મેઘાએ લાલ **રંગના/રગના** ફુગ્ગા ફુલાવ્યા.
૫. **અગજર/અજગર** ઝાડને વીંટળાઈ ગયો.
૬. વાળ કાપવા **વાળંદ/વાણંદ** પાસે જવું પડે.
૭. ફિરદૌસ નમૂના **પ્રમાણે/પ્રણામે** કાગળનો પંખો **બનાવે/બવાને** છે.
૮. **છશ્વાસોછશ્વાસ/શ્વાસોચ્છ્વાસ** બોલવામાં **તકલીફ/તફલીક** પડે છે.
૯. અહીં **અલગ/અગલ** રંગના કાગળના ટુકડા **ચોંડાટો/ચોંટાડો**.
૧૦. **જબેલી/જલેબી** સાથે **ફાફડા/ફાડફા** ખવાય.
૧૧. મેં **ગરમાગમર/ગરમાગરમ દધૂ/દૂધ** પીધું.

## જુઓ, શીખો, બનાવો કહો :

**વર્ગખંડમાં અંધારું કરી ટૉર્ચ વડે ડસ્ટર, હાથ, આંગળા, પુસ્તક, ચોકની મદદથી પડછાયા બતાવો.**




- **તમારા મમ્મી-પપ્પા તેમજ બીજા વડીલોની મદદથી ઘરે આવા પડછાયા બનાવો, વર્ગમાં તેના વિશે વાત કરો.**

⬡ ગીત :

## આંગળાંનો જાદુ

આંગળાંનો જાદુ મારા આંગળાંનો જાદુ




મારા આંગળાંમાંથી બે હરણ બની જાય;
ઊંચા કાન કરીને એ તો ઠેકડા મારતાં જાય.



મારા આંગળાંમાંથી પતંગિયું બની જાય;
ઊડતું જઈને ફૂલ પર બેસે એ પણ ફૂલ થઈ જાય.



મારા આંગળાંમાંથી માછલી બની જાય;
પાણીમાં એ સરસર તરતી ઉપર નીચે થાય.



આંગળાંથી પેન્સિલ પકડું ચિત્રો સરસ દોરાય;
આંગળાંથી પીંછી પકડું રંગો નવા ભરાય.



ક્યારેક મારી આંગળી આ તોફાની થઈ જાય;
કાનમાં જઈને ખણખણ કરતી આવું ન કરાય.

– પ્રકાશ પરમાર

## કહો :

૧. તમને આંગળાંનો કયો જાદુ સૌથી વધુ ગમ્યો? ફરીથી કરી જુઓ.

૨. તમને બીજીવાર ગાવાનું મન થાય તેવી પંક્તિ નીચે એક લીટી કરો.

૩. ગીતની જે લીટી/પંક્તિ તમને યાદ હોય તે સૌને સંભળાવો.

૪. આંગળાની મદદથી તમે બીજાં કયા-કયા કામ કરી શકો?

- આંગળાંની મદદથી જે કામ ન થાય તેની પર **X** કરો.

| | | | | |
|---|---|---|---|---|
| લખવું | રડવું | ટીંગાડવું | દોરવું | ફૂલ ચૂંટવાં |
| ગાવું | જમવું | હસવું | પીવું | જોવું |
| પકડવું | ચપટી વગાડવી | ચોંટાડવું | તાળી પાડવી | ચીંધવું (બતાવવું) |

## શબ્દોને યોગ્યક્રમમાં ગોઠવી અર્થપૂર્ણ વાક્ય બનાવો અને લખો.

૧. ફરવા ગયાં/અમે/ટ્રેનમાં બેસીને

૨. હોંશિયાર છે/અને નમ્રતા/વિક્રમ

૩. ફૂલ પર/બેસે છે/પતંગિયું

૪. બસ ચલાવીને/પાવાગઢ ગયા/ડ્રાઈવર

૫. હરણ ઠેકડા/ઊંચા કાન કરીને/મારે છે

૬. રાજા હતો/મગધનો/અશોક

૭. ગુલાબી ફ્રોક/પહેર્યું છે/ઢીંગલીએ

૮. બને છે/મારા આંગળાંમાંથી/પાણીમાં તરતી માછલી

૯. લીંબુ શરબત પીધું/સ્ટ્રોથી/કાગડાએ

૧૦. કરે છે/પરાક્રમો/છોટાભીમ

## ઓળખો :

**ટ્ર પર ◯ કરો.**

ટ્રેન રાષ્ટ્ર ટ્રીનટ્રીન ઈલેક્ટ્રોનિક

**ડ્ર પર ◯ કરો :**

ડ્રેસ ડ્રમ એડ્રેસ ડ્રાઈવર ડ્રાઉં - ડ્રાઉં


**ક્ર પર ◯ કરો :**


ક્રમ ક્રિયા વિક્રમ પરાક્રમ આક્રંદ


**મ્ર પર ◯ કરો :**


સમ્રાટ નમ્રતા ધૂમ્રશેર આમ્રપાલી તામ્રપત્ર

## લખો :








- **ચાલો, ગાઈએ ગીતડું : જૂતાજીના દાકતર...**

⬡ **જુઓ, વાંચો :**

## કૂતરો અને સસલું








૩. થોડેક દૂર ઍક્સપ્રેસ
ડોગી ઊભો રહ્યો.


૪. એટલામાં ફાસ્ટુ સસલું ત્યાંથી
દોડતું-દોડતું નીકળ્યું.


૫. ઍક્સપ્રેસ ડોગીના મોંમાં પાણી આવ્યું.
તે ફાસ્ટુ સસલાની પાછળ-પાછળ દોડ્યો.


૬. ફાસ્ટુ સસલું સુપરફાસ્ટ સ્પીડમાં દોડતું
હતું. ઍક્સપ્રેસ ડોગીએ તેનો પીછો કર્યો,
પણ પકડી ન શક્યો.
ફાસ્ટુ સસલું તો જંગલની બહાર
નીકળી ગયું.


૭. થાકીને ઍક્સપ્રેસ ડોગી
ચાલતો-ચાલતો પાછો ફર્યો.


૮. હંટ્રીક શિકારીએ જોયું તો ઍક્સપ્રેસ
ડોગી ખાલી હાથે ધીમે-ધીમે
આવતો હતો.







## કહો :

૧. ચિત્ર-૫ જોઈને તમને શો વિચાર આવ્યો?
૨. વાર્તાનું કયું વાક્ય તમને યાદ રહી ગયું? કેમ?
૩. તમારી પાછળ કૂતરું દોડે તો તમે ખૂબ વધારે ઝડપથી દોડી શકો? કેમ?
૪. તમે દોડીને જતાં હોય, થોડા થાકી જાવ; પણ તમારી પાછળ કૂતરું દોડે તો તમે શું કરો?

## સાચા વિકલ્પ સામે ✓ કરો :

૧. ફાસ્ટુ સસલું બહુ ઝડપથી દોડતું હતું.

☐ ઍક્સપ્રેસ ડોગીથી બચવા ☐ હંટ્રીક શિકારીથી બચવા

૨. આટલું નાનું સરખું સસલુંય તમે પકડી ન શક્યા!-એટલે કે

☐ ફાસ્ટુ સસલું જીવ બચાવવા ઝડપથી દોડતું હતું.

☐ ફાસ્ટુ સસલું પકડવાની ઍક્સપ્રેસ ડોગીની ઇચ્છા નહોતી.

૩. આ ચિત્રવાર્તામાં જીવ બચાવવાની કોને સૌથી વધુ જરૂર હતી?

☐ ઍક્સપ્રેસ ડોગીને ☐ ફાસ્ટુ સસલાને

## કૌંસમાં આપેલા શબ્દોને યોગ્ય સ્થાને મૂકો. ફકરાને મોટેથી વાંચો :

(ઝડપ, દોડતાં-દોડતાં, પાછળ, તેથી, બહાર, નીચે, શિકાર)

હંટ્રીક શિકારી જંગલમાં ________ કરવા ગયો. થાકી જવાથી બપોરના તાપમાં તે ઝાડ ________ બેઠો હતો. તેણે થોડેક દૂર ઍક્સપ્રેસ ડોગીને જોયો.

એટલામાં ફાસ્ટુ સસલાભાઈ ________ આવ્યા. આગળ ફાસ્ટુ સસલું અને ________ ઍક્સપ્રેસ કૂતરું. ફાસ્ટુ સસલું બહુ ________ થી દોડે ________ ઍક્સપ્રેસ કૂતરો તેને ન પકડી શક્યો. ફાસ્ટુ સસલું જંગલની ________ નીકળી ગયું.

**અભિનય કરો :**

સૂચનાઓ મોટેથી વાંચો, વિદ્યાર્થીઓને તે મુજબ અભિનય કરવા કહો.

૧. લખતાં-લખતાં હસો.
૨. રડતાં-રડતાં માથું ખંજવાળો.
૩. ઝોકાં ખાતાં-ખાતાં જુઓ.
૪. હસતાં-હસતાં નાચો.
૫. ગાતાં-ગાતાં લખો.
૬. મિત્રને પકડતાં-પકડતાં ગાઓ.
૭. જમતાં-જમતાં વાંચો.
૮. વાંચતાં-વાંચતાં કૂદો.
૯. લડતાં-લડતાં રમો.
૧૦. ખાતાં-ખાતાં રડો.

**વાક્યો ધ્યાનથી વાંચો. બે વાર શબ્દ વપરાય ત્યાં નીચે લીટી કરો.**


૧. અમે દોડતાં-દોડતાં ગિરનાર પર્વત ઊતર્યા.
૨. હાથી હાંફતાં-હાંફતાં કીડીબેન પાસે ગયો.
૩. ઈમરાનનો દડો પડતાં-પડતાં પકડાઈ ગયો.
૪. અક્ષરા ટી.વી. જોતાં-જોતાં ઊંઘી ગઈ.
૫. મોબાઈલમાં વાતો કરતાં-કરતાં હસવું આવ્યું.
૬. નદી કિનારે ફરતાં-ફરતાં પગ દુ:ખી ગયા.

**ત્રણ-ત્રણનાં જૂથમાં બેસી સંવાદ બનાવો અને વર્ગમાં ભજવો. સંવાદમાં રમતાં-રમતાં, પડતાં-પડતાં, ખાતાં-ખાતાં, લખતાં-લખતાં, શીખતાં-શીખતાં જેવા શબ્દોનો ઉપયોગ કરો.**


**નમૂના મુજબ શબ્દ બનાવો.**

| | | |
|---|---|---|
| ખણ - ખણખણ | સણ - ________ | ટપ - ________ |
| ગણ - ________ | બણ - ________ | લખ - ________ |
| હણ - ________ | ચણ - ________ | ખટ - ________ |
| મણ - ________ | ઝણ - ________ | ત્રણ - ________ |


## ચિત્ર સાથે જોડો.




૧. એક પગવાળો માણસ.




૨. કાળી ટોપીવાળો ધોળો માણસ.




૩. હું એને જોઉં છું પણ એ મને નથી જોતો.




૪. મારે તો ઘણી આંખો, એને ખેંચીને ચાખો.




૫. સાંકડી ગલીને છેડે તળાવડી.




૬. તમારા ઉપરથી ચાલ્યું જાય, તો તમને કંઈ ન થાય એવું કયું વાહન?



૭. મને કાપે એટલે લોકો ગીત ગાય છે.



૮. સીટી એની ઘર ઘર વાગે. ખાવાનું એ ઝટપટ બનાવે.



૯. ચાર પગ હોવા છતાં ચાલી શકતું નથી.

### કયો શબ્દ સાચો? સાચા શબ્દ પર ◯ કરો :

| | | | | | |
|---|---|---|---|---|---|
| ટાયર - ડાયર | | ઠળિયો - ઢળિયો | | હોય - હોઈ | |
| ટામર - ડામર | | ઠાળિયું - ઢાળિયું | | સોય - સોઈ | |
| કકળાટ - કકરાટ | | ઠામ - ઢામ | | ધડધડાટ - ઘડઘડાટ | |
| ટીલરી - ટીલડી | | ઠાગાઠૈયા - ઢાગાઢૈયા | | ઝળહળ - ઝડહડ | |
| ચચરાટ - ચચળાટ | | મઠૂલી - મઢૂલી | | કાગળ - કાગર | |

### જે લખવામાં તમારે ભૂલ થતી હોય, તેવા શબ્દો ભૂલ સાથે અને ભૂલ વગર લખો :

| | ખોટો શબ્દ | સાચો શબ્દ |
|---|---|---|
| ૧. | | |
| ૨. | | |
| ૩. | | |

### મને ઓળખો.

(ઉંદર, હરણ, નાક, પતંગિયું, માછલી, પતંગ, મોબાઈલ)

૧. ઉત્તરાયણમાં મારાથી આકાશ રંગબેરંગી થઈ જાય છે. ______

૨. પાણીમાં હું તરું છું. બહાર કાઢો તો મરું છું. ______

૩. હલો... હલો કહી પડે વટ, કદમાં નાનો પણ છે દુનિયાનો ખજાનો. ______

૪. બે આંખોને રાખું અળગી. સુગંધ પારખું હું સઘળી. ______

૫. મારે રંગબેરંગી પાંખો છે. હું એક ફૂલ પરથી બીજા ફૂલ પર બેસું છું. ______

૬. ત્રણ અક્ષરનું નામ મારું. પહેલો અને બીજો અક્ષર 'હર' છે અને બીજો અને ત્રીજો અક્ષર રણ છે. ______

૭. હું ગણપતિનું વાહન છું. હું 'ચૂં... ચૂં...' કરું છું. ______

### હસો :

**તિમિર :** જો આપણે જોવું હોય તો આંખો ખુલ્લી રાખવી જોઈએ.

**પ્રકાશ :** મને તો આંખ બંધ કરીને પણ દેખાય છે.

**તિમિર :** બને જ નહીં! શું દેખાય છે?

**પ્રકાશ :** અંધારું...!

# ૫ કોરો કાચબો-ભીનો ચાંદો

D9W2H6

## ચાલો, ગાઈએ ગીતડું :

તબડક તબડક તબડક કરતો
ઘોડો મારો દોડ્યો જાય.
એક અવાજે ભાગે બિલ્લી.
ભલે વાઘની માસી થાય.
ઊંચા જાડા હાથીભાઈ
સૂંઢ હલાવતા હાલ્યા જાય.

લુચ્ચા લુચ્ચા શિયાળભાઈ
સૌને છેતરી ચાલ્યા જાય.
સસલાભાઈએ છલાંગ મારી
કૂદતાં કૂદતાં હાંફી જાય.
કાચબાભાઈ તો ધીમે ધીમે
આગળ આગળ હાલ્યા જાય.

## વાંચો.

### બેરંગ બન્યું રંગીન

ચોમાસું પૂરું થવા આવેલું. આરવના ઘરની આસપાસ કેટલાંક પતંગિયાં ઊડાઊડ કરતાં હતાં. તેમાં એક પતંગિયું સાવ જ રંગ વગરનું હતું. આરવનું ધ્યાન તેના પર ગયું. તેને નજીકથી જોવા તે પાસે ગયો. બંનેની દોસ્તી થઈ ગઈ. આરવે તેના નવા મિત્રનું નામ પાડ્યું ‘બેરંગ’.

આરવ કહે, ‘બેરંગ, હું તારું ચિત્ર બનાવું?’ બેરંગ કહે, ‘ચોક્કસ’. આરવ તો બેઠો કાગળ, પેન્સિલ અને મીણિયા રંગ લઈને. તેણે તો તદ્દન બેરંગ જેવું જ ચિત્ર દોરી કાઢ્યું. બેરંગને પણ પોતાનું ચિત્ર ગમ્યું. એ હસ્યું.

આરવને મજા પડી ગઈ. તેણે પૂછ્યું, ‘બેરંગ, તારા ચિત્રમાં રંગ પૂરું?’ બેરંગ કહે, ‘હા... હા...’ આરવે બેરંગના ચિત્રમાં રંગ પૂરવાના શરૂ કર્યા. આરવ જેમ જેમ રંગ પૂરતો જાય તેમતેમ બેરંગ પર સાચુકલો રંગ ચઢતો જાય.

બેરંગ તો ખુશ-ખુશ થઈ ગયું. તે કહે, ‘જરા પાંખની કિનારી પર જાંબુડી રંગ કરી દે અને આ વચ્ચેના ખાનામાં પીળો રંગ ભરી દે.’ થોડી વારમાં તો બેરંગ બની ગયું રંગીન.

**તમારા મનમાં એક સાવ નવી જાતનું પતંગિયું બનાવો, તેનું ચિત્ર દોરી તેમાં મજા પડે તેવા રંગ પૂરો**

## કહો :

ઈવા સાતમા ધોરણમાં ભણે, તેનો વર્ગ પહેલા માળે. રિસેસમાં તેણે મેદાનમાં રમતા દ્વિજને સીતાફળ પહોંચાડ્યું. પહેલે માળથી નીચે નાખવા છતાં સીતાફળ ફસકાઈ ગયું નહીં. ઈવાએ દ્વિજને સીતાફળ કઈ રીતે પહોંચાડ્યું હશે?

## વાર્તા વાંચો :

### ચાંદો પકડ્યો...

એક જંગલ હતું. એમાં એક મોટું તળાવ હતું. તળાવનાં કાંઠે ઊંચાં-ઊંચાં ઝાડ હતાં. આ ઝાડ પર એક વાંદરાનો પરિવાર રહેતો હતો. તેના સરદારનું નામ મહાબલી. ટોળામાંના મોટા વાંદરાઓ આખો દિવસ હૂપાહૂપ કરે. એક ઝાડ પરથી બીજા ઝાડ પર કૂદાકૂદ કરે, રમતાં-રમતાં ફરે, મીઠાં ફળ ખાતાં-ખાતાં આનંદથી પેટ ભરે. તરસ્યા થાય ત્યારે તળાવનું પાણી પીએ અને ઝાડને છાંયે બેસી વાતો કરે. રાત્રે પાછા આરામ કરે. બધા વાંદરાં ઝાડ પર જ સૂઈ રહે.


વાંદરાંના આ ટોળામાં નટખટ બચ્ચાં ય હતાં. એ બચ્ચાં તો ભારે તોફાની. આખો દિવસ તોફાનમસ્તી જ કર્યા કરે. કોઈ ઝાડની ડાળીએથી ઊંધે માથે લટકે, તો કોઈ બીજાની પૂંછડી ખેંચી ભાગી જાય. વળી, એકબીજા સામે કચ-કચ દાંત કાઢે. અંધારું થાય તોયે આ બચ્ચાં જરા પણ જંપે નહિ. રાત પડે તોયે ઊંઘે નહીં.

એક વખતની વાત છે. રાત્રિનો સમય હતો. આકાશમાં પૂનમનો ચંદ્ર પ્રકાશતો હતો. મોટા વાંદરા ઘસઘસાટ ઊંઘતા હતા પરંતુ પેલા બચ્ચાંની વાતો ચાલતી હતી. જાણે માખીઓનો ગણગણાટ. એવામાં જગ્ગુની નજર નીચે ગઈ. અરે! આ શું? પાણીમાં ચાંદો! જગ્ગુને થયું, 'નક્કી ચાંદો પાણીમાં પડી ગયો છે!'

જગ્ગુએ હળવેથી બીજા બચ્ચાંને કહ્યું. ''ફટાફટ આવો. અહીં જુઓ! ચાંદો તળાવમાં પડી ગયો છે!'' વાનરસેનાનાં બધાં બચ્ચાંએ ચૂપચાપ નીચે જોયું. તળાવના શાંત જળમાં ચંદ્રનું પ્રતિબિંબ દેખાતું હતું. બચ્ચાં કહે, ''અરે! આ તો ચાંદો જ પડી ગયો છે.'' ચિમ્પુ કહે, ''ના... ના... આ ચાંદો નથી. આ તો સરસ મજાનું ફળ છે.'' મોન્ટી બોલ્યું, ''જે હોય તે! છે કેવું રૂપાળું! ચાંદો હોય કે ફળ, એને પાણીમાંથી બહાર તો કાઢો!'' ચિમ્પૂ કહે, ''મહાબલીદાદાને જગાડીએ?''

પણ... તેને પાણીમાંથી કાઢવું કઈ રીતે? સૌ ઘડીભર વિચારમાં પડી ગયા એટલામાં મીકી બોલ્યું, ''મને એક સરસ યુક્તિ સૂઝે છે. એમાં આપણાથી જ કામ થઈ જાય એવું છે. મોટેરાંઓને જગાડવાની કોઈ જ જરૂર નથી.'' બધાં બોલી પડ્યાં, ''જલદી બોલ, શું કરીએ?'' મીકી બોલ્યું, ''જગ્ગુ ઝાડની ડાળી પકડીને લટકશે. ચિમ્પૂ તેની પૂંછડી પકડીને લટકશે. મોન્ટી ચિમ્પૂની પૂંછડી પકડીને લટકશે.''

પોતાની ડોક ચારેબાજુ ફેરવી ટટ્ટાર થતાં થતાં મીકીએ કહ્યું, ''હું બહાદુર મીકી, આ મોન્ટીની પૂંછડી પકડી છેક પાણી સુધી પહોંચી જઈશ ને ફટાક કરતો ચાંદાને પકડીને બહાર કાઢી લઈશ.'' બધાંને આ ઉપાય ખૂબ જ ગમી ગયો. જગ્ગુ અને મોન્ટી બોલ્યા, ''વાહ! કેવી મજા પડશે! કામ પણ થશે અને ગમ્મત પણ થશે.''




યોજના નક્કી થઈ. આયોજન મુજબ જગ્ગુએ ઝાડની ડાળી, ચિમ્પુએ જગ્ગુની પૂંછડી, મોન્ટીએ ચિમ્પૂની પૂંછડી અને મીકીએ મોન્ટીની પૂંછડી પકડી લીધી. મીકી પાણી સુધી પહોંચ્યું. તેણે ચાંદાને પકડવા એક હાથ પાણીમાં નાખ્યો. પણ આ શું? પાણીમાં દેખાતો હતો તે ચાંદો આમ-તેમ ડગુ-મગુ ડોલતો-ડોલતો પાણીમાં વિખરાઈ ગયો! ચાંદાના તો બંગડી જેવા ટુકડા થઈ ગયા! હવે શું કરવું?

તેવામાં જગ્ગુની પકડ છૂટી ગઈ. બધા જ વાંદરાં ધબાક દઈને પડ્યા પાણીમાં. તળાવમાં થયેલો ધબાકો સાંભળીને મોટા વાંદરાં જાગી ગયા. તેઓ ઝટ-પટ તળાવે પહોંચ્યા. બચ્ચાંને પાણીમાંથી બહાર કાઢતાં-કાઢતાં તેમને નાકે દમ આવી ગયો.

મહાબલીએ પૂછ્યું, ''આમ અડધી રાતે પાણીમાં કેવી રીતે પડ્યા?'' જગ્ગુએ માંડીને વાત કરી. તેની વાત પૂરી થઈ ત્યાં સુધીમાં તળાવનું પાણી સ્થિર થઈ ગયું હતું. હવે તેમાં ફરી ચાંદો દેખાવા માંડ્યો. જગ્ગુ, મોન્ટી, ચિમ્પુ, મીકી એકસાથે 'પાણીમાં જુઓ, ચાંદો! બચાવો તેને.'' બોલી ઊઠ્યા. મહાબલી સાથે બધા વડીલ વાંદરા ખડખડાટ હસી પડ્યા.

મહાબલી કહે, ‘‘એ તો ચાંદાનું પ્રતિબિંબ છે આકાશમાં જુઓ. એ રહ્યો તમારો ચાંદો.’’

પછી બધા મોટા વાંદરાંઓએ તળાવમાં જગ્ગુ, મોન્ટી, ચિમ્પૂ અને મીકીને તેમનાં પ્રતિબિંબ બતાવ્યાં.



## વાતચીત :

૧. આ વાર્તામાં સૌથી વધારે મજા ક્યારે આવી?

૨. વાંદરાં પાણીમાં પડી ગયાં ત્યારે તમને કેવું લાગ્યું?

૩. તમને કયું વાંદરું સૌથી વધુ ગમ્યું?

૪. તમે તોફાન કરતા વાંદરાંઓને કે કૂતરાંઓને જોયાં છે ? તે શું કરતાં હોય છે?

૫. તમે ઘરમાં કેવાં-કેવાં તોફાન કરો છો?

## જવાબ લખો :

૧. વાંદરાંના બચ્ચાંઓ કેવાં-કેવાં તોફાન કરતાં હતાં?

૨. પાણીમાં પડેલો ચાંદો તરતો હશે કે ડૂબી ગયો હશે?

૩. ચાંદો તળાવમાં ક્યાં પડેલો હશે? તળિયે કે સપાટી ઉપર?

૪. બચ્ચાંને એવું કેમ લાગ્યું કે ચાંદો પાણીમાં પડી ગયો છે?

૫. ચાંદાને તળાવમાંથી બહાર કાઢવા માટે મીકીએ કયો ઉપાય બતાવ્યો?

૬. ચાંદો તળાવમાં અને આકાશમાં બંને જગ્યાએ કેમ દેખાતો હશે?

## વાર્તામાંથી ઉદાહરણ મુજબના શબ્દો શોધીને લખો અને તે શબ્દોના આધારે વાક્યો બનાવો.

વિદ્યાર્થીઓને બે-બેની જોડીમાં બેસાડી આ પ્રવૃત્તિ કરાવો.

**ઉદા. ઊંચાં-ઊંચાં : તળાવની પાળે તાડનાં ઊંચાં-ઊચાં ઝાડ હતાં.**

૧. રમતાં-રમતાં :

૨.

૩.

૪.

૫.

⬡ વાક્ય સાચું હોય તો હસતાં ☺ પર ✓ કરી મોટેથી સાચું સાચું હસો. વાક્ય ખોટું હોય તો રડતાં ☹ પર ✗ કરી મોટેથી ખોટું-ખોટું રડો.

વારાફરતી વાક્યો વાંચો. એ વાક્ય જેટલા વિદ્યાર્થીઓ સાચું માનતા હોય તેમને ઊભા થઈ હસવાનો અને જે વિદ્યાર્થીઓ ખોટું માનતા હોય તેમને ઊભા થઈ રડવાનો અભિનય કરવા કહો. તેમને ચર્ચા કરી વાક્ય સાચું છે કે ખોટું તે નક્કી કરવા કહો. ચર્ચા પછી ત્રીજા ખાનામાં સાચું ☺ ☹ દોરવા કહો.

૧. ઝાડ પર સરદાર બાહુબલી વાંદરાનાં પરિવારનું ટોળું રહેતું હતું. ☺ ☹ ☐

૨. વાંદરાં ઝાડ પરનાં મીઠાં ફળો ખાતાં હતાં. ☺ ☹ ☐

૩. તળાવનાં પાણીમાં ચાંદાનો પડછાયો દેખાતો હતો. ☺ ☹ ☐

૪. જગ્ગુએ ચાંદાને પાણીમાંથી બહાર કાઢ્યો. ☺ ☹ ☐

૫. ચાંદાએ બહાર નીકળીને બધાં બચ્ચાંને ચોકલેટ આપી. ☺ ☹ ☐

૬. મહાબલીએ બચ્ચાંને સમજાવ્યાં કે ચાંદો તો આકાશમાં છે. ☺ ☹ ☐

⬡ શબ્દો વાંચો. જે શબ્દો માત્ર વાર્તામાં આવતા હોય તેની સામે વા. લખો. જે માત્ર ચિત્રમાં દેખાતા હોય તેની સામે ચિ. લખો. અને જે વાર્તા અને ચિત્ર બંનેમાં હોય તેની સામે વા. ચિ. લખો.

| | |
|---|---|
| ૧. ઝાડ વા. ચિ. | ૬. આકાશ ______ |
| ૨. પર્વત ચિ. | ૭. ડાળી ______ |
| ૩. જંગલ વા. | ૮. થડ ______ |
| ૪. તળાવ ______ | ૯. ચાંદો ______ |
| ૫. દાંત ______ | ૧૦. પૂંછડી ______ |

⬡ **ત્રણના જૂથમાં કામ કરો. વાર્તામાંથી તમને ગમતાં ત્રણ શબ્દો પસંદ કરો. સાથે મળીને વાક્ય બનાવી લખો. તમારું વાક્ય વર્ગમાં વાંચી સંભળાવો.**

**ઉદા. પૂનમ - પૂનમની રાત્રે ચંદ્ર થાળી જેવો ગોળ દેખાય છે.**

૧. ______ - ______

૨. ______ - ______

૩. ______ - ______

⬡ **આવું કોણ બોલે છે? કહો :**

૧. ''નક્કી ચાંદો પાણીમાં પડી ગયો છે.''

૨. ''ના, ના, આ ચાંદો નથી. આ તો સરસ મજાનું ફળ છે.''

૩. ''ચાંદો હોય કે ફળ, એને પાણીમાંથી બહાર તો કાઢો.''

૪. ''વાહ! કેવી મજા પડશે! કામ પણ થશે અને ગમ્મત પણ થશે.''

૫. ''એ તો ચાંદાનું પ્રતિબિંબ છે. આકાશમાં જુઓ. એ રહ્યો તમારો ચાંદો.''

⬡ **વાક્યોને વાર્તાના ક્રમમાં ગોઠવો :**

☐ બાળ-વાનરસેનાએ તળાવમાંથી ચાંદો બહાર કાઢવાનું નક્કી કર્યું.

☐ જગ્ગુના હાથમાંથી ડાળીની પકડ છટકી ગઈ.

☐ વડીલ વાંદરાં ઘસઘસાટ ઊંઘતાં હતાં.

☐ જગ્ગુ, ચિમ્પુ, મોન્ટી, મીકી પૂંછડી પકડી પાણી સુધી પહોચ્યાં.

☐ તળાવમાંનો ચાંદો તો કાચની બંગડીની જેમ તૂટી ગયો.

☐ ઝાડ પર સરદાર મહાબલીનો પરિવાર રહેતો હતો.

- **ચાલો ગાઈએ ગીતડું :** તબડક તબડક તબડક...


⬡ **રીડિંગ ક્રિકેટની રીતે 'ચાંદો પકડ્યો' વાંચો :**

⬡ **પેરાશૂટ બનાવીએ :**

- **જરૂરી વસ્તુ :** હાથરૂમાલ, દોરીના ચાર ટુકડા અને પથ્થર

- **કેવી રીતે બનાવશો?**

  હાથરૂમાલના ચારે છેડે(ખૂણે)થી એકસરખી લંબાઈના દોરીના ટુકડા બાંધો, દોરીના ચારેય ખુલ્લા છેડાઓને પથ્થર સાથે આકૃતિમાં દર્શાવ્યા પ્રમાણે બાંધો. દોરીઓ એકસરખી લંબાઈની રાખવી. વડીલને સાથે રાખી અગાશી ઉપરથી આ પેરાશૂટને નીચે પડવા દો.
- અગાશીમાંથી પથ્થરને પેરાશૂટ સાથે અને પેરાશૂટ વગર નીચે પડવા દઈએ તો શો ફેર પડે?



- **પ્રયત્ન કરો :**

(૧) હાથરૂમાલને બદલે કાગળનો ચોરસ ટુકડો વાપરી જુઓ.

(૨) પથ્થરના બદલે ટમેટું વાપરીને જુઓ.

(૩) પથ્થરના બદલે સંચો વાપરીને જુઓ.

- **કહો :** હાથરૂમાલમાં કાણું હોય તો આ રમકડું કામ આપશે?

## ગીત :





મારા ફળિયાને લીમડે પોપટ રમે,<br>
એની ગોળ-ગોળ આંખ.<br>
એની લીલી-લીલી પાંખ,<br>
એ તો બોલતો ને ઊડતો સૌને ગમે.<br>
મારા ઘરને આંગણે ચકલી રમે,<br>
એની ઝીણી-ઝીણી આંખ,<br>
એની નાની-નાની પાંખ,<br>
એ તો રમતી ને ઊડતી સૌને ગમે.<br>
મારી નાનકડી બહેન ઘરમાં રમે,<br>
એની કાલી-કાલી બોલી.<br>
એની આંખ ભોળી-ભોળી,<br>
એ તો રમતી ને હસતી સૌને ગમે.





– ઝીણાભાઈ દેસાઈ 'સ્નેહરશ્મિ'

## લખો :

- **કેવી છે?**

(૧) પોપટની ________ આંખ, ________ પાંખ.

(૨) ચકલીની ________ આંખ, ________ પાંખ.

(૩) બહેનીની ________ આંખ, ________ બોલી.

- **ક્યાં છે?**

(૧) પોપટ ________ (૨) ચકલી ________ (૩) બહેની ________

- **સૌને શું ગમે?**


ઉદા. બોલતો અને ઊડતો પોપટ

(૧) ________ અને ________ ચકલી

(૨) ________ અને ________ બહેની

(૩) ________ અને ________ હું

## ચિત્ર પરથી ખાલી જગ્યા પૂરો :




પોપટ કેવો છે? પોપટ લીલો છે.



કાળી બિલાડી કેવી છે? ________

બંનેમાંથી કઈ બિલાડી પાતળી છે? ________




હાથી કેવો છે? ________

બંનેમાંથી નાનું કોણ છે? ________

________ ________




કેટલી ચકલીઓ છે?





લોંગજી કેવા છે?

બંનેમાંથી નીચું કોણ છે?



કાગડાનું પીંછું કેવું છે?

ક્યું પીંછું લાંબુ છે?

## ઉદાહરણ મુજબ વાક્યો બોલો :

વર્ગખંડની વસ્તુઓના આધારે વાક્યો બોલો અને વિદ્યાર્થીઓને એવાં વાક્યો બોલવા કહો.

- ચોક <u>જાડો</u> છે. • બોલપેન <u>પાતળી</u> છે.

(સસ્તું-મોંઘું, ભારે-હલકું, ઊંચું-નીચું, મોટું-નાનું)

## વાંચો અને સમજો :

| ક્રમ | વાક્ય | વાક્ય | શાના વિશે ? | શું કહ્યું છે ? |
|---|---|---|---|---|
| ૧. | બિલાડી રમે છે. | નાની બિલાડી રમે છે. | બિલાડી | નાની |
| ૨. | નમ્રતા દોડે છે. | તોફાની નમ્રતા દોડે છે. | નમ્રતા | તોફાની |
| ૩. | ઈરફાન દૂધ પીવે છે. | ઈરફાન ગરમ દૂધ પીવે છે. | | |
| ૪. | દ્વારકેશ ઝભ્ભો પહેરે છે. | દ્વારકેશ સફેદ ઝભ્ભો પહેરે છે. | | |
| ૫. | રોબિનને માથે ચોટી છે. | રોબિનને માથે લાંબી ચોટી છે. | | |
| ૬. | આ મારું મકાન છે. | મારું મકાન મોટું છે. | | |

## જેના વિશે માહિતી હોય ત્યાં ◯ અને જે વધારાની માહિતી હોય ત્યાં ▭ કરો.

૧. ઐશ્વર્યાની આંખો માંજરી છે.

૨. આદ્યા ચંચળ છોકરી છે.

૩. સોફિયાને ચોખ્ખા દાંત ગમે.

૪. અરમાન હોશિયાર વિદ્યાર્થી છે.

૫. દ્વિજ વિજ્ઞાન વાર્તાઓ વાંચે છે.

૬. પરિતાએ સુંદર દૃશ્ય જોયું.

૭. દાદાની ફાંદ ગોળમટોળ છે.

- **ચાલો, ગાઈએ ગીતડું : તબડક તબડક તબડક...**

## યોગ્ય વિકલ્પ મૂકો.

૧. નવ્યાએ બટન ટાંકવા ____________ દોરો લીધો. (પાતળું/પાતળા/પાતળો)

૨. મિલિન્દે ____________ સાપ પકડ્યો. (એકેય/એક/બે)

૩. જેઠાલાલે ____________ લસ્સી પીધી. (ઠંડી/ઠંડું/ઠંડો)

૪. સુસ્મિતા ____________ મરચું ખાઈ શકે છે. (તીખું/તીખી/તીખા)

૫. ____________ ઑફિસમાં કૃતિકા અને દેવાંશી બેઠા. (મોટા/મોટી/મોટું)

૬. ઝાડનું થડ ____________ છે. (જાડું/જાડા/જાડી)

૭. ડોશીમાના માથાના વાળ ____________ છે. (ધોળું/ધોળા/ધોળી)

૮. મારી બોલપેન ____________ છે. (સસ્તી/સસ્તું/સસ્તા)

## ફકરો વાંચો અને અનુલેખન કરો :

કાળો કાગડો બગીચામાં સફેદ સસલા સાથે ફરવા નીકળ્યો. તેઓ હળવી કસરત કરતા હતા. કાગડાને અચાનક ચક્કર આવ્યાં સસલાએ તેને કડવી દવા આપી. કાગડાએ તો

મોં બગાડ્યું એટલે સસલાએ તેને ગળ્યા લાડવા જમાડ્યા અને સસલાએ લાલ ગાજરની મજા માણી. પછી બંને ઘેર પાછા ગયા.

**તમે અનુલેખન કરેલા ફકરાનાં વાક્યોમાં જેના વિશે માહિતી હોય ત્યાં ◯ અને જે વધારાની માહિતી હોય ત્યાં ▭ કરો.**

**વધારાની માહિતી ઉમેરી વાક્ય લાંબું કરો :**

| | |
|---|---|
| ૧. મારા ઘરે ગાય છે. | ૧. મારા ઘરે સફેદ ગાય છે. |
| ૨. આકાશમાં પક્ષી ઊડે છે. | ૨. આકાશમાં ત્રણ પક્ષી ઊડે છે. |
| ૩. સુરેન્દ્રએ પતંગ ચગાવ્યો. | ૩. |
| ૪. દાદીએ લાડવા વહેંચ્યા. | ૪. |
| ૫. મીના અને રેણુકાએ રંગોળી પૂરી. | ૫. |
| ૬. | ૬. |
| ૭. | ૭. |

**ગીત ગાઓ :**

ગીતનું સમૂહગાન કરાવવું.

ટપ્પુ નામે હતો કાચબો, અટક હતી લપલપિયા.
આખો દી' બસ પાણીમાં રહી કર્યા કરે છબછબિયાં.
એક સવારે સાવ નિરાંતે બેઠો ટપ્પુ પાળે,
પીઠ ઉપરથી લપસે ટીપાં લીસા લીસા ઢાળે.

આકાશેથી ઊતરી ત્યાં તો એક વાદળી ધોળી,
જરાક ઝીણવટથી જોયું તો હતી હંસની ટોળી.

ટપ્પુએ સપનું જોયેલું માનસરોવર જાશું,
હંસ ચરે છે એવાં સાચ્ચે સાચ્ચાં મોતી ખાશું.

એક જ પળમાં કરી દોસ્તી લઈ લીધું પ્રોમિસ,
હંસ કહે કે ઊડીએ ત્યારે જરાય ના બોલીશ.

ઊડતાં પહેલાં ટપ્પુભાઈએ કરી લીધું શોપિંગ,
ઘણી બધી વસ્તુ લીધી, ને લીધી ખારી શિંગ.

હંસ લાકડી લઈ આવ્યા ને આવ્યું ઊડવા ટાણું,
ફરી ફરીને ગોખાવ્યું 'મૂંગા રહેવું' એ ગાણું.

મગર, માછલાં અને દેડકાં જુએ ધારી ધારી,
તળાવની પાળેથી ઊડી શાહી એક સવારી.



ઊડતાં ટપ્પુને જોવા સૌએ દરવાજા ખોલ્યા,
ફુલાઈ જઈને ટપ્પુભાઈ તો 'બાય, બાય, ટાટા' બોલ્યા.

છૂટી લાકડી મોંમાંથી ને ટપ્પુ ઊંધા માથે,
ઊંચે જઈને કોઈ કદી ક્યાં સમજણ રાખે સાથે?

પડ્યો ધ્રાસકો હંસોને કે હમણાં ટપ્પુ મરશે,
આ કંઈ ઓછું પાણી છે કે છબછબ કરતાં તરશે?

ત્યાં ટપ્પુએ સ્વિચ દબાવી ખોલ્યું પેરાશૂટ,
પાંખ વીંઝવાનીયે આમાં નહોતી માથાકૂટ.

બજારમાં જઈ સાવ અમે કંઈ નહોતી લીધી શિંગ,
ટપ્પુભાઈ કહે હુંય હવામાં કરી શકું સ્વિમિંગ.



હતી વાર્તા જૂની જેમાં ઘણા કાચબા મરતા,
ટપ્પુભાઈ તો આકાશેથી પીંછા જેમ ઊતરતા.

નીચે ઊતરી ટપ્પુભાઈ તો ગંગાજીમાં નાહ્યા.
ખાધું-પીધું, રાજ કીધું ને મીઠાં ગીતો ગાયાં.

- કૃષ્ણ દવે

## વાંચો અને સમજો :

૧. મિત્રો ભેગા મળી રાત-દી' મજા કરતા.
૨. સસલાનું બચ્ચું રૂની પૂણી જેવું ધોળું હતું.
૩. મળ્યા એ પળથી ટપ્પુ અને રાજહંસને પાકી દોસ્તી થઈ ગઈ.
૪. પ્રવાસમાં જવાનું હોવાથી મેં નવાં કપડાં, બૂટ, નાસ્તાનું શૉપિંગ કર્યું.
૫. ઊંઘવા ટાણે મને ઊંઘ નથી આવતી.
૬. અમે પ્રવાસે નીકળ્યા ત્યારે મમ્મી-પપ્પા અમને બાય-બાય કહેતા હતા.
૭. પપ્પાએ પ્રોમિસ કર્યું કે તેને તેના જન્મદિવસે નવી સાઈકલ લાવી આપશે.
૮. ઓટલી ઉપર નાના મહેશને મૂકી સંગીતાબહેન ઘરને તાળું મારવા ગયા. પાછા ફરી જોયું તો મહેશ દેખાયો નહીં. તેમને ધ્રાસકો પડ્યો. એટલામાં ઓટલી પાછળથી મહેશે કહ્યું, 'થપ્પો'.
૯. તરતાં ન આવડતું હોય તેમણે સ્વિમિંગ-પૂલમાં તરતાં શીખવું જોઈએ.
૧૦. ગરમી લાગતી હોય તો પૂઠું વીંઝો, પવન આવશે.

## વાતચીત :

૧. આ ગીતની કઈ લીટી સાંભળવી તમને ગમી?
૨. આ ગીતની કઈ લીટી ગાવી તમને ગમી?
૩. આ ગીતની કઈ લીટીનો અભિનય કરવો તમને ગમે?
૪. ટપ્પુભાઈ આખો દિવસ કયું કામ કરતા હતા?
૫. તમને ઊડતાં આવડે તો તમે ક્યાં-ક્યાં જવાનું પસંદ કરશો?
૬. તમે મુસાફરી માટે કે ફરવા ગયા હોવ ને પડો ત્યારે કેવી રીતે રડો? અભિનય કરો.

## જવાબ લખો :

૧. હંસોએ કાચબાને આકાશમાં કેવી રીતે ઉડાડવાનું વિચાર્યું ? કયો ઉપાય બતાવ્યો?

૨. કાચબાને માનસરોવર લઈ જતાં પહેલા હંસે કઈ શરત મૂકી?

૩. માનસરોવરમાં જવા માટે કાચબાએ શું-શું ખરીદ્યું?

૪. તમારે બહાર જવાનું હોય તો તમે શી-શી ખરીદી કરો?

૫. કાચબાને આકાશમાં ઊડતાં કોણ-કોણ જુએ છે?

૬. ટપ્પુ કેવી રીતે બચી ગયો?

## ગીતના આધારે સરખા બોલાતા શબ્દો લખો :

લપલપિયા - છબછબિયાં

| | |
|---|---|
| પાળે - | ખોલ્યા - |
| ધોળી - | માથે - |
| જાશું - | મરશે - |
| ટાણું - | મરતા - |
| ઘારી - | નાલ્યા - |
| આવ્યું - | પેરાશૂટ - |

- **ત્રણ-ત્રણનાં જૂથમાં બેસી, વાતચીત કરી, આ ગીતની વાર્તા બનાવો. વર્ગમાં કહો.**
- **કાચબાભાઈ હંસો પાસે ગયા તેનું નાટક કરો. સંવાદ આગળ વધારી વર્ગખંડમાં ભજવો.**

**ટપ્પુભાઈ :** કેમ છો હંસભાઈ? મારે તમારું થોડું કામ છે.

**હંસ :** બોલોને ટપ્પુભાઈ.

**ટપ્પુભાઈ :** તમે લઈ જાઓ તો મારે પણ માનસરોવર આવવું છે.

**હંસ :** જુઓ, અમે લઈ તો જઈએ પણ એક શરત; તમારે રસ્તામાં એકદમ ચૂપ રહેવાનું.

**ટપ્પુભાઈ :** એ તમતમારે ચિંતા ન કરો.

## વાંચો, વિચારો, કહો, લખો :



- **અદ્વૈત પતંગિયું બન્યો અને પ્રતીક્ષા વંદો બની. તેઓ બે મિનિટ આંખ બંધ કરીને બેઠા. પછી પોતાના જૂથમાં નીચે પ્રમાણે રજૂઆત કરી.**

**અદ્વૈત** : મેં તો એક પછી એક ફૂલ પર જવા ઊડાઊડ કર્યું. ફૂલ પર બેસીએ ત્યારે તો મલમલની ગાદી જેવું લાગે. ગાદી પર બેઠાં-બેઠાં મેં તો ધરાઈને જાતજાતના રસ પીધા. ધરાઈ ગયા પછી હું તડકો ખાવા બેઠું. તડકો વધ્યો એટલે મેં ગોગલ્સ પહેરી લીધાં. પવન ધીમો હતો. હું હીંચકે હીંચકતો હોઉં એમ લાગતું હતું. હીંચકે ઝૂલવાની તો ખૂબ મજા પડી. એટલામાં જોરદાર પવન આવ્યો. હું તો પાંખડીને ચોંટી જ પડ્યું. પછી મને બીજા ફૂલના રસ ચાખવાનું મન થયું. હું પાડોશના બગીચે જવા ઊડ્યું. ત્યાં રસ્તામાં દરિયો આવ્યો. આખો દરિયો ઊડીને હું સૂર્યાબહેનના બગીચે પહોંચ્યું.

**પ્રતીક્ષા** : તને બીક ના લાગી? કોઈ દવા છાંટી દે તો?

**અદ્વૈત** : શાની બીક? હું તો માસ્ક પહેરું છું ને!

## લખો :

૧. વંદો બનેલી પ્રતીક્ષાએ શું કહ્યું હશે? લખો.

પ્રતીક્ષા :

૨. પતંગિયું શાના પર હીંચે છે?

૩. પતંગિયાને દરિયો લાગ્યું તે શું હશે?

- આ રીતે તમે જૂથમાં કામ કરો. અળશિયું, દેડકો, મંકોડા, કીડી, ફૂદું જેવાં જીવજંતુઓમાંથી કોઈ એક બનો, થોડીવાર એ જીવજંતુ બનીને વિચારો. તમારા અનુભવ પોતાના જૂથમાં કહો.

## નકામો શબ્દ છેકો, મોટેથી વાંચો.

એક જંગલ હતું. **તેમાં/તેની** એક સસલું રહેતું હતું. એક દિવસ એક કૂતરો **તેને/તેની** પાછળ પડ્યો. કૂતરાથી બચવા **તું/તે** ખૂબ દોડ્યું. સસલું એટલી ઝડપથી દોડ્યું કે કૂતરું **તેના/તેને** પકડી શક્યું નહીં. છેવટે, હાંફીને કૂતરું બેસી ગયું. એક શિકારી આ બધું જોઈ રહેલો. **તેણે/તેને** કૂતરાને પૂછ્યું, ‘‘કેમ, **હું/તું** આટલું સસલુંય પકડી ના શક્યો? કૂતરું કહે, ‘‘**તું/હું** મારવા માટે દોડતો હતો, **તે/હું** બચવા માટે દોડતું હતું.’’

## મોટેથી ગાઓ :

૧. ચકાચક ચકરી
હરતી-ફરતી બકરી
ખટાખટ વાદળાં
ધડાધડ દડી પડ્યાં

૨. વાઘ હરતો-ફરતો
મીઠાઈ શોધતો કૂતરો
સિંહથી ડરતાં-ડરતાં
તારા બધા ખરતા

## શું કેવું છે? કહો :

૧. લીસું કે ખરબચડું? : ચોપડીનું પૂંઠું, નવી નોટનું પાનું

તમારા ગાલ, તમારા મમ્મીના ગાલ

૨. પોચું કે કઠણ? : કાચું પપૈયું, પાકું પપૈયું

ગાલ, હથેળી

૩. સુગંધવાળું કે દુર્ગંધવાળું? : એંઠવાડ, દાળ

ધોયેલા વાળ, ધોયા વગરના વાળ

## હસો :

**શિક્ષક** : ફટાફટ પેન્સિલ આપ.

**ગુરુ** : સર, તમારી પાસે જ છે.

**શિક્ષક** : ક્યાં છે?

**ગુરુ** : તમારા કાન પર.


**શિક્ષક** : ઉતાવળ છે. જલ્દી બોલ, કયા કાન પર છે?

•

# ૬ બતક અને અથવા પણ હંસ

Y8E2J1

⬡ ચાલો, ગાઈએ ગીતડું :



ઊંચા ઊંચા ડુંગર ચડશું

ઊંડી ઊંડી ખીણ ઊતરશું.

વ્હેતા જળમાં ન્હાશું તરશું,

હરિયાળીમાં હરશું ફરશું.

પંખી સાથે કલરવ કરશું.

મીઠા તડકે અમે મલકશું,

રેશમિયા રેતીમાં ઢળશું,

મોજાંને મસ્તીથી મળશું.

આ ચિત્ર શાનું છે? કહો. તમે તેને ઓળખો છો? આ ચિત્ર વિશેની વાર્તા તમને ખબર છે? શિક્ષક પાસેથી જાણો.

મોટેથી વાંચો.

## કદરૂપું બતકડું


એક બતકીએ એક સુરક્ષિત જગ્યાએ ચાર ઈંડાં મૂક્યાં. તે ઈંડાં પર બેસતી અને બચ્ચાં બહાર આવવાની રાહ જોતી. એક દિવસ તેની નજર ઈંડાં પર પડી. તે વિચારમાં પડી :

''અરે! મેં ચાર ઈંડાં મૂક્યાં હતાં કે પાંચ? ચાર હતાં, ના ના, પાંચ હતાં; હુંય કેવી મા છું! મારા જ એક બચ્ચાને ભૂલી જાઉં છું.''

તે પાંચેય ઈંડાંને સેવવા લાગી. આખરે ખુશીનો દિવસ આવી ગયો. એક ઈંડું સહેજ સળવળ્યું. તેમાંથી ધીમો અવાજ સંભળાયો. ઈંડું ફૂટ્યું અને બચ્ચાએ બહાર ડોકિયું કર્યું. જોતજોતામાં બીજું, ત્રીજું અને ચોથું ઈંડું પણ ફૂટ્યું. થોડી વારમાં ચારેય 'ક્લક ક્લક' ગીત ગાવા લાગ્યાં. તેણે પાંચમા ઈંડા તરફ જોયું.

''મારું આ બચ્ચું ક્યારે બહાર આવશે? આ ઈંડું થોડું મોટું લાગે છે. જરૂર આ ઈંડાંમાંથી મારું સૌથી સુંદર બચ્ચું બહાર આવશે. એક દિવસ પછી એ ઈંડું પણ સળવળ્યું. અંદરથી ધીમો અવાજ સંભળાયો અને ઈંડું ફૂટ્યું તેમાંથી એક બચ્ચું બહાર નીકળ્યું. બતકીએ જેવું બચ્ચાને જોયું કે તેને થયું ''અરે! આ બચ્ચું તો થોડું મોટું લાગે છે. થોડું રાખોડી પણ છે. આમ કેમ થયું હશે?' પછી તરત મનમાં બોલી, ''હુંય કેવી મા છું! જુદું છે તો છે, મોટું છે તો છે, પણ બચ્ચું તો મારું જ છે ને હું તેને પણ તરતાં શીખવીશ.''


થોડા દિવસ પછી બતકી તેને પણ બીજાં બચ્ચાં સાથે તરવા લઈ ગઈ પણ બાકીનાં બચ્ચાં તેની મશ્કરી કરવા લાગ્યાં. કોઈએ તેને ધક્કો માર્યો તો કોઈએ તેના ઉપર ગંદું પાણી ફેંક્યું. બધાં કહેવા લાગ્યાં, ''અરે! આવું બતક હોય? આ તો કદરૂપું બતકડું છે.'' પછી તો બધાંએ તેનું નામ 'કદરૂપું બતક' પાડ્યું. બધાં બચ્ચાં



કહેવા લાગ્યાં, ''મા, અમે આ કદરૂપા બતક સાથે નહીં રમીએ. અમે તેની સાથે નહીં તરીએ.''

માતા બતકે તેમને સમજાવ્યા. ''બચ્ચાંઓ, તમારી જેમ આ પણ મારું જ સંતાન છે. તમે તેને આ રીતે છોડી દેશો તો કેમ ચાલશે?'' પણ કોઈ માન્યું નહીં. આ જોઈ બતકી ખૂબ દુ:ખી થઈ. કદરૂપું બતક પણ ખૂબ દુ:ખી થતું હતું.

એક દિવસ તેણે ઘર છોડી ક્યાંક બીજે ચાલ્યા જવાનો નિર્ણય કર્યો. તે ગયું એક સરોવરથી બીજા સરોવર અને બીજા સરોવરથી



ત્રીજા સરોવર. ત્યાં તેણે મરઘીનું ટોળું જોયું. તેણે કહ્યું, ''કેમ છો બધાં?'' વૃદ્ધ મરઘી બોલી, ''તું કોણ?'' બતક બોલ્યું, ''હું બતકડું છું''

જુવાન મરઘો બોલ્યો, ''તું કોણ?'' બતક કહે,''હું બતકડું''. એકે કહ્યું, ''હેં! તું બતકડું? તું બતકડું? પણ તું તો કેવું કદરૂપું છે? તું તો સાવ વિચિત્ર છે. તું તો સાવ બદસૂરત છે. ચાલ, ભાગ અહીંથી, અહીં કોઈ તારા દોસ્તાર નથી.'' બતકડું દુ:ખી થયું અને ત્યાંથી ચાલી નીકળ્યું.

પછી તે જ્યાં જ્યાં ગયું અને તેણે જેને જેને કહ્યું કે 'હું બતકડું છું.' તે બધાંએ તેને 'હેં! બતક આવું હોય! તું તો સાવ કદરૂપું છે.' એવું કહ્યું. બતકડું સાવ નિરાશ થઈ જતું.

પછી તે જંગલ પરથી ઊડ્યું, ખેતરો પરથી ઊડ્યું, અચાનક વાવાઝોડું શરૂ થયું. બતક સલામત સ્થળે આશરો શોધતું હતું. ત્યાં તેની નજર એક ઝૂંપડી પર પડી. તેણે ત્યાં રોકવાનો વિચાર કર્યો. ઝૂંપડીનો દરવાજો ખખડાવ્યો. અંદરથી એક ડોશીમા બહાર આવ્યા. બતકે કહ્યું,

''દાદી, હું તમારે ત્યાં રહું? હું તમને મદદ કરીશ.''

ડોશીમાએ કહ્યું : ''તું મને શું મદદ કરી શકે? પણ હા, વાવાઝોડું શાંત થાય ત્યાં સુધી તું અહીં રહી શકે.''

બે-ત્રણ દિવસ પછી વાવાઝોડું શાંત થયું. બતકે ફરીથી ઊડવાનું શરૂ કર્યું અને પહોંચ્યું એક

સુંદર સરોવર પાસે. ત્યાં કેટલાંક હંસ પરિવારો રહેતાં હતાં. તેને થયું અહીં મને કદાચ મારા નવા દોસ્તો મળશે. તે બીજાં બચ્ચાંઓ પાસે પહોંચી ગયું. વૃદ્ધ હંસે કહ્યું, ''અરે! તું ભૂલું પડી ગયેલું છે! આવ, હવે આપણે સાથે જ રહીશું.''

''ના, ના, હું તમારી સાથે નહીં રહું; હું તો બતકડું છું, એક કદરૂપું બતકડું. અહીંથી થોડાં સરોવર દૂર મારો પરિવાર રહે છે. હું તમારી સાથે કેમ રહું?''


જુવાન હંસે કહ્યું, ''તું અહીં રહે, પણ કોઈને હેરાન કરવાના નહીં. બસ, અમારી જેમ રહેવાનું.'' હવે આ બતક હંસોની સાથે રહેવા લાગ્યું.

થોડા સમય પછી એક દિવસ તે સરોવર કાંઠે બેસી પાંખો ફફડાવતું હતું. ત્યાં એક હંસકન્યા આવી. તેણે કહ્યું, ''તું ખૂબ સુંદર છે. તું મારો મિત્ર બનીશ?''

બતકડું બોલ્યું, ''તું મારી મજાક કરે છે? બધાં મને કદરૂપું કહે છે.'' તેને પોતાની જાત પર શરમ આવી અને તેણે માથું નીચું કરી લીધું. હંસકન્યાએ કહ્યું, ''તું પાણીમાં તારું પ્રતિબિંબ ધ્યાનથી જો. તને ખબર પડશે કે આપણે બન્ને સરખા જ છીએ.''

તેની નજર પાણીમાં પડી અને તેણે પોતાનું પ્રતિબિંબ ફરીથી જોયું. તે ખરેખર ખૂબ સુંદર હતું. પણ તે બતક જેવું લાગતું ન હતું. તે તો એક રાજહંસ હતો. એક સુંદર યુવાન રાજહંસ. હવે તેને સમજાયું તેને બધાં 'કદરૂપું બતક' કેમ કહેતા હતા.

તેણે હંસકન્યાનો આભાર માન્યો અને તેની સાથે આકાશમાં ઊંચે-ઊંચે ઊડી ગયો.



## વાતચીત :

૧. જો આ કદરૂપું બતકડું તમારી પાસે આવ્યું હોત તો તમે શું કર્યું હોત?

૨. જો તમે કદરૂપા બતકના ભાંડુ હો તો તમે શું નહીં કરો?

૩. તમને આ વાર્તામાં શું ગમ્યું અને શું ન ગમ્યું તે કહો.

૪. જો કોઈ ભૂલું પડીને તમારે ત્યાં આવી ચઢે તો તમે શું કરશો તે કહો.

૫. તમે કોની સાથે રમવાનું પસંદ કરશો?

૬. તમે કોની સાથે રમવાનું પસંદ નહીં કરો?

૭. આ વાર્તામાં તમને સૌથી વધારે કોણ ગમ્યું? કેમ?

૮. આ વાર્તામાં તમને કોણ ન ગમ્યું? કેમ?

૯. ધારો કે તમે 'કદરૂપું બતક' છો. તમારી માતાને ફોન કરો અને તમારી સાથે શું બન્યું તેની વાત કરો.

૧૦. તમારે કોઈ નવો/નવી મિત્ર બનેલ છે? પહેલીવાર તમારે કઈ રીતે વાત થઈ હતી? તમે શી વાત કરી હતી?

## નીચેનાં વાક્યો કોણ બોલે છે અને કોને કહે છે તે લખો :

૧. આ બચ્ચું પણ તમારી જેમ મારું જ સંતાન છે.

૨. વરસાદ બંધ થાય ત્યાં સુધી અહીં રહે.

૩. હું કદરૂપું છું એટલે તું મારી મજાક કરે છે?

૪. તું ભૂલું પડ્યું છે!

૫. અમે તેની સાથે નહીં રમીએ.

૬. તું મારો મિત્ર બનીશ?

| કોણ | કોને |
|---|---|
| | |
| | |
| | |
| | |
| | |
| | |

### નીચેનાં વિધાનો ખરાં છે કે ખોટાં તે કહો. ✓ કે ✗ ની નિશાની કરો.

૧. બતકીએ પાંચ ઈંડાં મૂક્યાં હતાં. ☐
૨. કૂતરો બતકથી ડરી ગયો તેથી તે દૂર નાસી ગયો. ☐
૩. તે કદરૂપું બતક નહીં પણ એક સુંદર રાજહંસ હતો. ☐
૪. બતકને હંસકન્યાએ સુંદર કહ્યો કે તરત જ તેને ખ્યાલ આવ્યો કે તે સુંદર હંસ છે. ☐
૫. બતકને ડોશીએ ઝૂંપડીમાં રહેવાની હા પાડી કે જેથી તે બતકનાં ઈંડાં લઈ શકે. ☐
૬. જુવાન મરઘો બતકનાં અસલી રૂપને ઓળખી ગયો. ☐

### કદરૂપું બતક જે કરતું હોય તેની પાછળના ખાનામાં ✓ કરો, જે ન કરતું હોય ત્યાં ✗ કરો.

| | | |
|---|---|---|
| ૧. ખૂબ ઊંચે ઊડતું. ☐ | ૨. ખૂબ ઝડપથી તરતું. ☐ | ૩. કૂતરાની સામે થઈ જતું. ☐ |
| ૪. પોતાનું પ્રતિબિંબ જોવા અરીસો રાખતું. ☐ | ૫. પોતાના ભાઈ-બહેનને ખૂબ હેરાન કરતું. ☐ | ૬. કદી રડતું નહીં. ☐ |
| ૭. ખૂબ દુ:ખી થતું. ☐ | ૮. હંમેશા એકલું રહેવાનું પસંદ કરતું. ☐ | ૯. કદી હિંમત હારતું નહીં. ☐ |
| ૧૦. બતકની જેમ ડરતું હતું. ☐ | ૧૧. તે પોતાને શક્તિશાળી માનતું હતું. ☐ | ૧૨. હંમેશા નવા મિત્રો બનાવવા પ્રયત્ન કરતું હતું. ☐ |

### એક-બે વાક્યોમાં જવાબ લખો :

૧. પાંચમું ઈંડું કોનું હતું? ____________________
૨. બતકમાતાને ખબર કેમ ન પડી? ____________________
____________________
૩. તેને બધા કદરૂપું કહેતા હતા તેનું કારણ શું હતું? ____________________
____________________
૪. કદરૂપા બતકે ઘર છોડવાનું નક્કી કેમ કર્યું? ____________________
____________________


## નીચેની પરિસ્થિતિમાં તમે શું કરશો? કહો.

વિદ્યાર્થીઓના જૂથ પાડી દરેકને એક એક વિધાન આપી ચર્ચા કરી રજૂ કરવાનું કહો.

૧. જો તમે બતકમાતા હો તો તમે શું કરશો?
૨. જો તમે યુવાન મરઘો હો તો તમે શું કરશો?
૩. તમારી શાળામાં કે પાડોશમાં કોઈ દિવ્યાંગ હોય તો તેની સાથે બધા રમે તેને માટે તમે શું કરશો?
૪. તમારે કોઈ તકલીફ હોય અને બીજાં બાળકો તમારી સાથે ના રમતા હોય તો તમે શું કહેશો?
૫. માતાને માટે બધાં બાળકો એકસરખાં હોય છે તે સમજાવવા તમારી આસપાસમાંથી તમે કોનું ઉદાહરણ આપશો?
૬. તમે વિદ્યાર્થીઓને કોઈક વિદ્યાર્થીની મશ્કરી કરતા જોયા છે? તેઓ શું શું કરે છે? તેમને આમ કરતા અટકાવવા તમે શું કરશો?
૭. જો બતકને હંસકન્યા ના મળી હોત તો બતકનું શું થાત?

## તમારા બે મિત્રોનો પરિચય વર્ગને આપો. તેમની વચ્ચે શું સરખું છે અને શું જુદું છે તે કહો :

## રાજહંસ દોરતાં શીખો.



## નીચેનાં વિધાનો કોણ બોલી શકે તે લખો :

૧. આ બતકડું જબરું દેખાય છે. માતા ભલે તેને આપણી સાથે રમાડવા કહે પણ આપણે તેને નહીં જ રમાડીએ. ____________

૨. આ બતક નથી લાગતું. તેને લાંબો સમય ઝૂંપડીમાં રહેવા ન દેવાય. ______

૩. આ પક્ષી ખાઈ શકાય તેવું લાગતું નથી. ______

૪. હે ઈશ્વર, મારું બચ્ચું કેમ કોઈને ગમતું નથી? ______

૫. બધા મને કેમ ધિક્કારે છે? ______

- **ચાલો, ગાઈએ ગીતડું :** ઊંચા ઊંચા ડુંગર ચડશું...

**રીડિંગ ક્રિકેટની રીતે 'કદરૂપું બતકડું' વાંચો :**


**વાંચો અને ભજવો.**

**મમ્મી :** મુન્ની કેમ રડે છે, તુષાર?

**તુષાર :** એને ઘોડિયામાંથી બહાર નીકળવું છે. તેથી તે રડે છે.

**મમ્મી :** તો એને બહાર કાઢ ને!

**તુષાર :** એને તેડું તો વધારે રડે છે.



**મમ્મી :** એવું શા માટે કરે છે?

**તુષાર :** કદાચ, મારા હાથ ભીના છે એટલે.

**મમ્મી :** હાથ લૂછતો કેમ નથી?

**તુષાર :** નૅપ્કિન નથી મળતો એટલે.

**મમ્મી :** અહીં આવ, હું લૂછી દઉં.

(તુષાર ઘોડિયા પાસે જ નમીને ઊભો રહે છે.)

**મમ્મી :** આવતો કેમ નથી?

**તુષાર :** આ મુન્ની મારો હાથ છોડતી જ નથી.

- **દરેક પ્રશ્નના આખા વાક્યમાં બે વાર જવાબ આપો. એકવાર 'એટલે' અને બીજી વાર 'તેથી' બોલીને.**

૧. મુન્ની કેમ રડે છે?

૨. તુષાર અડે ત્યારે મુન્ની શા માટે વધારે રડે છે?

૩. તુષાર હાથ શા માટે લૂછતો નથી?

૪. તુષાર શા માટે ઘોડિયા પાસે નમીને ઊભો રહ્યો?

૫. તુષાર મમ્મી પાસે હાથ લુછાવવા કેમ ના ગયો?

## જુઓ, વાંચો અને લખો :

**ઉદાહરણ :**



પ્રશ્ન : પ્રજ્ઞેશ કેમ ખુશ છે?


વાક્ય : ૧. પ્રજ્ઞેશને આઈસક્રીમ મળ્યો છે તેથી ખુશ છે.

૨. પ્રજ્ઞેશને આઈસક્રીમ મળ્યો એટલે ખુશ છે.

૧. કૃતિકા કેમ રડે છે?



૨. હર્ષાબહેને છત્રી કેમ ઓઢી છે?



૩. અંકિત દોડમાં કેમ જીત્યો?



૪. બાળકો કેમ ખુશ છે?



૫. નરેન્દ્રભાઈ કેમ લપસી પડ્યા?



૬. શ્વેતા કેમ પડી ગઈ?



## વાંચો, બોલો, લખો :

ઉદાહરણ : દવા કેમ લેવી પડે? તાવ આવ્યો છે તેથી/એટલે.

૧. બ્રશ શા માટે કરીએ છીએ? :

૨. ચોકલેટ કેમ ખરીદી? :

૩. અશ્વિન શા માટે રડ્યો? :

૪. જાગૃતિ શા માટે દોડી? :

૫. વહેલા કેમ ઊંઘી ગયા? :

## કયું બરાબર સમજાય છે ? બરાબર લાગે તેની સામે ✓ કરો. જો બરાબર ન લાગે તો નીચે લીટી કરેલો શબ્દ બદલીને કૌંસમાંથી બીજો વિકલ્પ મૂકો. (કે, અને, તો પણ, એટલે)

૧. કોમલ અને કરીના વાતો કરે છે.

૨. તને શું ભાવે, કેરી કે કેળાં?

૩. કાલે સોમવાર છે અને મંગળવાર?

૪. થેલીમાં ખૂબ ભાર હતો અને મેં ઊંચકી લીધી.

૫. તેણે છાલ ઉતારી તો પણ કેળું ખાવાનું શરૂ કર્યું.

૬. હાથ ધુઓ કે જમી લો.

૭. તે ઈનામ જીત્યો એટલે બધાએ તેને અભિનંદન આપ્યા.

૮. વરસાદ પડતો હતો તો પણ તેણે છત્રી લીધી.

૯. શાહમૃગના પગ લાંબા હોય છે તો પણ તે ઝડપથી ચાલે છે.

૧૦. ખૂબ વરસાદ પડતો હતો એટલે બતકડું ઝૂંપડીમાં રોકાયું.

### ⬡ જે-જે શબ્દો બરાબર ન લાગે તે-તે શબ્દો છેકી નાખો.

ઉ.દા. : હું ઘરેથી મોડી નીકળી **<u>અને/કે/તેથી/પણ</u>** નિશાળે સમયસર પહોંચી.

૧. તેણે આકાશમાં વિમાન જોયું **<u>અને/કે/તેથી/પણ</u>** તે ખુશ થઈ ગયો.

૨. હંસકન્યાએ તેને કહ્યું **<u>અને/કે/તેથી/પણ</u>** તે ખૂબ જ સુંદર દેખાય છે.

૩. કાણી ડોલમાં ગમે તેટલું પાણી ભરો **<u>અને/કે/તેથી/પણ</u>** ડોલમાં પાણી રહેશે નહીં.

૪. રસ્તામાં કેળાની છાલ હતી **<u>અને/કે/તેથી/પણ</u>** તેનો પગ લપસી ગયો.

### ⬡ કૌંસમાંના શબ્દોમાંથી યોગ્ય શબ્દ પસંદ કરી સંવાદ પૂર્ણ કરો. (અને, પણ, તો પણ, કે,એટલે, અથવા)

**મમ્મી :** બેટા, તાવ ઊતર્યો ?

**રાધા :** હા, તાવ નથી ________ પગ દુઃખે છે.

**મમ્મી :** તું દવા લે છે ________ ખોરાક તો સરખો લેતી નથી.

**રાધા :** હા મમ્મી, દવા બહુ કડવી છે મને દવા જોડે ખાંડ આપ ________ ગોળ આપ. પણ જલ્દી કર.

**મમ્મી :** જો બેટા, ડૉક્ટરઅંકલ કહેતા હતા ________ દવા કડવી હોય ________ લેવી તો પડે જ. આજે તું શાળાએ ન જઈશ. આરામ કર ________ ઓછો ખોરાક લે.

**રાધા :** આજે અમારી શાળામાં રમતગમત સ્પર્ધા છે, ________ મને શાળાએ જવાની ઈચ્છા છે.

**મમ્મી :** હું તારા વર્ગશિક્ષકને રજાચિઠ્ઠી મોકલાવું છું. આજે તો તું દવા લે ________ આરામ કર.

### ⬡ નીચેનો ફકરો વાંચો અને તેમાં ખાલીજગ્યામાં-અને, તો પણ, છતાં, પણ, કે, એટલે, તેથી-આ શબ્દોમાંથી યોગ્ય શબ્દ મૂકો.

**નોંધ : વાક્યમાં જ્યાં પક્ષી કે પ્રાણી કહે તેમ લખ્યું છે તેને સ્થાને જે-તે પક્ષી કે પ્રાણીનો અવાજ કરવો જેમ કે ચકલી કહે તેમ લખ્યું હોય તો 'ચીં ચીં ચીં' બોલવું.**

એક જંગલમાં ઘણા પ્રાણીઓ અને પક્ષીઓ રહે.

એક ઝાડ પર ચકલીઓએ માળા બાંધ્યા હતા. ઘણા દિવસ પછી તેના પાડોશીએ તેને જોઈ.

કબૂતર : ચકલીબહેન, તમે આટલા દિવસ ક્યાં હતાં?

ચકલીઓ કહે : અમે બધાં સાથે મળીને રહીએ છીએ. ______ કાગડાભાઈ રોજ અમને હેરાન કરે છે.

કબૂતર કહે : તમને કાગડો હેરાન કરે છે ______ તમે કોઈને કહેતાં નથી.

ઘુવડ કહે : અમે આટલા બધા તમારી સાથે છીએ ______ તમને હેરાન કરે છે?

બતક બોલ્યું : તમે બહુ શાંત છો ______ તમને હેરાન કરે છે.


હંસ બોલ્યો : અમને તો ખબરેય ન પડી ______ તમે આટલા દુ:ખી હતા.

કોયલ કહે : કાગડાને કહી દો ______ તમને હેરાન કરવાનું બંધ કરે ______ દૂર ક્યાંક બીજી જગ્યાએ જતો રહે.


ચકલી : તે પોતાનો માળો નહીં બદલે. ______ મને મદદ કોણ કરશે?

કોયલ : હું તમને મદદ કરીશ ______ કાગડાને પાઠ ભણાવીશ.

## ગીત :



ચકલી કરતી હૂપાહૂપ
ને વાનર કરતો ચીં ચીં,
વેંત એકના વાનરભાઈ
ને ચાર ફૂટની ચકલી,
એવું અમને સપનું આવ્યું,
અસલી હોય કે નકલી!
ચામાચીડિયું ચણતું ફળિયે
કાબર ડાળે લટકી,



સિંહને બટકું ભરી ગયેલ
ઘેટાથી સિંહણ ડરતી,
સાચી હોય કે ખોટી,
દુનિયા સપનાંની બહુ ગમતી!

પાણી ભરતી કીડીબહેનની,
અમે જ્યાં ગાગર ઢોળી,
કીડી અમારી પાછળ દોડી,
ભાગી આખી ટોળી,
સપનું પણ ભાગી ગયું,
જ્યાં જરાક આંખો ખોલી.



- જીતુ ત્રિવેદી

### વાતચીત :

૧. તમને આ કવિતામાં સૌથી વધુ શું ગમ્યું?

૨. તમને કેવાં-કેવાં સપનાં આવે?

૩. તમારું કોઈ એક સપનું બધાંને સંભળાવો.

### કવિતાને આધારે સાચો વિકલ્પ પસંદ કરી વાક્ય પૂરું કરો :

**ઉદાહરણ :** ઘેટાએ સિંહને બટકું ભર્યું તેથી / કે

(અ) સિંહે ઘેટાને માર્યું. (બ) સિંહણ નાસી ગઈ. (ક) ઘેટાનો દાંત પડી ગયો.

જવાબ : ઘેટાએ સિંહને બટકું ભર્યું તેથી સિંહણ નાસી ગઈ.

૧. સપનાની વાતો નકલી હતી અને/છતાં

(અ) આ વાતો ગમતી હતી. (બ) આ વાતો રડાવતી હતી.

(ક) આ વાતો ઊંઘ લાવતી હતી.

૨. બાળકે આંખ ચોળી છતાં/એટલે

(અ) આંખ દુ:ખવા લાગી. (બ) સપનું સાચું પડ્યું. (ક) સપનું ભાગી ગયું.

૩. મેં કીડીની ગાગર ઢોળી તેથી/છતાં

(અ) કીડી રીસાઈ ગઈ. (બ) કીડી ચકલી થઈ ગઈ. (ક) કીડી અમારી પાછળ દોડી.

૪. આ કવિતામાં વાનર એક વેંતનો છે અને/કે

(અ) હૂપાહૂપ કરે છે. (બ) કલબલ કરે છે. (ક) ચીં ચીં કરે છે.

## કવિતાને આધારે વાક્ય સુધારો :

૧. ચકલી ચાર ફૂટની હતી અને હૂપાહૂપ કરતી હતી.

૨. કીડી પાસે પાણીની ડોલ હતી.

૩. સિંહે ઘેટાને બટકું ભર્યું.

૪. ચામાચીડિયું ઝાડ પર લટકતું હતું.

૫. કીડીએ ચટકો ભર્યો એટલે સપનું ઊડી ગયું.

## આપેલા શબ્દોમાંથી ઓછામાં ઓછા ત્રણ શબ્દ બનાવો :

ઉ.દા. : વરસાદ-સાદ, વર, વદ, દર, સાર, સાવ

૧. વાતાવરણ -

૨. રાજહંસ -

૩. બાળપણ -

૪. મનપસંદ -

૫. જળકૂકડી -

- **ચાલો, ગાઈએ ગીતડું :** ઊંચા ઊંચા ડુંગર ચડશું...

**જૂથમાં કામ કરો. દરેક શબ્દ માટે આપેલાં વાક્યો વાંચો. દરેક શબ્દ માટે એક નવું વાક્ય બનાવો અને લખો. તમારું વાક્ય બીજા જૂથના વાક્ય સાથે સરખાવો.**

૧. સળવળ્યું - ધીમેથી હલ્યું

- જેવો તેણે બૂટમાં પગ નાખ્યો કે અંદર કશુંક સળવળ્યું.
- ઘાયલ પક્ષી પર પાણી છાંટ્યું પછી તે સળવળ્યું.
- 

૨. ડોકિયું કર્યું - નજર નાખી.

- રસોડામાંથી સુગંધ આવતી હતી તેથી મનીષાએ રસોડામાં ડોકિયું કર્યું અને શું બને છે તે જોયું.
- આચાર્યાબહેન આવ્યાં છે કે નહીં તે જોવા લતાની મમ્મીએ ઑફિસમાં ડોકિયું કર્યું.
- રાધાએ વરસાદ પડે છે કે નહીં તે જોવા બારીમાંથી ડોકિયું કર્યું.
- 

૩. પ્રતિબિંબ - અરીસામાં કે પાણીમાં દેખાતી પોતાની આકૃતિ

- મેં દર્પણમાં મારું પ્રતિબિંબ જોયું.
- કદરૂપા બતકે પાણીમાં પોતાનું પ્રતિબિંબ જોયું.
- 

૪. સંતાન - પુત્ર / પુત્રી

- બતકી રાજહંસના બચ્ચાને પોતાનું સંતાન માનતી હતી.
- સંતાનો પોતાના માતાપિતાની આજ્ઞા માને.
- 

૫. સુરક્ષિત - સલામત

- પક્ષીઓ માળો બાંધવા સુરક્ષિત જગ્યા શોધે છે.
- ઘર તડકો, ઠંડી, વરસાદથી બચાવે; તેમાં આપણે સુરક્ષિત રહીએ છીએ.
- 

૬. નામ પાડવું - બીજા નામે બોલાવવું

- બધાએ તેનું નામ કદરૂપું બતક પાડ્યું.
- શાળામાં બાળકો એકબીજાનાં નામ પાડે છે અને ખીજવે છે.
- તમારા મિત્રએ તમારું શું નામ પાડ્યું છે ? કેમ?
-

૭. કદરૂપું - બેડોળ, જેનો દેખાવ ન ગમે તેવું, સુંદર ન હોય તેવું

- માતાને કોઈ સંતાન કદરૂપું ન લાગે.
- બધા બતકના પાંચમાં બચ્ચાને કદરૂપું કહેતા કારણ કે તે બતક જેવું દેખાતું ન હતું.
-

**જોડીમાં કામ કરો. તમારા શિક્ષક ફકરો બોલશે, તમે તમારા જોડીદાર સાથે મળીને તે લખો. લખી રહ્યા પછી, બંને સાથે મળીને તમારા ફકરામાં થયેલી ભૂલોને સુધારીને ફરીથી લખો. તમારો ફકરો બીજા જૂથ સાથે સરખાવો.**

એકમ-૨ની વાર્તા 'વાંદળાંની ગમ્મત' માંથી પાંચ લીટી લખાવો.

સુધારેલો ફકરો :

સો

## શું ઘાટું, શું ઝાંખું? કહો :

૧. શું ગુલાબી? : ગાલ કે હોઠ

૨. શું કાળું? : વાળ કે આંખની કીકી

૩. શું લીલું? : મરચું કે પોપટ

૪. શું ધોળું? : દૂધ કે દહીં

૫. શું પીળું? : લીમડાનું પાકું પાન કે પાકી કેરી

## ત્રણના જૂથમાં કામ કરો. આપેલો ફકરો વાંચો, સમજો, જવાબ લખો.

રશ્મિને બાદ કરતાં બધાં બાળકો વર્ગમાં આવી ગયેલાં. સિલ્વેરાના મમ્મીએ આવી ગયેલાં બાળકોની સંખ્યા ગણી. તે પ્રમાણે તેમણે ડિશ તૈયાર કરી. તેમણે ડિશમાં ચટણીને બાદ કરતાં બધી વાનગી ગોઠવી દીધી. બધાં બાળકોની નજર ડિશમાંની લંબચોરસ વસ્તુ પર હતી. તેને કારણે મોઢામાં આવતું પાણી રોકવા બાળકો પ્રયત્ન કરતાં હતાં. સિલ્વેરાના મમ્મીએ ચટણી ઉમેરતાં જઈ બધાંને એક પછી એક ડિશ આપી. એટલામાં નાનાં-નાનાં પગલાં ભરતો રશ્મિ આવ્યો. રશ્મિ ઉમેરાતાં બાળકોની સંખ્યા અઠ્ઠાવીસે પહોંચી. હવે બધાંને નિરાંત થઈ કેમકે નાસ્તો કરીને જોડીમાં રમવાનું હતું; તે માટે પૂરતી સંખ્યા થઈ ગઈ.

૧. સિલ્વેરાના મમ્મીએ ગણ્યાં ત્યારે બાળકોની સંખ્યા કેટલી હતી? ____________

૨. શાના કારણે બાળકોના મોઢામાં પાણી આવી ગયેલું? ____________

૩. રશ્મિની ઊંચાઈ વધારે હશે કે ઓછી? ____________

૪. સિલ્વેરાના મમ્મીએ ડિશમાં શું મૂકવાનું બાકી રાખ્યું? ____________

૫. એક જોડી એટલે કેટલાં બાળકો? ____________

૬. આપેલા શબ્દ માટે સાચા અર્થ સામે ✓ કરો.

(ક) પગલાં :

☐ ભીની માટીમાં બગલાંનાં પગલાં હતાં.

☐ માણસને બે જ્યારે પશુને ચાર પગ હોય.

☐ વીસ પછી દસ પગલાં ભરતાં ત્રીસ આવે.

(ખ) સંખ્યા : ☐ ચાર સખીઓ રમતી હતી.

☐ અભિષેકે પોતાની લખોટીઓની સંખ્યા ગણી.

☐ ફિરોઝના દફતરમાં મોટી સંખ્યામાં દેડકા હતા.

(ગ) બાદ : ☐ ધ્રુવને બાદ કરતાં બધાંને બિસ્કિટ મળી ગયાં.

☐ મોસંબી બાદ કરતાં ઈકરાને બધાં ફળ ભાવે.

☐ બાદલ એક ઘોડો હતો.

(ઘ) ઉમેરતાં : ☐ પાંચ વર્ષની ઉંમરે તેને વાર્તા કહેતાં આવડી ગઈ.

☐ જરાક ખાંડ ઉમેરતાં શરબત ગળ્યું થઈ ગયું.

☐ બે શબ્દ ઉમેરતાં વાક્ય મજેદાર થઈ ગયું.

૭. ઘટનાના ક્રમ પ્રમાણે ગોઠવો.

☐ રશ્મિ આવ્યો.

☐ બાળકોના મોઢામાં પાણી આવ્યું.

☐ સિલ્વેરાના મમ્મીએ બધાં બાળકોને નાસ્તો આપ્યો.

☐ રશ્મિ સિવાયના બધાંને હવે નિરાંત થઈ.

☐ સિલ્વેરાના મમ્મીએ બાળકોની સંખ્યા ગણી.

**મોટેથી વાંચો :**

ચકલી ડાળે બેઠી'તી
ચકા સાથે રમતી'તી
મીઠી વાતો કરતી'તી
ગોળ ગોળ ફરતી'તી.

**હસો :**

**શિક્ષક** : જરા હસો.

**વિદ્યાર્થીઓ** : હા... હા... હા... હા...

**શિક્ષક** : અરે! મને જોક તો વાંચવા દો!

## ૭ એક છલાંગે દરિયો કૂદો

T5N4D1

### ચાલો, ગાઈએ ગીતડું :

લંકા તારી સળગી ગઈ
પૂંછડી મારી સાજી રહી...

તેલ પણ તારું, ગાભા તારા
દીવાસળી પણ તારી ગઈ
પૂંછડી મારી સાજી રહી...

સળગ્યાં મકાનો ને સળગ્યા મહેલો
ઊભી બજાર પણ સળગી ગઈ
પૂંછડી મારી સાજી રહી...



## વાર્તા વાંચો :

એક સરસ મજાનું જંગલ હતું. જંગલમાં માતા અંજની અને પિતા કેસરી સાથે પુત્ર હનુમાન રહે. પિતા આખો દિવસ કામકાજ માટે ઘર બહાર રહે. રોજ સવારે ઘરેથી જાય, સાંજે પાછા આવે. ઘરમાં નાનકડા હનુમાન માતા સાથે વાતો કરે, રમે અને માતાના કામમાં મદદ પણ કરે. હનુમાન બધાં કામ ખૂબ ઝડપથી પતાવી દે. બાકીનો બધો સમય માતા સાથે વાતો કરે અને રમે.

એક દિવસની વાત છે. અંજની માતાને રસોઈ બનાવવાનો સમય થયો હતો પણ હનુમાન તો માતા સાથે રમવા માગતા હતા. માતાએ વિચાર્યું, 'હનુમાનને કોઈ એવું કામ સોંપું કે જેથી એ કામ પૂરું કરતાં એને સમય લાગે અને એટલીવારમાં હું રસોઈ કરી દઉં. પછી હનુમાન આવશે ત્યારે એના બાપુજી પણ આવશે. ત્રણેય જણ સાથે જમીને પછી નિરાંતે વાતો કરીશું.' આમ વિચારી તેમણે કહ્યું, ''બેટા હનુમાન, જંગલમાંથી થોડાં પાકાં ફળ લેતો આવ.''

''જી, માતાજી.'' હનુમાને જવાબ આપ્યો.

હનુમાન તો ઘરની બહાર નીકળ્યા અને પોતાના જમણા હાથનો અંગૂઠો પકડ્યો. અરે આ શું? હનુમાન તો મોટા ને મોટા થવા લાગ્યા. હાથ પણ લાંબા ને લાંબા થવા લાગ્યા! પોતાનો હાથ લંબાવીને દૂરનાં ઝાડ પરથી પાકાં ફળ તોડી લીધાં હજી તો માતા રસોડામાં ગયાં ન ગયાં ત્યાં તો ફળ હાજર!

''હેં? એટલીવારમાં પાકાં ફળ આવી ગયાં? તારા બાપુ લાવ્યા?'' હનુમાને કંઈ જવાબ ન આપ્યો. એ તો મરકમરક હસતા રહ્યા. માતાજી વાત સમજી ગયાં.

''સમજી, મને ખબર છે, જમણા હાથનો અંગૂઠો પકડીને તને મોટા થતાં આવડે છે!''

''ચાલોને મા, આપણે કંઈ રમીએ!'' હનુમાને વિનંતી કરતાં કહ્યું.

''ના બેટા, હમણાં તારા બાપુજી આવશે. એમના માટે જમવાનું બનાવવાનું બાકી છે. જમીને પછી આપણે રમીશું.''

''ના, મારે તો અત્યારે જ રમવું છે.''

''ઠીક છે, તું એકલો એકલો બહાર રમ. હું ઘરમાં રસોઈ બનાવું. પણ જોજે પાછો, વારેવારે ઘરમાં આવીને મને હેરાન ન કરતો.'' હનુમાને જવાબ ન આપ્યો, માત્ર મરકમરક હસ્યા.

''તું એમ નહીં માને. લાવ ઘરની જાળી બંધ કરી દઉં. પછી કેવી રીતે આવીશ?'' એમ કહીને માતાએ જાળી બંધ કરી અને રસોઈ કરવા બેઠાં.

હનુમાન ઘરની બહાર અને માતાજી અંદર. માતાજી રોટલી બનાવતાં જાય અને છાબડીમાં મૂકતાં જાય. થોડીવાર પછી માએ છાબડીમાં જોયું તો એક પણ રોટલી નહીં. આજુબાજુ જોયું, પણ કોઈ દેખાયું નહીં.

માને વહેમ પડ્યો. એટલે મોટા અવાજે બૂમ પાડી, ''હનુમાન!''

હનુમાને બહારથી જ કહ્યું, ''હા મા''.

''જો મને ખબર છે કે રોટલી તેં જ ખાધી છે. પણ મને એ કહે કે તું અંદર આવ્યો ક્યારે અને કેવી રીતે?''

મરકમરક હસીને હનુમાને કહ્યું, ‘‘અંગૂઠો પકડીને મોટા થવાય એમ ટચલી આંગળી પકડું તો નાના પણ થવાય છે.’’

‘‘એમ? એટલે તું જાળીની વચ્ચેની જગ્યામાંથી આવ્યો’તો એમ ને?’’

‘હા મા’’.

‘‘હે ભગવાન, આ છોકરો મને જંપવા જ દેતો નથી!’’ એમ કહીને હનુમાનને લાડથી તેડી લીધો.

## વાતચીત :

૧. તમે ઘરમાં ક્યાં ક્યાં તોફાન કરો છો?
૨. તમે તોફાન ન કરો તે માટે મમ્મી/પપ્પા તમને શું કહે છે?
૩. તમે કેવી મસ્તી/મજાક કરો તો મમ્મી પપ્પા ખુશ થઈ જાય છે?
૪. હનુમાનનું કયું તોફાન તમને બહુ ગમ્યું?
૫. હનુમાનને હંમેશા શું કરવું ગમતું હતું?
૬. ‘હજી તો માતા રસોડામાં ગયાં ન ગયાં ત્યાં તો ફળ હાજર!’ આ વાક્યને આધારે કહો કે હનુમાન ફળ લાવ્યા ત્યારે માતા રસોડામાં હશે?
૭. માતાએ એવું કેમ માન્યું કે રોટલી હનુમાને જ ખાધી હશે?
૮. હનુમાન પોતાના શરીરને નાનું-મોટું કેવી રીતે કરતા હતા?
૯. માતાએ હનુમાનને પાકાં ફળ લાવવાનું કેમ કહ્યું હશે?
૧૦. આ ઘટના કયા સમયની હશે? સવાર, બપોર કે સાંજ? તમને કેવી રીતે ખબર પડી?
૧૧. હનુમાનની જેમ તમારે નાના-મોટા થવાનું હોય તો શું શું કરો? દા.ત. માથા પર ટપલી મારો, કાન ખેંચો વગેરે.
૧૨. તમે હનુમાનની જેમ નાના મોટા થઈ શકતા હો તો શું શું કરો?

## નીચે આપેલાં વાક્યોમાં શબ્દોની ભેળસેળ થઈ ગઈ છે. પાઠમાંથી શોધીને સાચાં વાક્યો લખો. :

વિદ્યાર્થીને જોડીમાં બેસાડી આ પ્રવૃત્તિ કરાવો.

૧. હતો બનાવવાનો માતાને સમય થયો રસોઈ

૨. એક પણ થોડીવાર જોયું પછી માએ તો રોટલી નહીં છાબડીમાં

૩. લંબાવીને પરથી ઝાડ હાથ દૂરના ફળ તોડી પોતાનો લીધાં પાકાં

૪. જાય રોટલી જાય મૂકતાં બનાવતાં અને માતાજી છાબડીમાં

૫. પકડીને થતાં અંગૂઠો હાથનો છે તેને મોટા આવડે જમણા

## જોડીમાં કામ કરો :

- **નીચે આપેલા શબ્દોમાં યોગ્ય સ્વર ચિહ્ન (ા, ે, ાં, ી, ુ, ૂ, ં, ો) ઉમેરીને નવા શબ્દ બનાવો.**

ઉદા. : હનમન - હનુમાન

મતજ ________ અગઠ ________ અજન ________

કસર ________ અગળ ________ ટચલ ________

- **ચાલો, ગાઈએ ગીતડું :** લંકા તારી સળગી ગઈ...

## વાંચો :



**દરવાન** : મહારાજની જય હો! મહારાજ, કેટલાક સૈનિકો એક વાનર જેવા માણસને લઈને સભાગૃહમાં આવવાની રજા માગે છે.

**રાવણ** : આવવા દો.

*(ચાર-પાંચ સૈનિકો હનુમાનને એક દોરડાથી બાંધીને લાવે છે.)*

**રાવણ** : અરે! આ કોણ છે? નથી માણસ કે નથી વાંદરો. એને અહીં શું કામ લાવ્યા છો? શું કામ છે?

**હનુમાન** : હું વા-નર છું. વા એટલે થોડું અને નર એટલે મનુષ્ય. હું થોડો મનુષ્ય જેવો છું.

**સૈનિક** : મહારાજ, આ બહુ તોફાની છે. એ આપને મળવાની જીદ કરતો હતો. એ પોતે દરિયાપારથી આવ્યો છે એમ કહે છે.

**રાવણ** : બોલ વાનર, શું કામ છે ?

**હનુમાન** : મારે કશું કામ નથી. આ તમારા સૈનિકો મને પકડી લાવ્યા છે.

**સૈનિક** : મહારાજ, આ માણસે આખી અશોકવાટિકા ખેદાનમેદાન કરી નાખી છે. બધાં ઝાડ પરથી બધાં ફળ ખાઈ ગયો. એટલું જ નહીં, કેટલાંક ઝાડ પણ મૂળમાંથી ઉખેડી નાખ્યાં.

**હનુમાન** : એ બધાં તો સૂકાં ઝાડ હતાં.

**રાવણ** : અરે મૂર્ખ વાનર, વચ્ચે ન બોલ. હવે કહે, તે શા માટે તોફાન કર્યું ? તું દરિયાપારથી આવ્યો છે, એ વાત સાચી છે?

**હનુમાન** : હા.

**રાવણ** : પણ, આવડો મોટો દરિયો ઓળંગીને કોઈ કેવી રીતે લંકામાં પ્રવેશ કરી શકે?

**હનુમાન** : જુઓ મહારાજ, એ જાણવું હોય તો મને પણ તમારા મંત્રીઓ બેઠા છે એવા આસન પર બેસાડો, પછી કહું.

**રાવણ** : તું એક તુચ્છ વાનર, લંકાની રાજસભામાં આસન પર બેસીશ?

**હનુમાન** : ના, હું પ્રભુ શ્રીરામનો સેવક છું. રામદૂત તરીકે આપની સામે ઉપસ્થિત છું. અત્યારે આપનો મહેમાન છું. એટલે આસન તો આપવું જ પડે. *(રામનું નામ સાંભળીને રાવણ વધુ ગુસ્સે થયો.)*


**રાવણ** : સૈનિકો, આ વાનરને હમણાં જ જેલમાં પૂરો.

**એક મંત્રી** : ક્ષમા મહારાજ, પણ આ અન્ય રાજ્યમાંથી આવ્યા છે એટલે આપણા મહેમાન કહેવાય. એમને જેલમાં ન પૂરાય. હું આપને વિનંતી કરું છું કે એમને આસન પણ આપવું જોઈએ.

**રાવણ** : બિલકુલ નહીં. એણે જે કહેવું હોય તે ઊભા ઊભા જ કહેવું પડશે.

*આમ કહી, હનુમાને પોતાના હાથની એક આંગળી ખેંચી અને પૂંછડી લાંબી થવા માંડી ! પૂંછડીને ગોળ ગોળ ગૂંચળા જેમ ગોઠવવા માંડી. પૂંછડી ખૂબ લાંબી થઈ એટલે રાવણ કરતાં પણ ઊંચું આસન થયું. હનુમાન તો કૂદકો મારીને એની ઉપર બેસી ગયા. રાવણ ગુસ્સાથી લાલચોળ થઈ ગયો.*

**રાવણ** : આ વાંદરાને તાત્કાલિક પકડી લો. એની પૂંછડી કાપી નાખો કે સળગાવી નાખો.



**મંત્રી** : પણ મહારાજ...

**રાવણ** : પણ ને બણ... આ મારી આજ્ઞા છે કે એ ઊભો જ રહેશે.

**હનુમાન** : કંઈ વાંધો નહીં, મને આસન પર બેસતાં આવડે છે.

*મંત્રીઓ અને સૈનિકો હનુમાનની આવી શક્તિથી ડરી ગયા એટલે એમ ને એમ ઊભા રહ્યા. હનુમાન પોતાના પૂંછાસન પર બેઠા બેઠા હસતા રહ્યા.*

**રાવણ** : સૈનિકો, તાત્કાલિક મારી આજ્ઞાનું પાલન કરો, આ અભિમાની વાનરની પૂંછડી સળગાવી દો.

સૈનિકો ક્યાંકથી થોડાં ગાભાં-ગોદડાં લાવ્યાં અને હનુમાનની પૂંછડી પર વીંટાળ્યાં. ક્યાંકથી તેલ લાવીને એ ગાભાં-ગોદડાં પર રેડ્યું. છેલ્લે દીવાસળીથી પૂંછડી સળગાવી.

*જેવી પૂંછડી સળગી કે તરત હનુમાને પોતાનું પરાક્રમ શરૂ કર્યું. લાંબી પૂંછડીનો છેડો જુદી જુદી જગ્યાએ અડકાવવા માંડ્યો. ઘડીકમાં આ ખૂણે તો ઘડીકમાં પેલા ખૂણે. આખી રાજસભામાં ભાગંભાગ થઈ ગઈ. હનુમાન તો સળગતી પૂંછડી સાથે ત્યાંથી કૂદીને રાજમહેલનાં બીજાં મકાનો તરફ ગયા. ત્યાંથી બજાર બાજુ ગયા. જ્યાં ગયા ત્યાં આગ લાગવા માંડી. લંકાના રાક્ષસો નાસભાગ કરવા લાગ્યા. સૈનિકો એક જગ્યાએ આગ હોલવે ત્યાં હનુમાન બીજી જગ્યાએ પૂંછડી અડકાડે. ઠેકઠેકાણે આગ લાગી. હનુમાન તો હસતા જાય, આગ લગાડતા જાય ને ગાતા જાય...*

**લંકા તારી સળગી ગઈ**
**પૂંછડી મારી સાજી રહી...**
**તેલ પણ તારું, ગાભા તારા**
**દીવાસળી પણ તારી ગઈ**
**પૂંછડી મારી સાજી રહી...**
**સળગ્યાં મકાનો ને સળગ્યા મહેલો**
**ઊભી બજાર પણ સળગી ગઈ**
**પૂંછડી મારી સાજી રહી...**

**વાક્યો સાચાં છે કે ખોટાં તે નક્કી કરો. ✓ અથવા ✗ કરો :**

૧. રાવણના મંત્રી ઈચ્છતા હતા કે હનુમાનને સન્માન મળે. ☐

૨. રાવણ વધુ ગુસ્સે થયો કારણ કે હનુમાન રાવણ કરતાં વધુ ઊંચા આસને બેઠા. ☐

૩. હનુમાને સભાગૃહમાં મંત્રીઓ જેવી બેઠક વ્યવસ્થા માગી. ☐

૪. હનુમાન પોતાની મરજીથી લંકાના સભાગૃહમાં ગયા. ☐

૫. રાવણે બીજા રાજ્યમાંથી આવનાર મહેમાનનું માન જાળવ્યું. ☐

૬. હનુમાને સળગતાં ગાભા-ગોદડાં નાખીને લંકાના મહેલમાં ઠેર-ઠેર આગ લગાડી. ☐

૭. પૂંછડીને લીધે હનુમાનનું આસન ઊંચા પીપડા જેવું બની ગયું. ☐

૮. રાવણે હનુમાનને નીચે ઊભા ઊભા જ વાત કરવા વિનંતી કરી. ☐

૯. હનુમાને રાવણને જણાવ્યું કે તેમણે શા માટે ઝાડવાંને નુકસાન કર્યું. ☐

૧૦. હનુમાન દરિયા જેવી મોટી નદી કૂદીને લંકા આવ્યા હતા. ☐

## વાચન :

તમારા શિક્ષકની સૂચના મુજબ વારાફરતી આખો પ્રસંગ વાંચો. દરેક વિદ્યાર્થી ત્રણ-ચાર લીટી વાંચશે. આમ, આખો પ્રસંગ બે-ત્રણવાર વંચાશે. એક વિદ્યાર્થી વાંચે ત્યારે બાકીના તમામ વિદ્યાર્થીઓ પોતાના પુસ્તકમાંથી મૂકવાચન કરશે.

## શબ્દશોધ :

**નીચે આપેલા કોષ્ટકમાં કેટલાક શબ્દો છુપાયા છે. આ શબ્દો પૈકી કેટલાક શબ્દો પાઠમાં છે, જ્યારે કેટલાક શબ્દો આ પાઠમાં નથી. પાઠમાં આવતા અને ન આવતા શબ્દો શોધો અને જુદા પાડીને લખો.**

| | | | | | |
|---|---|---|---|---|---|
| હ | સ | લં | મ | ન | મા |
| સ | નુ | રા | કા | મં | સી |
| વા | મુ | મા | આ | ત્રી | ભા |
| ન | વ | દ્ર | ન | ગ | ર |
| ર | ન | વ | સી | તા | ત |

| **પાઠમાં આવતા શબ્દો** | **પાઠમાં ન આવતા શબ્દો** |
|---|---|
| ઉદા. હનુમાન | સમુદ્ર |
| | |
| | |
| | |
| | |
| | |

## નીચેનું વાક્ય કોણ બોલી શકે? કૌંસમાંથી સાચો વિકલ્પ પસંદ કરો અને ખાલી જગ્યામાં લખો.

૧. હું મારી જાતે તમારી સભામાં નથી આવ્યો. - (રાવણ, સૈનિક, હનુમાન)

૨. મને તો અશોકવાટિકામાં કેળાં ખાવાની મજા પડી ગઈ હતી. - (સૈનિક, હનુમાન, મંત્રી)

૩. આ વાનરનો ગર્વ ઉતારવો પડશે. - (રાવણ, સૈનિક, મંત્રી)

૪. બીજા રાજ્યના મહેમાન સાથે સારો જ વ્યવહાર કરવો જોઈએ. - (રાવણ, સૈનિક, હનુમાન)

૫. આ વાનરને નિર્બળ સમજીને મેં ભૂલ કરી. - (રાવણ, સૈનિક, હનુમાન)

૬. લે, આ તેલ ગાભા પર રેડી દે. - (રાવણ, સૈનિક, હનુમાન)

૭. હવે તો રાવણનું આસન પણ સળગાવું. - (રાવણ, મંત્રી, હનુમાન)

૮. ઓ બાપ રે, આવડી મોટી પૂંછડી, મને તો બીક લાગે છે. - (રાવણ, સૈનિક, મંત્રી)

૯. મારી વાત માની હોત તો આ આગ ન લાગી હોત. - (રાવણ, મંત્રી, હનુમાન)

૧૦. ભાગો! ભાઈ દરિયામાં ભાગો! આ વાનર તો આખું ગામ સળગાવી દેશે. - (રાવણ, સૈનિક, મંત્રી)

**આ પ્રસંગમાં આવતા પાંચ નવા શબ્દો નોંધો. એ શબ્દનો ઉપયોગ કરીને તમારા શિક્ષક એક વાક્ય બનાવશે. તેના પરથી અર્થ સમજીને અર્થ લખો. પછી તે શબ્દનો ઉપયોગ કરી નવું વાક્ય લખો :**

દા.ત. ખેદાનમેદાન કરવું : બગાડી નાખવું

આ વર્ષે વાવાઝોડાને લીધે આખો વિસ્તાર ખેદાનમેદાન થઈ ગયો.

૧. :

૨. :

૩. :

૪. :

૫. :

- **ચાલો ગાઈએ ગીતડું :** લંકા તારી સળગી ગઈ...

**રમો : છોટા હનુમાન**

એક મેદાનમાં આઠ-દસ ફૂટ લાંબી લીટી દોરો. એ લીટી પર એક સાથે ચાર-પાંચ મિત્રો ઊભા રહો. બંને પગ એવી રીતે ભેગા રાખો કે જેથી બંને પગ એકબીજાને સ્પર્શેલા હોય. હવે, તમારા શિક્ષક પૂછશે : 'લંકામાં તો જાશે કોણ?' પાંચ મિત્રો એક સાથે બોલશે, 'અમે જશું ભાઈ, અમે જશું'. પછી શિક્ષક બોલશે, 'ફતેહ કરો ભાઈ, ફતેહ કરો'. શિક્ષક આવું બોલે ત્યારે બધાં મિત્રો એક સાથે કૂદશે. જે સૌથી વધુ લાંબું કૂદ્યા હોય તેવા વિદ્યાર્થી અલગ ઊભા રહેશે. આમ વર્ગના બધા વિદ્યાર્થીઓને ચાર-પાંચના જૂથમાં રમાડી, દરેક જૂથના વિજેતા નક્કી થશે. ત્યારબાદ દરેક જૂથના વિજેતાઓનું એક જૂથ બનશે. આ જૂથ પણ આવી જ રમત રમશે. આ વખતે આ વિજેતાનું જૂથ સમૂહમાં બોલશે. 'લંકામાં તો જાશે કોણ?' ત્યારે વર્ગના બીજા બધા વિદ્યાર્થીઓ એકસાથે બોલશે, 'તમે જશો ભાઈ, તમે જશો?' આ જૂથ પણ એકસાથે કૂદશે. જે વિદ્યાર્થી સૌથી લાંબું કૂદે તેનો કૂદકો 'હનુમાન કૂદકો' કહેવાશે.

એક જૂથના વિજેતા ચાર ફૂટ કૂદે છે. એ જ જૂથના બીજા વિદ્યાર્થી સાડા ત્રણ ફૂટ કૂદે છે. ત્યારબાદ બીજું જૂથ આવે છે. તેના વિજેતા ત્રણ ફૂટ કૂદે છે. આવું થાય ત્યારે વિજેતા જૂથમાં કોને કોને રાખવા જોઈએ, તેની ચર્ચા તમારા શિક્ષક સાથે કરો.

**નીચે બે બે શબ્દો આપ્યા છે. આ બંને શબ્દ પૈકી એકનો ઉપયોગ કરીને પહેલાં એક વાક્ય બનાવો. ત્યારબાદ બંને શબ્દોનો ઉપયોગ કરીને એક વાક્ય બનાવો :**

ઉદા. નદી, ઊંડી

અમે નદીમાં નાહ્યા. અમે ઊંડી નદીમાં નાહ્યા.

૧. તળાવ, ઊંડું :

૨. દરિયો, ઊંડો :

૩. કૂદકા, ઊંચા :


૪. જંગલ, ગાઢ :

૫. લાંબો, ખૂબ :

૬. દૂર, અને :

૭. છત્રી, ધોધમાર :

## ગીત :



હનુમાનજી, દેજો સંદેશો મારા રામને

આટલું કે'જો મારા રામને... હનુમાનજી૦

અશોક વનમાં ઝૂરી રહી છું,
રામના વિયોગની વેદના સહું છું
વહેલા મોકલજો મારા રામને... હનુમાનજી૰
લંકાની નગરી તો સોને મઢેલી
રાક્ષસોની ભૂમિ છે દગા ભરેલી
એવું કહેજો મારા રામને... હનુમાનજી૰
લંકાની નગરીનો રાજા રાવણ છે
દસ એનાં મસ્તક ને વીસ એના હાથ છે
ચેતાવી દેજો મારા રામને... હનુમાનજી૰

**ગીતમાં આવતા શબ્દોને નીચેના કોઠામાં લખો :**

| માણસનું નામ | સ્થળ | ક્રિયા |
|---|---|---|
| | | |
| | | |
| | | |


**કોષ્ટકની મદદથી નીચેના પ્રશ્નોના જવાબ આપો :**

૧. રામને સંદેશો કોણ આપશે?
૨. સીતા ક્યાં છે?
૩. સીતા શું સહન કરી રહ્યાં છે?
૪. લંકાનો રાજા કોણ છે?
૫. રામના વિયોગમાં કોણ દુ:ખી છે?

**ગૃહકાર્ય :**

તમારા ગામમાં રામ, લક્ષ્મણ, સીતા, હનુમાન વગેરેનાં ગીતો ગવાતાં હશે. તમારા ઘરમાં કે પાડોશમાં રહેતા વડીલો પાસેથી એક ગીતની પાંચ-છ લીટી લખી લો. આ ગીત કે ભજનની વર્ગમાં રજૂઆત કરો. (દરેક વિદ્યાર્થી આવું એક ગીત કે ભજન લાવશે. તેથી દરરોજ ચાર-પાંચ વિદ્યાર્થી પણ રજૂઆત કરી શકે.)

## વાંચો :



રામ : કહો હનુમાન, સીતાના કોઈ સમાચાર મળ્યા?

હનુમાન : હા પ્રભુ, માતા સીતા લંકાની અશોકવાટિકામાં છે.

રામ : હાશ! સીતા જીવે છે. સીતા મજામાં તો છે ને?

હનુમાન : (આંખમાં આંસુ સાથે) પ્રભુ, આપનાથી દૂર રહીને માતા કેવી રીતે મજામાં હોય?

રામ : હા, એ સાચું. પણ કહે, તેં મારી વીંટી સીતાને આપી હતી? મારો સંદેશો આપ્યો હતો? સીતાએ મારા માટે કોઈ સંદેશ કહેવડાવ્યો છે?

હનુમાન : હા પ્રભુ, એ વીંટીથી તો માતાએ મને ઓળખ્યો અને મારી સાથે વાત કરી. માતાએ કહ્યું છે કે પ્રભુને કહેજો કે ચિંતા ન કરે. પણ પ્રભુ, સાચું કહું તો મને માતાની ખૂબ ચિંતા થાય છે.

એક વાનર : હનુમાન, તમે છેક ત્યાં જઈને આવ્યા તો પછી માતા સીતાને લાવ્યા કેમ નહીં?

હનુમાન : મેં માતાને કહ્યું કે હું તમને મારા ખભે બેસાડીને પ્રભુ પાસે લઈ જઉં. પણ માતાએ ના પાડી. માતાએ કહ્યું કે તું સંદેશવાહક છે.

તેં તારું કામ પૂર્ણ કર્યું. તું જા. હું તો મારા સ્વામી શ્રીરામની સાથે જ આવીશ.

**સુગ્રીવ** : ધન્ય માતા, ધન્ય! પ્રભુ પર આપનો કેવો અટલ ભરોસો!

**હનુમાન** : પ્રભુ, આપણે હવે બહુ ઝડપથી લંકા જવું જોઈએ. અત્યારે રાવણ અને બીજા રાક્ષસો બહુ ગુસ્સામાં હશે, કદાચ માતાને તકલીફ આપે. (હનુમાન ફરીથી રડવા લાગ્યા.)

**રામ** : હા હનુમાન, આપણે સૌ બહુ જલદી લંકા પહોંચીશું. તું સીતાની ચિંતા છોડી દે. આવા હજાર રાવણ આવે કે લાખો રાક્ષસો આવે, સીતાનો વાળ પણ વાંકો નહીં કરી શકે.

- **ચાલો, ગાઈએ ગીતડું :** લંકા તારી સળગી ગઈ...

**નીચે આપેલાં વાક્યો ધ્યાનથી વાંચો. આ વાક્યને આધારે શું કહી શકાય તે જણાવો. આ માટે ચાર-પાંચ મિત્રો જૂથમાં ચર્ચા કરો અને સાચા જવાબ શોધો.**

**ઉદા.** ''એ વીંટીથી તો માતાએ મને ઓળખ્યો''.

(અ) હનુમાને વીંટી બતાવી એટલે સીતાજીએ તેમને ઓળખ્યા. - **સાચું**

(બ) રાવણે વીંટી બાતવી એટલે સીતા ઓળખી ગયાં.

(ક) સીતાએ વીંટી જોઈને રામને ઓળખ્યા.

૧. ''પ્રભુ, આપનાથી દૂર રહીને માતાજી કેવી રીતે મજામાં હોય?''

(અ) સીતા દુ:ખી છે. (બ) રામ દુ:ખી છે. (ક) રામ અને સીતા દુ:ખી છે.

૨. ''માતાને પ્રભુ પર કેવો અડગ ભરોસો!''

(અ) સીતાને રામ પર ડગે નહીં તેવો વિશ્વાસ છે.

(બ) રામને ખબર છે કે સીતા જાતે પાછાં આવશે.

(ક) સીતાને વિશ્વાસ છે કે રામ લેવા નહીં આવે.

૩. ''હજાર રાવણ કે લાખો રાક્ષસો આવશે તોપણ સીતાનો વાળ વાંકો નહીં કરી શકે.''

(અ) સીતાના વાળ ખૂબ મજબૂત છે કે એને વાળી શકાય નહીં.

(બ) સીતા પોતે એટલાં શક્તિશાળી છે કે કોઈ એમને નુકસાન ન કરી શકે.

(ક) રાવણ અને રાક્ષસો એટલા બધા ઢીલા છે કે એક વાળ પણ વાળી ન શકે.

૪. સાહેબ ગીત ગાય એટલે બધું કામ પડતું મૂકીને એમને જ સાંભળતા રહીએ.

(અ) સાહેબ બહુ સરસ ગાય છે એટલે સાંભળવાની બહુ મજા આવે છે.

(બ) સાહેબ એટલું ધીમું ગાય છે કે આપણે સાંભળવા માટે બીજાં કામ બંધ કરવાં પડે.

(ક) બીજાં કામ એટલાં ખરાબ છે કે એના કરતાં તો સાહેબનું ગીત સાંભળવું સારું.

૫. રોહન દોડે તો સસલાને પણ પાછળ પાડી દે.

(અ) રોહન સસલા જેટલી ઝડપથી દોડે છે.

(બ) સસલું ધીમે ધીમે દોડે છે.

(ક) રોહન સસલા કરતાં પણ વધુ ઝડપથી દોડી શકે છે.

### જૂથમાં કામ કરો.

વાર્તાનાં ચિત્રો ધ્યાનથી જુઓ. તમને ચિત્રમાં શું-શું દેખાય છે તેની ચર્ચા તમારા મિત્ર સાથે કરો. ચર્ચા કર્યા બાદ મિત્રો સાથે મળીને આ ચિત્રો વિશે ત્રણ વાક્યનો ફકરો લખો.

### અગાઉ રમ્યાં હતાં તે રમત બીજી રીતે રમીએ :

બધા વિદ્યાર્થીઓ ચાર-પાંચ જૂથમાં વહેંચાઈ જાઓ. દરેક જૂથે મેદાનમાં દોરેલી લીટી પર ઊભા રહેવું. આ લીટી પર દરેક જૂથના પ્રથમ સભ્યો હોય, ત્યારબાદ બીજા સભ્યો તેમની પાછળ ઊભા રહે. આ લીટીથી પંદર-વીસ ફૂટ દૂર બીજી એક આડી લીટી દોરો. બીજી લીટી પર શિક્ષક ઊભા રહેશે. શિક્ષક જ્યારે કહે કે 'લંકામાં તો જશે કોણ?', ત્યારે બધાં વિદ્યાર્થીઓ એક સાથે બોલશે 'અમે જશું ભાઈ, અમે જશું'. પછી શિક્ષક જ્યારે કહે કે 'ફતેહ કરો ભાઈ, ફતેહ કરો'. ત્યારે દરેક જૂથના પ્રથમ વિદ્યાર્થી કૂદે તે સ્થાનેથી પછી એ જ જૂથના બીજા વિદ્યાર્થી કૂદકો મારે. આમ જૂથના બધા મિત્રો વારાફરતી કૂદશે. જે જૂથ સૌથી ઓછા કૂદકામાં શિક્ષકની લીટી પર પહોંચે તે જૂથ વિજેતા ગણાશે.

- આ રમત રમવાની બે રીતમાંથી કઈ રીતમાં તમને વધુ મજા આવી? આ જ રમત બીજી કઈ રીતે રમી શકાય?

### આ વાર્તા તમારા ઘરના વડીલોને મોટેથી વાંચી સંભળાવો. તેમની પાસેથી રામાયણની બીજી વાતો જાણો :

### કૌંસમાંના શબ્દો ઉમેરી વાક્ય ફરીથી લખો :

૧. બતકમાતાએ ઈંડાં મૂક્યાં. (પાંચ)

૨. ઈંડામાંથી રંગનું બચ્ચું નીકળ્યું. (રાખોડી, મોટું)

૩. ભાઈબહેને બતક સાથે રમવાનું બંધ કર્યું. (ચારેય, કદરૂપા)

૪. વાવાઝોડાથી બચવા બતકડું જગ્યા શોધવા લાગ્યું. (સલામત)

૫. પછી બતકડું સરોવર પાસે પહોચ્યું. (થોડા, સુંદર, કદરૂપું)

## કૌંસમાંના કોઈ એક શબ્દનો ઉપયોગ કરી વાક્ય જોડો :

૧. વાનરસેના એક ડાળથી બીજી ડાળે કૂદે. વાનરસેના ફળ ખાય. ('અને' અથવા 'પણ')

૨. મારાથી હવે નહીં દોડાય. હું થાકી ગઈ છું. ('પણ' અથવા 'કારણ કે')

૩. જગ્ગુની પકડ છૂટી ગઈ. બધા વાંદરા પાણીમાં જઈને પડ્યા. ('કારણ કે' અથવા 'તેથી')

૪. હંસને ધ્રાસકો પડ્યો. હવે કાચબો મરી જશે. ('કે' અથવા 'પણ')

૫. કાચબાભાઈ તો છેક ઊંચેથી પડ્યા. મરી ગયા નહીં. તેમણે પેરાશૂટ પહેરેલું. ('અને' અથવા 'છતાં' અથવા 'કારણ કે')

## મોટેથી ગાઓ :

પૂંછડી હોય તો ડાહ્યો થાઉં.
નહીંતર હું રઘવાયો થાઉં.
પાંખ નહીં પણ આભે ઊડું.
કહેશો તમે હું કોણ છું ?

## હસો :

**વંદના :** આખા દિવસનું સૌથી અઘરું કામ મારે બ્રશ કરતાં પહેલાં જ કરવું પડે છે.

**મેઘા :** એવું તે કયું કામ?

**વંદના :** સવારે ઊંઘમાંથી જાગવું પડે છે.

# ૮ કીડી હતી કે હાથી હશે?

T7R6R7

## ચાલો, ગાઈએ ગીતડું :



ઝાડની સાથે દોસ્તી મારે

પાનની સાથે દોસ્તી,

હર્યાંભર્યાં પંખીઓનાં ગાનની સાથે દોસ્તી.

દરિયા સાથે દોસ્તી મારે

કાંઠા સાથે દોસ્તી,

ગળ્યાગળ્યા શેરડીઓના સાંઠા સાથે દોસ્તી.

કેરમ સાથે દોસ્તી મારે

કોડી સાથે દોસ્તી,

રંગરંગના કાગળની હોડી સાથે દોસ્તી.

મમ્મી સાથે દોસ્તી મારે


પપ્પા સાથે દોસ્તી,

સૌથી મારાં ગળ્યાંગળ્યાં ગપ્પાં સાથે દોસ્તી.

- સુરેશ દલાલ


## શોધો અને લખો :

ચિત્રમાં કોણ ક્યાં-ક્યાં સંતાયું છે?



| | પ્રાણીનાં નામ | ક્યાં છે? |
|---|---|---|
| ૧. | | |
| ૨. | | |
| ૩. | | |
| ૪. | | |
| ૫. | | |

## ⬡ દોરો, રંગ પૂરો :




## ⬡ ચિત્ર-૪ જેવું ચિત્ર દોરો. આખું પેટ 'શ્ર...શ્ર...', આખું માથું - સૂંઢ 'ચ્છ... ચ્છ...' બધા પગમાં 'શ્વ... શ્વ...' મનપસંદ રંગથી લખો :

## વાર્તા :


# એનઘેન દીવાઘેન

૧. ચંદુ હાથી અને ટીકુ કીડી બેઉ દોસ્ત જંગલમાં રહે. બંને ખૂબ વાતો કરે. વાતોના તડાકા મારી એક દિવસ કંટાળ્યા.

એય ચંદુ, ચાલને કોઈ રમત રમીએ, આમ વાતોથી તો હું કંટાળી.

હા... હા... હા... ચાલને. ના કોણે પાડી! હું તો તૈયાર જ છું કુસ્તી-કુસ્તી રમવા.





ના રે ના... ચંદુડા, તું પણ શી મશ્કરી કરે છે! તારી જોડે કુસ્તી? થપ્પો રમીએ થપ્પો.

૨. ચંદુ થપ્પો રમવા તૈયાર થયો. ટીકુએ દાવ દીધો. ચંદુ એક પહોળું ઝાડ જોઈ એની પાછળ ઊભો રહ્યો.



એનઘેન દીવાઘેન... ચંદુ સંતાઈ ગયો કે? મારી આંખો બંધ છે... વન, ટુ, થ્રી... આવું કે? ...એઈટ, નાઈટ, ટેન... એ ચંદુડા, હું શોધવા આવું છું.





હેં... હેં... હેં... તું તો ચંદુ, સાવ ભોળો રહ્યો. તને તો સંતાતાય નથી આવડતું. પહોળું ઝાડ શોધ્યું પણ સૂંઢ ને પૂંછડી તો દેખાય છે. તું તો ઝાડથીય જાડો છે. હી... હી... હી... ચંદુનો થપ્પો... ચંદુનો થપ્પો...

૩. ચંદુ વૃક્ષ પાછળથી પાછો આવ્યો અને દાવ આપવા આંખ મીંચી ઊભો રહ્યો.

ટીકુડી... હવે મારો દાવ... ચાલ... સંતાઈ જા- એનઘેન દીવાઘેન... સંતાઈ કે...! ...૧, ૨, ૩, ૪... .. ૧૦... એ હું આવ્યો.






૪. ટીકુ ઝાડના પાન નીચે સંતાઈ ગઈ. ચંદુએ આંખો ખોલી. આજુ જોયું... બાજુ જોયું... આગળ જોયું... પાછળ જોયું... ઉપર જોયું... આમ દોડ્યો, તેમ દોડ્યો.... પણ ટીકુ દેખાય જ નહીં ને! એ થાકીને હાંફવા લાગ્યો. તેની સૂંઢમાંથી સૂ... સૂ... કરતો પવન ફૂંકાયો તેથી બધાં પાંદડાં ઊડી ગયાં. કીડીવાળું પાંદડુંય ઊડ્યું.




અરે, હું મરી જઈશ... બચાવો... બચાવો...



ટીકુનો થપ્પો... થપ્પો...


૫. એકવાર ચંદુ હાર્યો, એકવાર ટીકુ હારી. થોડું પાણી પીને ફરી રમવા લાગ્યાં. ચંદુએ બુદ્ધિ વાપરી. મોટા મોટા ગોળ પથ્થરો વચ્ચે પૂંછ-મોં, કાન સંકોરી બેસી ગયો. જાણે કોઈ પથરો જ જોઈ લો.





૬. ટીકુએ આંખો ખોલી. બધે ચંદુને શોધ્યો. પણ ચંદુ તો શું, તેની પૂંછડીય દેખાતી ન હતી. ટીકુએ તો એક મસમોટા પથરા પર ચડીને પણ જોયું. પણ ચંદુ હાથી ક્યાંય ન મળે! થાકીને તે પથ્થર પરથી નીચે ઊતરી.





૭. ટીકુ જે પથ્થર પર ચઢેલી તે પથ્થર ઊભો થયો. અરે! એ તો ચંદુ હતો! તે જોર-જોરથી બૂમો પાડવા માંડ્યો.




૮. ટીકુએ અક્કલ વાપરી. તે પગ પર થઈને ચંદુના કાન પાછળ સંતાઈ ગઈ. ચંદુની ચામડી જાડી! એને ખબર પણ ન પડી. ચંદુએ આંખો ખોલી, ટીકુને ખૂબ શોધી.






એ સાંભળી ચંદુ હસી પડ્યો. હા... હા... હા... તેની સૂંઢમાંથી પવન છૂટ્યો. આજુબાજુની જમીન સ્વચ્છ થઈ ગઈ ને ટીકુબહેન? તેય ઊડયા!!.....

### વાતચીત :

૧. આ વાર્તામાં સૌથી વધારે મજા ક્યારે આવી?

૨. હાથી હસ્યો તો કીડી ઊડીને ક્યાં પડી હશે?

૩. તમને કોની સાથે થપ્પો રમવાનું ગમે - કીડી સાથે કે હાથી સાથે ? કેમ?

૪. તમારા વહાલા મિત્રનું નામ શું છે ? તમે તેની સાથે કઈ રમત રમશો?

૫. તમારા ઘરમાં મિત્રો સાથે થપ્પો રમો તો ક્યાં સંતાઈ જવાનું પસંદ કરશો? શા માટે?

૬. શાળામાં થપ્પો રમવાનો થાય તો તમે કયા-કયા સ્થળે સંતાવાનું પસંદ કરો? કેમ?

### સાચું હોય તો કાન પકડો. ખોટું હોય તો નાક પકડો :

વિદ્યાર્થીઓને આંખો બંધ કરી વાક્ય સાંભળવા કહો. હવે આપેલાં વાક્યો બોલો. જો વાક્ય સાચું હોય તો વિદ્યાર્થીઓને કાન પકડવા કહો અને જો ખોટું હોય તો નાક પકડવા કહો.

૧. હાથી અને કીડી દુશ્મન હતાં.

૨. હાથી કુસ્તી રમવા માગતો હતો.

૩. હાથી ઝાડ ઉપર સંતાઈ ગયો.

૪. કીડી પાંદડાંમાં છુપાઈ ગઈ.

૫. કીડી જોર-જોરથી ફૂંફાડા મારવા લાગી.

૬. કીડી મોટેથી બૂમાબૂમ કરવા લાગી.

૭. બંને વખતે હાથીએ કીડીને શોધી કાઢી.

૮. હાથી કાળા ખડકો વચ્ચે સંતાઈ ગયો.

૯. કીડી હાથીના કાન પાછળ સંતાઈ ગઈ.

૧૦. જોર-જોરથી હસતાં કીડીના બે દાંત બહાર આવી ગયા.

**જવાબ લખો :**

૧. પહેલીવાર ટીકુ ચંદુને કેમ ઝડપથી શોધી શકી?

૨. 'તું તો ઝાડ કરતાંય જાડો છે.' - એવું ટીકુએ ચંદુને શા માટે કહ્યું?

૩. જ્યારે ટીકુ પાંદડાં નીચે સંતાઈ ગઈ ત્યારે ચંદુએ એને શોધવા શું શું કર્યું?

૪. ટીકુ ચંદુને કેમ શોધી ના શકી?

૫. ટીકુને ક્યારે નવાઈ લાગી?

૬. ચંદુ થપ્પો ન કરી શકે માટે ટીકુએ શી યુક્તિ કરી?

## અભિનય :

વાર્તામાંથી સંવાદ શોધો. પહેલા સંવાદના ભાવ પ્રમાણે અને પછી તે જ સંવાદ પર વિરોધી ભાવનો અભિનય કરો.

આપેલ સૂચના મુજબ વિદ્યાર્થીઓને વાર્તામાંથી સંવાદ શોધવા કહો. વાર્તા પ્રમાણે તેમજ તેથી જુદા ભાવ સાથે અભિનય કરવા કહો.

- ચિત્ર નં. ૧માં ટીકુનો સંવાદ ''ના રે ના... ચંદુડા, તું પણ શી મશ્કરી કરે છે!'' નો પહેલાં વાર્તા પ્રમાણે અભિનય કરો. ત્યારબાદ આ જ સંવાદ રડતાં-રડતાં કરો.
- ચિત્ર નં. ૧૦માં ચંદુનો સંવાદ 'એ તો ઠીક છે. પણ 'ઝાડ-ઝાડ' રમ્યાં હોત તો હું જ જીતી જાત. જે જેટલું મોટું ઝાડ પાડી આપે તે જીતે. હા... હા... હા...'' નો પહેલાં વાર્તા પ્રમાણે અભિનય કરો. ત્યારબાદ આ જ સંવાદ રડતાં-રડતાં કરો.
- **આવા બીજા સંવાદ વાર્તામાંથી શોધો તેમજ પહેલાં વાર્તા પ્રમાણે અને ત્યાર બાદ જુદો અભિનય કરો.**

## વાંચો, વિચારો, ઓળખો અને લખો :

આપેલ શબ્દો/શબ્દસમૂહોને વાંચવા કહો. આ શબ્દો કે શબ્દસમૂહો કોણ બોલે છે? જે હાથી બોલે તે હાથીના ખાનામાં, કીડી બોલે તે કીડીના ખાનામાં અને બંને બોલે તો બંનેના ખાનામાં લખવા કહો.

(બહાર આવ, મશ્કરી કરે છે, બરાબર સંતાજે, બચાવો... બચાવો..., હવે મારો દાવ, ચાલ સંતાઈ જા, એનઘેન દીવાઘેન, એકવાર તું જીતી, એકવાર તું હાર્યો, એકવાર હું જીત્યો.

| | કીડી | હાથી |
|---|---|---|
| ૧. | | |
| ૨. | | |
| ૩. | | |
| ૪. | | |
| ૫. | | |

## ⬡ આપેલા વાક્યનો અર્થ સમજાતો હોય તેવો વિકલ્પ પસંદ કરો. ખરાની નિશાની કરો :

(૧) ચંદુ એક જાડા ઝાડ પાછળ સંતાઈ ગયો.

- ☐ ઝાડ જાડું હોય તો જ હાથી સંતાઈ શકે.
- ☐ ઝાડ જાડું હોય તો જ હાથી નાનો દેખાય.
- ☐ હાથી કોઈ પણ ઝાડ પાછળ સંતાઈ શકે.

(૨) ટીકુએ અક્કલ વાપરી.

- ☐ ટીકુએ ચિત્ર દોરવામાં બધા રંગ વાપરી કાઢ્યા.
- ☐ ટીકુએ બુઢ્ઢીના બાલ ખરીદ્યા અને ખાઈ નાખ્યા.
- ☐ ટીકુ પાસે ઓછા રંગ હતા છતાં તેણે બુદ્ધિ વાપરી આખું ચિત્ર પૂરું કર્યું.

(૩) ચંદુએ આંખો ઝીણી કરી.

- ☐ ચંદુ ધ્યાનપૂર્વક જોવા લાગ્યો.
- ☐ ચંદુને દૂરનું દેખાતું ન હતું.
- ☐ ચંદુની આંખો ઝીણી હતી.

(૪) વાતોના તડાકા મારવા.

- ☐ વાતો કરતાં કરતાં કૂદકા મારવા લાગવું.
- ☐ ઘણી બધી વાતો કરવી.
- ☐ તડકામાં વાતો કરવી.

(૫) હસતાં હસતાં ચંદુના દાંત બહાર આવી ગયા.

- ☐ ચંદુ દાંત બહાર કાઢીને હસવા લાગ્યો.
- ☐ ચંદુ ખડખડાટ હસવા લાગ્યો.
- ☐ ખડખડાટ હસતાં ચંદુના દાંત દેખાવા લાગ્યા.

- **ચાલો, ગાઈએ ગીતડું : ઝાડની સાથે દોસ્તી...**

## વાંચો અને લખો :

૧. બાહુબલી કુસ્તીમાં પ્રથમ આવ્યો.

૨. વર્ગમાં છોકરીઓ તનુને 'લાડુ-લાડુ' કહી મશ્કરી કરવા લાગી.

૩. કાચબાની પીઠ પથ્થર જેવી હોય છે.

૪. રીટાએ થપ્પો રમતાં ઝટ દઈને સુનીલને શોધી કાઢ્યો.

૫. નકામી વસ્તુમાંથી કંઈક નવું બનાવવા અક્કલ વાપરવી પડે.

૬. આપણે સ્વચ્છ કપડાં પહેરવાં જોઈએ.

## જુઓ અને લખો :

૧. ચ્છ

ચ છ | ચ છ | ચ છ | ચ્છ

ચ્છ

૨. શ્ન

શ શ્ | શ ન | શ ન | શ્ન

શ્ન

૩. શ્વ

શ વ | શ વ | શ વ | શ્વ

શ્વ

શ્વ

**વાંચો, 'ચ્છ', 'શ્ર', 'શ્વ' જેમાં આવતાં હોય તેવા શબ્દો શોધી નીચે લીટી કરો. :**

કેતને શિક્ષકને પ્રશ્ન પૂછ્યો : સાહેબ, આ શ્વાસ-ઉચ્છ્વાસ એટલે શું? સાહેબ બોલ્યા : કેતન, આપણે નાક વડે જે હવા લઈએ તે ક્રિયાને શ્વાસ કહેવાય અને જે નાક વાટે હવા બહાર કાઢીએ તે ક્રિયાને ઉચ્છ્વાસ કહેવાય. જેમ સ્વચ્છ પાણી શરીર માટે સારું તેમ સારા સ્વાસ્થ્ય માટે સ્વચ્છ હવા જરૂરી છે.

**'ચ્છ', 'શ્ર', 'શ્વ' થી બનતા શબ્દોને ખાનામાં મૂકો :**

પ્રશ્ન, સ્વેચ્છા, અશ્વ, ઈચ્છા, પાર્શ્વ, શ્વેત, હિતેચ્છુ, ઈશ્વર, પિચ્છ, કમિશ્નર, ઓચ્છવ, વિશ્વ, તુચ્છ, વિશ્વાસ, કચ્છ.

| ચ્છ | શ્ર | શ્વ |
| --- | --- | --- |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |

**ગીત :**

## ચિત્ર ગયું બદલાઈ

એક દિવસ પીંછી લઈ રામુ કંઈક ચીતરવા બેઠો,
સરસ મજાનો રંગ ભરીને કરે લસરકો હેઠો.
ઘડીક વાર એ રંગ જુએ ને ઘડીક જુએ આકાશ,
પળમાં પીંછી બોળીને એ કંઈક ચીતરતો ખાસ.

ચિત્ર રૂડું ત્યાં એણે કીધું આભ સાંજનું દોરી દીધું,
પીંછી મૂકી દઈ બાજુએ કામ બધું સંકોરી લીધું.
ને એવામાં રાત પડી ગઈ રંગ ગયા ક્યાં ઊડી,
રામુએ લઈ રંગ શ્યામ ને આભ દીધું ઢબૂરી.
ત્યાં તો દીઠો ચાંદલિયો ને દીઠા ટમટમ તારા,
રામુએ પાછા પીંછીથી ચીતર્યા રે ચમકારા.
ત્યાં જ પડી ગઈ સવાર, આભનું ચિત્ર ગયું બદલાઈ,
પંખી કલરવ કરતાં ગાતાં તેજ ગયું પથરાઈ.
રામુ મૂંઝાતો બેઠો કે કેમ કરી ચીતરવું,
સાંજ ઉપર તો રાત કરી પણ અજવાળું ક્યાં ભરવું?

- કીર્તિદા બ્રહ્મભટ્ટ

- **જે અક્ષર પર બિંદી છે તે અક્ષર આવે ત્યારે નાક દબાવી તે શબ્દ બોલો :**

  પીંછી, રંગ, સાંજ, સંકોરી, ક્યાં, ચાંદલિયો, ત્યાં, પંખી

**વાતચીત :**

૧. આ ગીતમાં તમને કયો શબ્દ બોલવાની મજા પડી? શા માટે?
૨. તમને કઈ પંક્તિ વધુ ગમી? શા માટે?
૩. રામુ શું દોરવા માંગતો હતો?
૪. રામુએ રાતના આકાશમાં શું-શું જોયું?
૫. રામુએ પીંછીથી કઈ-કઈ કરામત કરી?
૬. રામુ શા માટે મૂંઝાવા લાગ્યો?
૭. આભનું ચિત્ર બદલાતાં આકાશમાં શું - શું થવા લાગ્યું?
૮. આકાશ કેવું હોય છે? વર્ણન કરો.
   - વરસાદ પડવાનો હોય ત્યારે
   - ઉનાળાની બપોરે
   - રાત્રે
   - સવારે
૯. તમને કયા સમયનું આકાશ જોવું ગમે? શા માટે?
૧૦. તમને કયા પંખીનો અવાજ ખૂબ ગમે છે? તે અવાજ કરો.

**ત્રણના જૂથમાં કામ કરો. ખોટી રીતે લખેલા અક્ષરોને સુધારીને, ગોઠવીને વાક્ય ફરીથી લખો :**

૧. શિક્ષકે વિદ્યાર્થીને શ્નપ્ર પૂછ્યો.
**શિક્ષકે વિદ્યાર્થીને પ્રશ્ન પૂછ્યો.**

૨. જયેશ રવિવારે ચ્છકથી આવ્યો.

૩. ચ્છસ્વ હવા માટે વધુ વૃક્ષો વાવવાં જોઈએ.

૪. દર્દીઓએ ડૉક્ટરમાં શ્વાવિસ રાખવો જોઈએ.

૫. રાજા શ્અવ પર બેઠા હતા.

૬. આરોનને ફૂટબોલ રમવાની છાચ્ઈ થઈ.

૭. શ્વિવ ખૂબ જ સુંદર છે.


૮. આપણે શ્વઈર પાસે જ્ઞાન માંગવું જોઈએ.

૯. સેરેનાને શ્તેવ રંગનાં કપડાં ગમે છે.


**ચાર કે પાંચના જૂથમાં કામ કરો. જુઓ, વિચારો, શિક્ષકે પૂછેલ પ્રશ્નના જવાબ આપો. :**

- **"ચાલો, વિચારીએ..... ..... મજા કરીએ....."**

(૧)



૧. આ ચિત્રમાં શું જુદું લાગે છે?
૨. ફૂલ ઊડવા લાગે તો શું થાય?
૩. પતંગિયાને પાંખો ના હોય તો...?

(૨) 

૧. આ ચિત્રમાં શું ખૂટતું/જુદું લાગે છે?
૨. પોપટને ચાંચ ન હોય તો શી મુશ્કેલી પડે?
૩. તમને કયું પક્ષી ખૂબ ગમે છે? શા માટે?

(૩) 

૧. આ ચિત્રમાં તમને શું અલગ લાગે છે?
૨. દડો કેવી રીતે ઝાડ પર આવ્યો હશે?
૩. વૃક્ષને ડાળીઓ ન હોય તો...?
૪. તમને કેવું ઝાડ ગમે? શા માટે?
૫. તમારા પ્રિય વૃક્ષનું નામ કહો.

## આપેલ વાક્યને વાંચો. તેવા અર્થવાળી પંક્તિ શોધીને લખો :

૧. ચિત્ર દોરાઈ જતાં રામુએ ચિત્રનો સામાન ભેગો કરી લીધો.

૨. રામુએ ચાંદા અને તારા જોઈ તેમાં પીંછીથી ચમકારા કર્યા.

૩. રામુએ શ્યામ રંગથી મનમાં હતું તેવું આકાશ ચીતર્યું.

૪. સવાર પડતાં આકાશમાં પંખીઓનો અવાજ સંભળાવા લાગ્યો.

૫. આકાશ અને રંગો જોઈને રામુ કંઈક નવું ચિત્ર દોરવા લાવ્યો.

- **ચાલો ગાઈએ ગીતડું :** ઝાડની સાથે દોસ્તી...

**પહેલાં શું કર્યું... પછી શું કર્યું? વાક્યોને સવારથી સાંજના ક્રમમાં ગોઠવો :**

| | | |
|---|---|---|
| ૧. ચા-નાસ્તો કર્યો. | (૧) | |
| ૨. ચાંદામામા સપનામાં આવ્યા. | (૨) | |
| ૩. દાંત સાફ કર્યા. | (૩) | |
| ૪. ગણવેશ પહેરીને તૈયાર થયાં. | (૪) | |
| ૫. ગૃહકાર્ય કર્યું. | (૫) | |
| ૬. સ્નાન કર્યું. | (૬) | |
| ૭. ભાષાનો તાસ આવ્યો. | (૭) | |
| ૮. દાદીમાએ વાર્તા કહી. | (૮) | |
| ૯. મિત્રો સાથે રમત રમ્યાં. | (૯) | |
| ૧૦. પ્રાર્થનાસભામાં રજૂઆત કરી. | (૧૦) | |

**રમત : કોણ શું કરે છે? તે જુઓ, બોલો:**

ક્રિયાઓની ચિઠ્ઠીઓ બનાવી એક બૉક્સમાં મૂકો. જમીન/ભોંયતળિયા પર ત્રણ વર્તુળ દોરો. જેમકે;

| ગઈકાલ | આજ | આવતીકાલ |
|---|---|---|
| ◯ | ◯ | ◯ |
| રવિવાર | સોમવાર | મંગળવાર |

વિદ્યાર્થીઓને ચિઠ્ઠી ઉપાડી ક્રિયા કરવા કહો.

ઉદા. : નૈના ચિઠ્ઠી ઉપાડે છે. તેની ચિઠ્ઠીમાં ‘હસો’ એવી ક્રિયા કરવાનું આવે છે. ‘નૈના ખડખડાટ હસે છે.’ ત્યારબાદ નૈનાને આજના વર્તુળમાં ઊભી રાખી વિદ્યાર્થીઓને પ્રશ્ન પૂછો. નૈના આજે શું કરે છે? - વિદ્યાર્થીઓને ઉત્તર આપવાની તક આપો. જેમકે ‘આજે નૈના હસે છે.’-તે રીતે વર્તુળ બદલી વાક્ય બોલવા કહો. જેમકે; ‘ગઈકાલે નૈના હસતી હતી.’ ‘આવતીકાલે નૈના હસશે.’

## કોણ શું-શું કરતું હતું? બોલો અને લખો :

ઉદા. દિવ્યા શું કરતી હતી? **દિવ્યા દોડતી હતી.**

૧. ____________________

૨. ____________________

૩. ____________________

૪. ____________________

૫. ____________________

## વાક્યો વાંચો, જુદાં પાડો :

**વાક્ય વાંચો 'પહેલાં થયું તેની નીચે ________ અને પછી થયું હોય તેની નીચે ~~~~~~ કરો'**

૧. વિરાટે બૂટ પહેર્યા. હવે એ નિશાળે જવા સીડી ઊતરે છે.

૨. વિરાજ હાથ ધૂએ છે કારણ કે એ ધૂળમાં રમતી હતી.

૩. નીલા સફરજન ખાય છે. કેમ કે તેને ભૂખ લાગી હતી.

૪. રૂબિનાએ બહાર ખાધું હતું એટલે એને પેટમાં દુઃખે છે.

૫. મારી પાસે ચાર પેન હતી અને આનંદે મને એક પેન આપી.

૬. સાઈકલમાં પંચર પડ્યું માટે હું ચાલું છું.

૭. કાલે રવિવાર હતો એટલે સેરેના આજે દવાખાને જાય છે.

## નીચે આપેલ વાક્યોને ગઈકાલ, આજ, આવતીકાલના ખાનામાં મૂકો :

૧. આંશી પુસ્તક વાંચશે. ૨. સંજય શાળાએ જાય છે.

૩. નિલોફર શાંત બેઠી હતી. ૪. પ્રીતિ પાણી ભરે છે.

૫. કાજલ દોડશે. ૬. વિશાલ રમતો હતો.

૭. ગૌરવ આણંદ ગયો હતો. ૮. હું લખું છું.

| | રવિવાર<br>આજ | ગઈકાલ<br>શનિવાર | સોમવાર<br>આવતીકાલ |
|---|---|---|---|
| ઉદા. | આંશી પુસ્તક વાંચે છે. | આંશી પુસ્તક વાંચતી હતી. | આંશી પુસ્તક વાંચશે. |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |

**વાક્ય વાંચો. કૌંસમાં આપેલ ક્રિયાનો ઉપયોગ કરી ખાલીજગ્યા પૂરો :**

૧. હું સવારે વહેલી ઊઠી ત્યારે મારા રૂમમાં ચકલી ચીં ચીં ______ (કરવું). અત્યારે તે આંગણામાં ચીં ચીં ______ (કરવું).

૨. ગઈકાલે ઝાડ પર વાંદરાભાઈ ગીત ______ (ગાવું). આજે ઘરના છાપરા પર વાંદરાભાઈ ગીત ______ (ગાવું).

૩. રુદ્રએ ગઈકાલે લગ્નમાં પૂરી ______ (ખાવું).

આજે શાળામાં પણ તે પૂરી ______ (ખાવું).


૪. અંકિત રજાઓમાં અમદાવાદ ______ (જવું).

અત્યારે તે નડિયાદ ______ (જવું).

૫. જાવેદે બાગમાં ફૂલછોડ ______ (રોપવું).

આજે તે તુલસીનો છોડ ______ (રોપવું).

## આપેલ અક્ષર અને ચિત્રને ધ્યાનપૂર્વક જુઓ.




## ચિત્ર પરથી શબ્દો બનાવો, લખો.

૧.  આકાશ

૨.  દિન

૩.  મામા

૪. 

૫. 

૬. 

૭. 

૮. 

૯.

૧૦.

૧૧.

૧૨.

## ચિત્ર પરથી વાક્ય બનાવો, લખો :

૧. 

૨. 

૩. 

૪. 

૫. 

## મોટેથી ગાઓ :

ઉંદરમામા કેવા શાણા,
ચૂં ચૂં કરતા ગાય.
મીની પાસે આવે ત્યાં તો
દરમાં પેસી જાય.

## હસો :

પોલીસ : તને ક્યારેય જેલ થઈ છે?

ગુનેગાર : (રડતાં રડતાં) ના, સાહેબ.

પોલીસ : એમાં રડે છે શું? હમણાં જ મોકલી દઉં.

| ૯ | # રંગબેરંગી મસાલિયું |
|---|---|

R4Y3W4

## ચાલો, ગાઈએ ગીતડું :

આવ્યું રીંગણ, આવ્યાં ટામેટાં
ફ્લાવર સાથે આવ્યાં બટાકાં
ધોઈ, સુધારી લીધા બાકી
કઢાઈમાં તો તેલ નાખી
રાઈ, હિંગથી કર્યો વઘાર
સુગંધ પહોંચી ઘરની બહાર
હળદર ને મરચું ભભરાવી
રંગ, સ્વાદની આવે સવારી
થઈ ગયું, લો! શાક તૈયાર
જમવા આવો સૌ દોસ્તાર



## વિચારો, અભિનય કરો, કહો :

તમને તમારો કેવો ફોટો ગમે? ગમતા ફોટા સામે ☺ દોરો.

| | |
|---|---|
| ૧. ઊંઘતો | ૨. હીંચકા ખાતો |
| ૩. અક્કડ, અદબ વાળીને બેઠેલો | ૪. ઝાડ પર ઊંધો લટકતો |
| ૫. આંખ બંધ હોય તેવો | ૬. આંખ, મોં ખુલ્લાં હોય તેવો |
| ૭. બધા મિત્રો સાથેનો | ૮. રડતો |
| ૯. બીમાર પડ્યા હોય ત્યારનો | ૧૦. નવાં કપડાં પહેરેલો |

## ગીત :

### ફોટો પાડું

મમ્મી, મમ્મી, ફોટો પાડું?
બોલ, સાચો કે ખોટો પાડું!
મલક મલક તો થાય તું થોડું
નહીં તો ચહેરો રોતો પાડું!
જૂઈ ચમેલી અઢેલી ઊભ
ગુલાબ જોડે જો બેઠો પાડું!
તું તો મમ્મી પરી સમાણી
લે હવામાં ઊડતો પાડું
ખોલ જરીક આંખો તું સરખી
કે પછી હું ઊંઘતો પાડું?
રાખ ને, મોઢું બંધ જરીક
નહીં તો જો બડબડતો પાડું!
બેસ મમ્મી તું પપ્પા સાથે
ફૂલ જોડે ગલગોટો પાડું!

- ખોડાભાઈ પટેલ

## વાતચીત :

૧. જોડીમાં કામ કરો. એક મિત્ર ફોટોગ્રાફર બને ત્યારે બીજો મિત્ર મૉડેલ. જુદી જુદી સ્ટાઇલમાં ફોટા પાડવાનો અભિનય કરો. પછી ભૂમિકા બદલીને અભિનય કરો.

૨. તમને ફોટા પાડવા ગમે કે પડાવવા? કેમ?

## ગાઓ, વાંચો, વિચારો, લખો :

૧. ગીતમાં કેટલાં સ્થળ આવે છે ? ક્યાં-ક્યાં ?

૨. નકામો વિકલ્પ છેકી ગીત પ્રમાણે સાચું વાક્ય બનાવો.

(૧) બાળક મમ્મીનો **રડતો/હસતો** ફોટો પાડવા માંગે છે. તે માટે તે મમ્મીને કહે છે, **"તું ઝીણું ઝીણું હસ."/"તું ચહેરો રડતો રાખ."**

(૨) બાળકને મમ્મી **પરી/ફૂલ** જેવી લાગે છે. તેથી તે મમ્મીનો **ઊંઘતો/ઊડતો** ફોટો પાડવા માંગે છે.

(૩) જો મમ્મીની આંખ સરખી **બંધ/ખુલ્લી** નહીં હોય તો ફોટામાં મમ્મી **ઊંઘતી/રડતી** લાગશે.

(૪) જો મમ્મીના હોઠ સરખા **ખુલ્લા/બંધ** નહીં હોય તો, ફોટામાં તે **બડબડતી/ઝઘડતી** હોય તેવી લાગશે.

## જોડકાં જોડો :

| અ | | બ |
|---|---|---|
| ૧. મમ્મી ઝીણું સ્મિત નહીં કરે તો | ☐ | (અ) અથવા આંખ બંધ હોય તેવો ફોટો લઈશ. |
| ૨. મમ્મી જૂઈ, ચમેલી પાસે હોય તેવો | ☐ | (આ) કે પછી તે બબડતી હોય તેવો ફોટો પાડીશ. |
| ૩. મમ્મી પરી જેવી પ્રેમાળ છે. | ☐ | (ઇ) હું તે રડતી હોય તેવો ફોટો પાડીશ. |
| ૪. મમ્મીની આંખ મોટી હોય તેવો | ☐ | (ઈ) અને ગુલાબની સાથે પણ ફોટો લઈશ. |
| ૫. મમ્મીના હોઠ બંધ હોય તેવો | ☐ | (ઉ) ફૂલ અને ગલગોટા જેવા લાગે. |
| ૬. મમ્મી પપ્પાની સાથે બેસે તો | ☐ | (ઊ) તેથી તે ઊડતી હોય તેવો ફોટો લઈશ. |

### ⬡ 'પાડ', 'આવે' અથવા 'ખા' લખો :

(હવા, ભાજી, તાવ, કેરી, હીંચકો, મહેમાન, તાળી, પરીક્ષા, પરી, ફૂલ, લાડવો, બગાસું, ઊંઘ)

| ૧. શું પાડી શકાય? | ૨. શું શું આવે? | ૩. શું ખાઈ શકાય? |
| --- | --- | --- |
| ફોટો પાડ | ______ આવે | ______ ખા |
| ______ પાડ | ______ આવે | ______ ખા |
| ______ પાડ | ______ આવે | ______ ખા |
| ______ પાડ | ______ આવે | ______ ખા |

### ⬡ કાવ્યને આધારે કૌંસમાંના શબ્દોનો ઉપયોગ કરી ખાલી જગ્યા પૂરો :

(ઊંઘતી, મહેકતી, મલકતી, ઊડતી, ફૂલ જેવી, બડબડતી)

૧. મમ્મી હસતી હોય ત્યારે ______ મમ્મી.

૨. ગુલાબ જોડે બેસે ત્યારે ______ મમ્મી.

૩. પરી જેવા ફોટામાં ______ મમ્મી.

૪. આંખ બંધ હોય તો ______ મમ્મી.

૫. હોઠ ખુલ્લા રહી જાય તો ______ મમ્મી.

૬. જોડે પપ્પા બેઠા હોય ત્યારે ______ મમ્મી.

### ⬡ તમારે ગીતની દરેક કડીની પહેલી પંક્તિ ગાવાની, શિક્ષક દરેક વખતે બીજી પંક્તિ ગદ્યમાં ફેરવીને ગાશે :

ઉદાહરણ : વિદ્યાર્થીઓ : મમ્મી, મમ્મી, ફોટો પાડું?

શિક્ષક : મમ્મી, તું જ મને કહે કે તારો ફોટો સાચો પાડું કે ખોટો?

આ રીતે બધી કડીઓ ગવાઈ-બોલાઈ ગયા પછી આખો વર્ગ બે જૂથમાં વહેંચાઈ જાઓ. એક જૂથ પદ્ય ગાય, બીજું જૂથ ગદ્ય બોલે. તે પછી ગદ્ય-પદ્ય બોલનાર જૂથ બદલી નાખવાં.

● **આવો, ગાઈએ ગીતડું : આવ્યું રીંગણ આવ્યાં ટમેટાં...**

**વાર્તા :**

## બધા સ્વાદનું વ્રત

શીરીનનાં દાદા-દાદી, મમ્મી-પપ્પા અને બીજા વડીલ એક યા બીજું વ્રત કરે. શીરીનને થયું, ''હું પણ કરું વ્રત!'' તેણે ઘરમાં જાહેર કર્યું, ''મારે વ્રત કરવાનું છે.''

મમ્મીએ પૂછ્યું, ''ઓહો! એમ! કયું વ્રત?''

શીરીને ખૂબ વિચાર કર્યો. તેણે બધાં પ્રકારનાં વ્રત યાદ કરી જોયાં. છેવટે, તેણે ગોઠવીને કહ્યું, ''ગળ્યું વ્રત.''

મમ્મીએ પૂછ્યું, ''એટલે?''

શીરીને કહ્યું, ''હું આજે ફક્ત ગળ્યું ગળ્યું જ જમીશ.''

મમ્મીએ કહ્યું, ''ભલે!''

મમ્મીએ તો શીરો બનાવ્યો, ખીર અને દૂધપાક બનાવ્યાં.

શીરીનબહેન શીરો જમ્યાં, ખીર અને દૂધપાક ખાધાં.

ઘરના બધાંએ પણ પોતાના ભાણામાં શીરો, ખીર, દૂધપાક લીધાં.

શીરીનને તો ગળ્યું વ્રત કરવાની ખૂબ મજા આવી.

તે રાત્રે જ શીરીને જાહેર કર્યું, ''કાલે મારે ખાટું વ્રત.''

મમ્મી થોડા મૂંઝાયા. પછી કહે, ''ઠીક.''

બીજે દિવસે મમ્મીએ બનાવી કઢી, બે દિવસ પહેલાંનાં દહીંની.

મમ્મી લાવી સંતરાં, કાચી કેરી અને લીંબુ.

શીરીન તો કઢી ગટગટાવી ગઈ.

શીરીને બહુ બધાં સંતરાં અને કેરીના કટકા ખાધા.


તેના દાંત તો ખટાઈ ગયા.

તેણે મમ્મીને પૂછ્યું, ''લીંબુ પર મીઠું-મરચું છાંટી તેનો રસ ચટાય?''

મમ્મી કહે, ''ખાટા વ્રતમાં તો એમ ન કરાય.''

શીરીને લીંબુ ન ચૂસ્યું.

ઘરનાં બધાંએ બપોરે ભાત સાથે કઢી લીધી. સાંજે સંતરાનો રસ પીધો.



મમ્મીએ લીંબુ આથી દીધાં.

મમ્મીએ શીરીનને પૂછ્યું, ''કાલે વ્રત છે કે? કયું?''

શીરીને થોડો વિચાર કર્યો. પછી કહે, ''તીખું વ્રત.''

મમ્મીને થોડી ચિંતા થઈ. પણ, પછી તેમણે કહ્યું, ''વારુ.''

મમ્મીએ મોટાં મોટાં મરચાં તળ્યાં.

મમ્મીએ આદુની કતરણ સાંતળી.

શીરીન જમવા તો બેસી. પણ થોડી ગભરાઈ.

તેણે જોયું કે ઘરના બધાએ પોતાની થાળીમાં એક-બે મરચાં અને આદુની કતરણ લીધાં હતાં.

થોડી હિંમત કરી શીરીને આદુની કતરણ ચાવી. તે પછી મરચાનું બટકું ભર્યું.

શીરીનના નાક અને આંખમાંથી પાણી નીકળ્યાં, ગાલ લાલ થયા.

તેના કાનમાંથી ધૂમાડા નીકળ્યા, માથાના વાળ ઊંચા થઈ ગયા.



શીરીને બે પવાલાં પાણી પીધું.

મમ્મીએ કહ્યું, ''ચમચી મધ ચાટી લે.''

શીરીને થોડો વિચાર કરી કહ્યું, ''તીખા વ્રતમાં મધ ન ચટાય.''

મમ્મીએ કહ્યું, ''વ્રતમાં મધનો બાધ ન હોય.''

શીરીને ચમચી ભરી મધ મોઢામાં મૂક્યું. તેની જીભ પર ઠંડક થઈ. તેના ગળાને સારું લાગ્યું. તેની આંખનાં પાણી અટક્યાં.

દાદીએ કહ્યું, ''બસ બેટા! ત્રણ વ્રત થઈ ગયાં. હવે વ્રત લંબાવવાની જરૂર નથી.''

શીરીને કહ્યું, ''પણ, ત્રીજું વ્રત પૂરું તો કરવું પડે ને!''

મમ્મીએ સૂચવ્યું, ''વ્રતમાં દૂધ પીવાય. ખજૂર ખવાય.''

શીરીન પવાલું દૂધ અને બે પેશી ખજૂર ખાઈ સૂઈ ગઈ.

પછીના દિવસે શીરીને મમ્મીને પૂછ્યું, ''વ્રત કરું કે ના કરું?''

મમ્મીએ કહ્યું, ''તારી મરજી!''

શીરીને કહ્યું, ''આજે છેલ્લું વ્રત.''

ખૂબ ગડમથલ પછી તેણે કહ્યું, ''આજે કડવું વ્રત.''

મમ્મીએ કહ્યું, ''ઠીક.''

મમ્મીએ તો કારેલાંનું શાક બનાવ્યું, ગોળ વગરનું. મમ્મીએ લીમડાનો રસ કાઢ્યો.

ઘરનાં બધાંએ નરણે કોઠે કારેલાંનો રસ ચમચી-ચમચી પીધો.

ઘરનાં બધાંએ જમતી વખતે દાળ, ભાત, રોટલી સાથે કારેલાનું શાક લીધું.

શીરીને એક ફોડવું શાક ખાધું, એક ઘૂંટડો લીમડાનો રસ પીધો.

તેનું મોઢું બગડી ગયું.

શીરીન રડવા જેવી થઈ ગઈ.

દાદીએ કહ્યું, ''ત્રણ વ્રત થઈ ગયાં. ચોથાની જરૂર નથી.''

મમ્મીએ કહ્યું, ''બધા સ્વાદ એકસાથે જમવાનું વ્રત પણ થાય.''

શીરીને પૂછ્યું, ''એ કઈ રીતે ?''

મમ્મીએ કહ્યું, ''જ્યારે પણ જમીએ ત્યારે ગળ્યું, ખાટું, ખારું, તીખું, તૂરું અને કડવું એમ બધું જ જમવાનું.''

શીરીન ખુશ ખુશ થઈ ગઈ. તેણે ઘરના બધાની સાથે દાળ, ભાત, રોટલી, શાક, ગોળ, કચુંબર, અથાણું, છાશ અને મુખવાસ ખાધાં.

## વાતચીત :

૧. શીરીનનું કયું વ્રત તમને સૌથી વધારે ગમ્યું?

૨. તમે કયા સ્વાદનું વ્રત કરવાનું પસંદ કરો? કેમ?

૩. તમને કઈ વાનગી સૌથી વધુ ભાવે?

૪. તમે આવું વ્રત કરવાનું કહો તો તમારા ઘરના તમને શું કહે?

૫. શીરીનના મમ્મીએ કઢી બનાવવા બે દિવસ પહેલાંનું દહીં કેમ લીધું?

૬. ચોથું વ્રત નક્કી કરતી વખતે શીરીનના મનમાં શું ગડમથલ થઈ હશે?

## સાંભળો, વાંચો, વિચારો, લખો :

૧. શીરીને કયાં કયાં વ્રત કર્યાં?


૨. તમારા વડીલો કયાં-કયાં વ્રત અથવા ઉપવાસ કરે છે?

૩. તમારા ઘરે પૂછીને લખો કે ચોક્કસ વ્રત કે ઉપવાસ હોય ત્યારે શું ખવાય અને શું ન ખવાય? તમારા મિત્રોની નોંધ સાથે તમારી નોંધ સરખાવો. તે માટે શિક્ષકનું માર્ગદર્શન લો.

| વ્રત/ઉપવાસ | શું ખવાય? | શું ન ખવાય? |
|---|---|---|
| | | |
| | | |
| | | |

૪. રસોડામાં દરેક સ્વાદ માટે અલગ-અલગ બરણી છે. શીરીનના પપ્પા બજારમાંથી નીચેની વસ્તુઓ લાવ્યા છે. તે વસ્તુઓનાં નામ બરણીમાં લખો.

મધ, મેથી, મરચું, હળદર, મીઠું, આમલી, અજમો, મોસંબી, ગોળ, સંચળ, મરી, લીંબોળી, જાંબુ, જામફળ, આંબળા, બોર, કેરી, કારેલું, દૂધ




૫. તમારા ઘરે નીચેની વાનગી બને ત્યારે તેમાં કયા કયા સ્વાદ ઉમેરાય છે? યોગ્ય ખાનામાં ✓ કરો.

| વાનગી | ગળ્યો | ખારો | ખાટો | તીખો |
|---|---|---|---|---|
| દાળ | | | | |
| ખીચડી | | | | |
| શીરો | | | | |
| રોટલો | | | | |
| ચેવડો | | | | |

## બનાવો, ચાખો, ચર્ચો, લખો :

જૂથમાં કામ કરો. વર્ગમાં જ સામાન લાવી રાખો. શિક્ષક દરેક જૂથને અપારદર્શક ડબ્બીઓમાં સામાન આપશે. તમારે ચોક્કસ પ્રકારનું જ શરબત બનાવવાનું છે. તમારા જૂથે કયા સ્વાદ પર કામ કરવાનું છે, તે શિક્ષક પાસેથી ચિઠ્ઠી ઉપાડીને જાણો. તમે કેવું-ખારું, ખાટું, ગળ્યું, ફીક્કું, મોળું, તૂરું કે તીખું-શરબત બનાવવાના છો તેની બીજા જૂથને ખબર પડવા દેશો નહીં. તમે બનાવેલું શરબત વર્ગ આગળ મૂકો. બીજાં જૂથનાં શરબત ચાખી, નીચેની વિગતો લખો.

| શરબતનો સ્વાદ | જૂથ | શું વધારે ઉમેર્યું? | શું ઓછું રાખ્યું? |
|---|---|---|---|
| ખારો | | | |
| ખાટો | | | |
| ગળ્યો | | | |
| ફીક્કો | | | |
| મોળો | | | |
| તૂરો | | | |
| તીખો | | | |

## રીડિંગ ક્રિકેટની રીતે 'બધા સ્વાદનું વ્રત' વાંચો.

- **આવો, ગાઈએ ગીતડું :** આવ્યું રીંગણ, આવ્યાં ટામેટાં...

## સાંભળો, વાંચો, વિચારો, લખો :

**૧. ત્રણના જૂથમાં કામ કરો. ફકરો વાંચી, પ્રશ્નો માટે યોગ્ય વિકલ્પ પર ✓ કરો. જરૂર જણાય ત્યાં એક કરતાં વધુ વિકલ્પો પર ✓ કરવું.**

દિવસમાં કેટલીકવાર તમે રાંધણિયાની મુલાકાત લો છો? ત્રણ વાર, પાંચ વાર કે વધુ? એ દરમિયાન તમે શું શું જોયું? રાંધણિયામાં થતી ક્રિયાઓ તમે ધ્યાનથી જોઈ ખરી? કોઈક વાર બાફવાનું ચાલતું હોય, તો કોઈક વાર શેકવાનું, ક્યારેક વળી તળવાનું, વણવાનું, મસળવાનું સાથે ચાલતું હોય. આ બધી ક્રિયાઓ થાય ત્યારે આપણી થાળીમાં જાત-જાતની વાનગીઓ આવે છે. જેમકે, ચોખા-દાળ ધોવાય, વઘારાય, તેમાં મસાલા અને પાણી ઉમેરાય, પછી તેને ચડવા દેવાય, ઠરવા દેવાય. ત્યારે તૈયાર થાય ખીચડી. આવી જ રીતે, જાણીતી અને નવી વાનગીઓ બને.

(૧) 'રાંધણિયું' એટલે?
(અ) રસોડું (બ) પ્રયોગશાળા (ક) ઓરડી
(૨) 'મુલાકાત' એટલે?
(અ) જોડે રહેવું (બ) થોડા સમય માટે મળવું (ક) છૂટા પડવું
(૩) 'ક્રિયા' એટલે?
(અ) રમત (બ) ચોક્કસ રીતે કરાતું કામ (ક) કરવું તે
(૪) 'વાનગી' એટલે?
(અ) ખાવાની વસ્તુ (બ) રસોઈની સામગ્રી (ક) ફક્ત મીઠાઈ
(૫) આમાંથી વાનગી ના હોય તે વસ્તુ ઓળખો.
(અ) દૂધપાક (બ) ખીચડી (ક) બટાકા (ડ) પાણીપૂરી (ઈ) પાણી
(૬) આમાંથી 'ક્રિયા' કઈ?
(ક) ઊંઘવું (ખ) પથારી (ગ) દાળ (ઘ) પાણી (ચ) છીંક (છ) બગાસું ખાવું (જ) તાળી પાડવી (ઝ) મસાલા (ટ) ખો-ખો રમવું (ઠ) કબડ્ડી (ડ) રડવું (ઢ) ચોખા (ણ) મનમાં વાંચવું
(૭) રસોડામાં કઈ કઈ ક્રિયાઓ થાય છે?
(ક) માપવું (ખ) કાપવું (ગ) બાફવું (ઘ) વાંચવું (ચ) લખવું (છ) ફોટા પાડવા (જ) સૂઈ જવું (ઝ) શેકવું (ટ) નહાવું (ત) ધોવું (થ) મસળવું (દ) રમવું (ધ) નૃત્ય કરવું (ન) ગાવું (પ) જમવું (ફ) સૂકવવું
(૮) ખીચડી કઈ રીતે નહીં થાય?

**જોડીમાં કામ કરો, ફકરો વાંચી પ્રશ્નોના જવાબ લખો :**

આરાધ્યાના ત્રણ દાંત સડી ગયેલા. તેને ખૂબ દુઃખાવો થતો હતો. મમ્મી-પપ્પા એને દાંતના ડૉક્ટર પાસે લઈ ગયા. ડૉક્ટરે આરાધ્યાને લાંબી ખુરશી પર બેસાડી. તેમણે આરાધ્યાના નાનકડા મોઢામાં નાનકડો, ગોળ અરીસો નાખ્યો અને દાંત તપાસ્યા. પછી, તેમણે આરાધ્યાના દાંત મશીનથી સાફ કરી આપ્યા. તેમણે આરાધ્યાને કહ્યું, ‘‘હવે નહીં દુઃખે! પણ, હવેથી મોં બરાબર સાફ રાખવાનું. કંઈ પણ ખાધા કે પીધા પછી, મોંમાં પાણી ભરી કોગળા કરવાના. સવારે ઊઠીને તરત બ્રશ કે દાતણ કરવાનું. અને રાત્રે સૂતા પહેલાં તો ખાસ, ભૂલ્યા વગર બ્રશ કે દાતણ કરવાનું.’’ ડૉક્ટરે આરાધ્યાને કોગળો કરી બતાવ્યો. તેમણે બ્રશને ઉપર-નીચે, અંદર-બહાર ફેરવવાની સાચી રીત પણ બતાવી.

આરાધ્યાના દાંતમાં હવે સડો નથી. તેને હવે દુઃખાવો નથી. તે સવાર-સાંજ દાંત સાફ કરે છે. જેટલી વાર કંઈક ખાય કે પીવે, કોગળો કરી લે છે.

તમારા દાંતમાં સડો છે? તમારા જોડીદાર પાસે દાંત તપાસાવડાવો. દાંત તપાસવાનું તમારા શિક્ષક પાસેથી શીખો.

**૧. ટૂંકમાં જવાબ લખો.**

(૧) આરાધ્યાના કેટલા દાંત સડ્યા હતા?

(૨) આરાધ્યાને કેવો દુઃખાવો થતો હતો?

(૩) ડૉક્ટરે આરાધ્યાને ક્યાં બેસાડી?

(૪) ડૉક્ટરે શાના વડે તપાસ કરી?

(૫) ડૉક્ટરે આરાધ્યાને ક્યારે-ક્યારે કોગળો કરવા કહ્યું?

**૨. આપેલા મુદ્દાને લગતાં વાક્યો ફકરામાંથી શોધો અને તેના સમય પ્રમાણે લખો.**

| **આરાધ્યા...** | **પહેલાં** | **અત્યારે** |
|---|---|---|
| (૧) દાંતનો દુઃખાવો | | |
| (૨) દાંતમાં સડો | | |
| (૩) કોગળા | | |
| (૪) દાતણ/બ્રશ | | |

**૩. જેમ આરાધ્યા માટે વાક્યો નોંધ્યાં તેમ તમારા વિશે વાક્યો લખો અને વર્ગમાં મોટેથી વાંચો.**

| | **અત્યારે** | **હવેથી** |
|---|---|---|
| (૧) દાંતનો દુઃખાવો | | |
| (૨) દાંતમાં સડો | | |
| (૩) કોગળા | | |
| (૪) દાતણ/બ્રશ | | |

**રમત :**

વર્ગનાં બધાં બાળકો ત્રણ જૂથમાં વહેંચાઈ જાઓ. પહેલા જૂથને 'ગઈકાલ', બીજા જૂથને 'આજ' અને ત્રીજા જૂથને 'આવતીકાલ' એમ નામ આપો. તમને અનુકૂળ હોય તો વારનાં નામ આપી શકાય. નીચે આપેલા ઉદાહરણ પ્રમાણે આપેલા શબ્દ પરથી દરેક જૂથ પોતાના જૂથને અનુરૂપ વાક્ય બનાવી બોલશે. દરેક સાચા વાક્ય માટે એક પૉઈન્ટ. અહીં નમૂનાના શબ્દો આપેલા છે. આવા બીજા શબ્દો તમારા શિક્ષક પાસેથી જાણી રમત આગળ વધારતા રહો. પહેલી વાર પાંચ-પાંચ શબ્દ સાથે રમત રમો. પછી શબ્દસંખ્યા વધારતા જાઓ. સરખી તક મળ્યા પછી જે જૂથ સૌથી વધુ પૉઈન્ટ બનાવે તે વિજેતા.

| સિદ્ધિ | ગઈકાલ | આજ | આવતીકાલ |
|---|---|---|---|
| ૧. વાંચવું | સિદ્ધિએ વાર્તા વાંચી. | સિદ્ધિ વાર્તા વાંચે છે. | સિદ્ધિ વાર્તા વાંચશે. |
| ૨. કૂદવું | અમે પાંચ પગથિયાં કૂદ્યા. | અમે હાથ પકડીને કૂદીએ છીએ. | અમે કાલે દોરડાં કૂદીશું. |
| ૩. રમવું | | | |
| ૪. જમવું | | | |
| ૫. હસવું | | | |
| ૬. રંગોળી પૂરવી | | | |
| ૭. શાક બનાવવું | | | |
| ૮. | | | |
| ૯. | | | |
| ૧૦ | | | |

**ત્રણના જૂથમાં કામ કરો. બે સભ્યો વારાફરતી ફકરો વાંચી સંભળાવો. બીજા ફકરામાં વધારે માહિતી આપી છે.**

(૧) ભૈરવીના કાકાનાં લગ્ન હતાં. તે માટે મંડપ બંધાયેલો અને જમણવાર ગોઠવાયેલો. દાળ-શાક વડીલોને લાયક હતાં. પણ, મીઠાઈ હતી એટલે ચાલ્યું! હલવો, બાસુંદી બધાને ભાવ્યાં. છેલ્લે પાન ખાવાની પણ મજા પડી.

(૨) ભૈરવીના નાના કાકાનાં લગ્ન હતાં. તે માટે વિશાળ મંડપ બંધાયેલો અને ભવ્ય જમણવાર ગોઠવાયેલો. દાળ-શાક વડીલોને લાયક તીખાં હતાં. પણ, બે-ત્રણ મીઠાઈ હતી એટલે

ચાલ્યું! દૂધીનો હલવો, સીતાફળની બાસુંદી બધાને ભાવ્યાં. છેલ્લે મીઠું પાન ખાવાની પણ મજા પડી.

(૧) ફકરા નંબર ૨માં કઈ માહિતી વધારાની છે? તે લખો અને ફકરામાં તે શબ્દ નીચે લીટી કરો.

| ફકરો-૧ | ફકરો-૨ |
|---|---|
| ૧. કાકા | નાના કાકા |
| ૨. મંડપ | વિશાળ મંડપ |
| ૩. | |
| ૪. | |
| ૫. | |
| ૬. | |

- જૂથમાં જ રમત રમો. ઉદાહરણ પ્રમાણે આપેલાં વાક્યોમાં નવી માહિતી ઉમેરતાં જાઓ.

**ઉદાહરણ :** મેં કૂતરો જોયો.

મેં કાળો કૂતરો જોયો.

મેં એક કાળો કૂતરો જોયો.

મેં એક મોટ્ટો કાળો કૂતરો જોયો.

(૧) રૂકસાનાએ ફરાક ખરીદ્યું. (૨) હાર્દિક દોડે છે. (૩) હવે ચંદ્રિકા રડશે.

- વર્ગના બે જૂથ બનાવો. શિક્ષક વાક્ય આપે તેમાં દરેક જૂથ નવી માહિતી ઉમેરતું જાય. જે જૂથ માહિતી સાચી રીતે ઉમેરે તેને એક પૉઈન્ટ. વાક્યમાં ત્રણ નવી માહિતી ઉમેરાય ત્યાં સુધી રમી, નવા વાક્યથી રમત આગળ ચલાવો.

## વાર્તા સાંભળો, વાંચો, વિચારો, લખો :

૧. ફકરો સાંભળો, જોડીમાં કામ કરી જવાબ લખો.

સ્વીટુને અવનવી વસ્તુઓ બનાવવી ખૂબ ગમે. ક્યારેક તે રસોડામાંથી ચપ્પુ અને પપ્પાની કાતર લઈને બેસે. તેને તપાસવું હોય કે બેમાંથી વધારે અણીદાર શું? પપ્પા દોડીને આવે અને

સ્વીટુને સમજાવે. ''વાગી જાય!'' ક્યારેક વળી તે ઘરના ઝાંપા પર હીંચકો ખાય, તો ક્યારેક હીંચકાના સળિયા પર ચઢી જાય. ફોઈ હાંફળાં-ફાંફળાં થઈ આવે અને તેને ઉતારીને પૂછે, ''શું કરે છે ?'' સ્વીટુ સામો પ્રશ્ન પૂછે, ''બેમાંથી શું ઊંચું?'' એક વખત મમ્મી તેને ગાલ પર પથ્થર ઘસતાં જોઈ ગયાં. તેમણે પૂછ્યું, ''શું કરે છે ?'' સ્વીટુ કહે, ''પથ્થરને લીસ્સા કરું છું.'' આવું જે કાંઈ થાય, દાદી તેની વાર્તા બનાવે અને રોજ રાત્રે સ્વીટુને કહે, ''એક છોકરી, બહુ સાહસિક.'' સ્વીટુ ઉમેરે, ''તેનું નામ સ્વીટુ.'' દાદી કહે, ''તે ક્યારેક ચપ્પાની ધાર તપાસે. પણ, પપ્પાને જોડે રાખીને. ક્યારેક વળી હીંચકાની ઊંચાઈ માપે. ત્યારે તે ફોઈને જોડે રાખે. ક્યારેક તેને થાય કે 'શું વધારે લીસ્સું? પથ્થર કે મારો ગાલ?'' તો એ મમ્મીને પૂછવા જાય. આવી વાતો સાંભળતાં-સાંભળતાં સ્વીટુબહેન પોઢી જાય.

- **ઓળખી કાઢો. તે વ્યક્તિ કે વસ્તુના નામ ફરતે ફકરામાં ◯ કરો. :**

સ્વીટુના ઘરમાં

(૧) સૌથી મોટું કોણ? (૨) સૌથી નાનું કોણ?

(૩) સૌથી અણીદાર શું? (૪) સૌથી બુઠ્ઠું શું?

(૫) સૌથી ઊંચું શું? (૬) સૌથી નાનું શું?

(૭) સૌથી લીસું શું? (૮) સૌથી ખરબચડું શું?

**સાંભળો, વાંચો, વિચારો :**

**આપેલો પ્રસંગ મોટેથી વાંચી સંભળાવો ત્યારબાદ વર્ગમાં ભજવો.**

આદ્યાબહેન ખૂબ મોટાં જાસૂસ; જૂનાં અને જાણીતાં. દૂર-દૂરનાં ગામથી, નાનાં-મોટાં શહેરથી લોકો તેમની સલાહ લેવા ફોન કરે. આદ્યાબહેન બધી વિગત ફોન પર પૂછે. એમ તેઓ ગૂમ થયેલી ચીજ કે ખોવાયેલી વસ્તુ અથવા જીવ શોધી આપે.

અદ્વૈતભાઈનો વહાલો ઘોડો મળતો નહોતો. તેમણે વહેલી સવારે આદ્યાબહેનને ફોન જોડ્યો.

**આદ્યાબહેન :** તમારા ઘોડાનો દેખાવ કેવો હતો?

**અદ્વૈતભાઈ :** ચાર પગ, બે આંખ, બે...

**આદ્યાબહેન :** બધા ઘોડાને હોય એ તો! તમારા ઘોડાની ખાસ વાત?

**અદ્વૈતભાઈ :** તેને સુંદર, સોનેરી વાળ છે. લીસી, ચમકતી ચામડી છે.

**આદ્યાબહેન :** એવા તો ઘણા ઘોડા હોય. તમારા ઘોડામાં જુદું શું?

**અદ્વૈતભાઈ :** તેના કપાળ પર કથ્થાઈ ચાંદો છે.

**આદ્યાબહેન :** આ બરાબર. આવી જ બીજી વિશેષ વાત જણાવો.

**અદ્વૈતભાઈ :** તેના બંને પાછલા પગ પર પણ કથ્થાઈ ચાંદા છે.

**આદ્યાબહેન :** સરસ, હવે કહો, ક્યારે ખોવાયો ? છેલ્લે ક્યાં જોયો હતો?

**અદ્વૈતભાઈ :** અડધા કલાક પહેલાં, ઘર પાસેથી....

**આદ્યાબહેન** તમે ક્યાં-ક્યાં તપાસ કરી?

**અદ્વૈતભાઈ :** તપાસ નથી કરી. સીધો તમને ફોન કર્યો.

**આદ્યાબહેન :** પહેલાં તમારા ઘર, ખેતર, વાડી કે ઘોડારમાં તપાસ કરો.

**અદ્વૈતભાઈ :** હા, એ ખરું!

- **સાચા શબ્દ પર ✓ કરી મોટેથી વાંચો :**

૧. આદ્યાબહેન **પ્રખ્યાત/વૃદ્ધ/નકામા/હોંશિયાર** જાસૂસ હતા.

૨. આદ્યાબહેન પાસે **પોલીસ/ગામલોકો/શહેરીજન/ચોર** સલાહ લેવા આવે.

૩. **પક્ષી/પ્રાણી/વનસ્પતિ/જંતુ**ને ચાર પગ, બે કાન, એક પૂંછડી હોય.

૪. અદ્વૈતભાઈના ઘોડાના વાળ **સોનેરી/ખૂબ લાંબા/લીસા/ગુચ્છેદાર** હતા.

૫. અદ્વૈતભાઈના ઘોડાની ત્વચા **લીસી/મેલી/ખરબચડી/ચમકતી** હતી.

**જોડીમાં કામ કરો. આપેલા કોષ્ટકમાંથી પ્રાણીઓ અને તેમના વિશેષ નામ શોધી કાઢો. તે બંને યોગ્ય રીતે જોડીને લખો. :**

| | | | |
|---|---|---|---|
| ગો | બ | રું | ખે |
| ધા | હા | પા | દૂ |
| નિ | કૌ | ળી | ઝ |
| મા | ર | ક | ણી |

| | | |
|---|---|---|
| સ | ભૂં | ડ |
| ભેં | સ | ગ |
| ગા | ય | લું |

વાનગી ઓળખો. તે માટે શું ઉમેરવું પડશે? તે ઉમેરો :

(૧) જ લ બ (૨) સ મ સ

(૩) ભ જ ય (૪) લ પ સ

(૫) ર ટ લ (૬) મ હ ન થ ળ

શિક્ષક તમને પાના નંબર ૧૬૭ પરના ફકરાનું શ્રુતલેખન કરાવશે. જોડીમાં કામ કરો. તે ફકરો એક વાર વાંચી લો. શ્રુતલેખન વખતે તમે બંને મિત્ર તે કેવી રીતે લખશો તે નક્કી કરી લો. ફકરો લખાઈ ગયા પછી તમે બંનેએ શી સમજૂતી કરી તે વર્ગને જણાવો :

હસો :

**મમ્મી** : બિટ્ટુ શીરો બનાવું કે સુખડી?

**બિટ્ટુ** : મમ્મી, ઘરમાં એક જ કઢાઈ છે?

## ૧૦ ચાલો સૌને રમત મુબારક


X1P7Y6

### ચાલો, ગાઈએ ગીતડું :

રમશું રમશું રેલમછેલ
હળશું મળશું કરશું ગેલ
ખડખડ હસવું ખેલમખેલ
રમશું રમશું રેલમછેલ
ભલો શિયાળો, ટાઢ મજાની
ભલો ઉનાળો, લૂય મજાની.
વરસાદે વાછંટ મજાની,
બારે માસ મજાની ગમ્મત
ધિંગામસ્તી ઠેલમઠેલ
રમશું રમશું રેલમછેલ

- હરિકૃષ્ણ પાઠક

## ચિત્ર જુઓ, જવાબ લખો :



## ● બાજુના પાન પરનું ચિત્ર જોઈને આ પ્રશ્નોના જવાબ લખો :

૧. આ ચિત્ર ક્યાંનું હોય એવું લાગે છે?

૨. ચિત્રમાં કુલ કેટલાં બાળકો છે?

૩. ચિત્રમાં બાળકો શું કરી રહ્યાં છે?

૪. બાળકો કઈ કઈ રમતો રમી રહ્યાં છે?

૫. આમાંથી કઈ રમત તમને સૌથી વધુ ગમે છે?

૬. એ રમત કેવી રીતે રમાય?

૭. છેલ્લે આ રમત તમે ક્યારે રમ્યાં હતાં?

૮. તમે ક્યાં-ક્યાં રમો છો?

૯. તમે એકસાથે કેટલાં દોરડાં કૂદી શકો?

## ચાલો રમીએ :

- શું જોઈશે? : કચૂકા/પાંચીકા/કાંકરા/પારા
- સંખ્યા : બેથી ચાર બાળકો
- તૈયારી : રમનારે સામસામા પગ લાંબા-પહોળા કરીને બેસવું. એક જણે દાવ લેવો. એક જ હાથે પાંચીકાં ઉછાળવાના અને લેવાના છે.

આ પ્રમાણે બોલતાં બોલતાં કાંકરા/પાંચીકા/કચૂકા/પારા/ઉછાળવાં.




## ૧. રમત-૧ : આવ રે છાબડી • ત્રણ વિદ્યાર્થીઓ

જમીન પર પાંચ પાંચીકા મૂકી દો, પછી એક પાંચીકો હથેળીમાં લઈ ૧૫ થી ૩૦ સેમી જેટલો ઊંચે ઉછાળો. તે નીચે પડે તે પહેલાં બંને હથેળીઓ એક સાથે ઊંધી ભેગી કરી ઝીલી લો. ત્યારબાદ બે પાંચીકા લઈ ઉછાળી આ રીતે ઝીલી લો. આ પ્રમાણે ત્રણ, ચાર અને છેલ્લે પાંચેય લઈને ઉછાળી ઝીલી લો. પાંચેય વારામાં કુલ જેટલાં પાંચીકા ઊંધી હથેળી પર ઝીલ્યા તેટલી તાળીઓ બાકીના બંને પાડીને શાબાશી આપશે. આ પ્રમાણે ત્રણેય વિદ્યાર્થીઓ વારાફરતી રમો.

## ૨. આ પ્રમાણે બોલતાં-બોલતાં કાંકરા/પાંચીકા/કચૂકા/પારા ઉછાળવા :

ગાગર ગબ્બો
મારા હાથમાં છબ્બો
ગાગર ગબ્બો
મારા હાથમાં છબ્બો

જમીન પર મૂકેલા પાંચમાંથી એક પાંચીકો ઉઠાવો. તેને તમારા એક હાથ જેટલો ઊંચો હવામાં ઉછાળો. તે હવામાં હોય તે દરમિયાન જમીન પરનાં ચાર પાંચીકા એ જ હાથમાં લઈ લો. ઉછાળેલા પાંચીકાને હાથમાં રાખેલા પાંચીકાઓ સાથે ઝીલી લો. હવે તમારા હાથમાં પાંચ પાંચીકા થઈ ગયા? આ પાંચીકા જમીન પર મૂકી ફરીથી દાવ લો. જો ઉછાળેલો પાંચીકો ઝીલી ન શકાય તો બીજા મિત્રને દાવ આપો.

- જે સૌથી વધુ વખત નીચે પાડ્યા વિના આ રીતે પાંચીકો ઉછાળે તેને ત્રણ-તાળી-ત્રણવાર પાડીને શાબાશી આપો.

### ૩. તલ તલ તાતા :

હવે આ પ્રમાણે બોલતાં બોલતાં કાંકરા/પાંચીકા/કચૂકા/પારા ઉછાળવાં.

**તલ તલ તાતા**
**મારા હાથમાં સમાતા**

- પાંચીકા જમીન પર મૂકો.
- તેમાંથી આ પ્રમાણે બોલતાં બોલતાં એક પાંચીકો ઉછાળો.

**તલ તલ તાતા**
**મારા હાથમાં સમાતા**


- આ પાંચીકો અધ્ધર હોય ત્યારે નીચેથી એક પાંચીકો હાથમાં લો.
- ઉછાળેલાં પાંચીકાને તે હાથે જ ઝીલો.
- બંને પાંચીકા હાથમાં રાખીને ત્રીજો પાંચીકો ઉછાળો.
- એક પાંચીકો હાથમાં હોય અને ઉછાળેલો પાંચીકો ઝીલાય તો એક વાર 'વાહ ભાઈ વાહ' બોલી શાબાશી આપો. બે પાંચીકા હાથમાં હોય અને ઉછાળેલો પાંચીકો જે ઝીલી શકે તેને 'વાહ વાહ ભાઈ વાહ વાહ' એમ બે વાર બોલી શાબાશી આપો.
- ત્રણ પાંચીકા હાથમાં હોય અને ઉછાળેલો પાંચીકો ઝીલાય તેને ''વાહ વાહ વાહ ભાઈ વાહ વાહ વાહ'' બોલી શાબાશી આપો.
- ચારે પાંચીકા હાથમાં હોય અને ઉછાળેલો પાંચીકો જે ઝીલી શકે તેને તાળી પાડતાં પાડતાં ''વાહ વાહ વાહ વાહ ભાઈ વાહ વાહ વાહ વાહ'' બોલી શાબાશી આપો.

● **ચાલો, ગાઈએ ગીતડું : રમશું રમશું રેલમછેલ...**

### વાંચો :

બિલે નામનો એક છોકરો. એ એટલો બધો તોફાની કે એનાં તોફાનથી એનાં માબાપ તો તોબા પોકારી ઊઠે. તમારી જેમ જ એ પણ બહુ રમતિયાળ હતો. ભાઈબંધો સાથે એ ચોરસિપાઈની રમત ખૂબ રમતો. કહેવાય છે કે એને ક્રિકેટની રમત પણ બહુ ગમતી.

બિલેને પશુપંખી પણ એટલાં જ ગમે. એ તો એના મકાન પાછળની વાડીમાં બેઠો-બેઠો મોર, કબૂતર, કાકાકૌઆ ને ચકલી સાથે વાતો કરે! વાંદરા, બકરાં, ગાય અને ઘોડા સાથે દોડાદોડી કરે! એકવાર કોઈકે એને પૂછ્યું : 'બિલુ, મોટો થઈને શું બનવાનો?' બિલે કહે : 'હું તો ઘોડાનો રખેવાળ બનીશ.'



બિલે તોફાન-મસ્તી તો કરતો જ પણ સાથે-સાથે કસરત પણ ખૂબ કરતો. મુક્કાબાજી એની ગમતી કસરત હતી. આપણો આ બિલે ભજનો ગાવામાં તો ઘણીવાર એવો ખોવાઈ જાય કે એની આજુબાજુ કોણ છે ને પોતે ક્યાં છે એ પણ ભૂલી જાય.

એ તો બધી જ બાબતોમાં હોશિયાર. તે નવીનવી રમતો પણ બનાવતો અને તેના દોસ્તોને રમાડે. એકવાર તેણે મિત્રોને નવી રમત શીખવાડી. તેણે કહ્યું, 'બધા આંખો બંધ કરીને બેસી જાઓ,' કોઈ કશું જ બોલશે નહીં. જોઈએ કોણ સૌથી વધુ વાર સુધી આ રીતે બેસી શકે છે! બધા તો બેસી ગયા. થોડી જ વારમાં કેટલાકે એક આંખ ખોલીને પાછી બંધ કરી દીધી. કેટલાકે આંખો પર બે હાથ મૂકી આંગળીઓની વચ્ચેથી બધાને જોઈ લીધા. કેટલાકે તો વળી ઉધરસ ખાધી. બેને છીંક આવી. ત્રણ જણને ખંજવાળ આવી. એમ કરતાં કરતાં કેટલાક મિત્રો ખસી ગયા અને રમતમાંથી નીકળી ગયા. પણ બિલે ઢીલો પડે એવો ન હતો. એની રમત તો ચાલી જ રહી હતી. એ તો બિલકુલ મૂર્તિની જેમ આંખો બંધ કરીને સ્થિર બેઠો. એટલામાં મંદિરમાં સાપ આવ્યો. મિત્રોએ તેના નામની બૂમો પાડી પણ બિલે તો પોતાની રમતમાં તલ્લીન થઈ ગયો હતો. 'સાપ, સાપ' કરતાં ગભરાયેલા દોસ્તોએ ખૂબ બૂમો પાડી. પણ બિલેએ રમત ન છોડી. તે તો પોતાની રમતમાં સ્થિર રહ્યો. સાપ એની સામેથી પસાર થઈ ગયો.



થોડીવાર પછી બિલેએ આંખો ખોલી. મિત્રો એને પૂછવા લાગ્યા : 'બિલે, તને અમારી બૂમો જ ન સંભળાઈ? અહીં કેટલો મોટો સાપ આવ્યો હતો!' બિલેએ કહ્યું : 'પણ હું તો મારી રમતમાં મશગૂલ હતો.'

બિલે કશાથી ડરે જ નહીં, તે તોફાની તો હતો જ સાથે-સાથે નીડર પણ એવો જ.

બિલેને વડવાઈના હીંચકા બહુ ગમે. એ તો રોજ બપોરે હીંચકા ખાવા જાય. હીંચકા ખાવાની એની રીત પણ સાવ જુદી જ, નજીકની વાડીમાં એક વડલો હતો. બિલે આ વડલા પર ચડે. એની ડાળી પર પગ ભરાવે અને પછી પોતે શરીર નીચે લટકાવીને હીંચકા ખાય, જાણે કોઈ લંગૂર વડવાગોળ ન હોય! એને પડવાની તો જરાયે બીક ન લાગે.

એને આમ લટકતો જોઈને એક વડીલને બીક લાગી. છોકરો કદાચ પડી જશે. એમણે કહ્યું, 'બિલે! આમ ઊંધા લટકીને હીંચકા ન ખવાય. કદાચ વાગી બેસશે, વડીલની શિખામણ બિલેના ગળે ન ઊતરી એટલે એમણે કહ્યું : 'અરે, આ ઝાડ પર તો બ્રહ્મરાક્ષસ નામનું ભૂત રહે છે. એ આવી જશે.' બિલે ખડખડાટ હસી પડ્યો. એણે કહ્યું : ભૂત આવશે તો હું એને પણ મારા ભેગો હીંચકા ખવડાવીશ! વડીલ તો આંખો ફાડીને એને જોઈ જ રહ્યા. આપણો બિલે તો વડલાની ડાળે ટાંટિયા લટકાવીને મોજથી હીંચકતો રહ્યો.

આ બિલેનું સાચું નામ હતું નરેન્દ્ર. આપણે સહુ તેમને સ્વામી વિવેકાનંદ તરીકે ઓળખીએ છીએ.

## વાતચીત :

૧. આ વાર્તામાંથી બિલેની કઈ રમત તમને સૌથી વધુ ગમી?

૨. તમારું બીજું નામ શું છે? ઘરમાં તમને કયા નામથી બોલાવે છે?

૩. ઘરે તમે એકલા એકલા રમો છો કે કોઈની સાથે?

૪. તમને કઈ રમત રમવાનું ખૂબ ગમે છે?

૫. તમે કેવાં-કેવાં તોફાન કરો છો?

૬. તમને મન ફાવે તે કરવાનું કહેવામાં આવે તો તમે શું-શું કરો?

૭. તમને વડીલો કઈ-કઈ શિખામણ આપે છે?

૮. તમારા ગમતા ખેલાડીનું નામ કહો.

૯. તમને કઈ જગ્યાએ હીંચકા ખાવાનું ગમે છે?

૧૦. તમને શાની બીક લાગે છે? ક્યારથી?

## યોગ્ય વાક્યની સામે ✓ ની નિશાની કરો.

૧. શિવાની ખોવાઈ ગઈ છે.

(અ) શિવાની રમતાં રમતાં સંતાઈ જતી અને કોઈને મળતી નહીં. ☐

(બ) શિવાની એક વખત જંગલમાં ભૂલી પડી ગઈ હતી. ☐

(ક) શિવાની નાચવાનું શરૂ કરે પછી એને બીજી કોઈ ખબર રહેતી નથી. ☐

૨. મારા ગળે ઊતરતું નથી.

(અ) બધા મને કહે છે કે પરીક્ષા વખતે ખૂબ વાંચું. હું આ વાત માનતો નથી. વાંચવાનું તો આખું વર્ષ હોયને? ☐

(બ) મારા ઘરમાં લાડવા ખાવાની હરીફાઈ થઈ. મને લાડવા તો ભાવે. પણ હું વધુ લાડવા ન ખાઈ શક્યો. ☐

(ક) મારા મિત્રો હોટલના પિઝાના વખાણ કરે છે. પણ મને તો તે ખાવાની મજા આવતી નથી. ☐

૩. નીડર

(અ) નીડર મનુષ્ય રડે નહીં. ☐

(બ) નીડર માણસને ભૂખ ન લાગે. ☐

(ક) નીડર વ્યક્તિને અંધારાની-અજાણ્યાની બીક ન લાગે. ☐

૪. આદત

(અ) તારી આ આદત ન ગમી. એકની એક વાત પૂછ્યા કરે છે. ☐

(બ) તેને આદત પ્રમાણે ભાત-દાળ સાથે લેવાનું જ ફાવે છે. ☐

(ક) મને રોજ સવારે હળદરવાળું દૂધ પીવાની આદત છે. ☐

## જવાબ લખો :

૧. બિલેને કઈ રમત બહુ ગમતી હતી?

૨. વાર્તામાં ક્યાં ક્યાં પક્ષીનાં નામ છે?

૩. તમને ગમતાં ભજનની એક પંક્તિ લખો.

૪. ધ્યાનની રમતમાં ક્યા છોકરાની રમત તમને વધુ ગમી?

૫. બિલેએ કેમ રમત ન છોડી?

૬. ભૂતનું નામ શું હતું?

## વાક્ય સાચું હોય તો એક તાળી પાડો અને ખોટું હોય તો બે તાળી પાડો. ☐ માં ✗ અથવા ✓ ની નિશાની કરો.

૧. બિલે ખૂબ જ બેસૂરું ગાતો હતો. ☐

૨. બિલેને ગરબા ગાવાની આદત હતી. ☐

૩. બિલેને હાથી ખૂબ ગમતા. ☐

૪. બિલેને અંધારાની બીક લાગતી હતી. ☐

૫. બિલે એટલે સ્વામી વિવેકાનંદ. ☐

૬. વડીલની વાત સાંભળી બિલેએ હીંચકા ખાવાનું બંધ કર્યું. ☐

**ક્રમમાં ગોઠવો :**

☐ બિલેએ ધ્યાનની રમત છોડી નહીં.

☐ નાગ બિલે પાસેથી શાંતિથી પસાર થઈ ગયો.

☐ બિલેએ મિત્રોને ધ્યાનની રમત શીખવાડી.

☐ થોડીવાર પછી બિલેએ આંખો ખોલી.

☐ બિલેના મિત્રો ડરી ગયા.

- **ચાલો, ગાઈએ ગીતડું :** રમશું રમશું રેલમછેલ...

**જો આ જ વાત નરેન્દ્ર કહે તો કઈ રીતે કહે? લખો :**

એક દિવસ તે પોતાના દોસ્તો સાથે મંદિરમાં બેઠો હતો. આંખો મીંચીને તે તો મનોમન કશીક પ્રાર્થના બોલવા લાગ્યો. તે એમ ને એમ એકધ્યાન થઈ ગયો. એટલામાં મંદિરમાં સાપ નીકળ્યો. સાપ જોઈને 'સાપ, સાપ, સાપ!' કરતાં સૌ છોકરાં જાય નાઠાં જોકે નરેન્દ્રને તો તેની અસર જ ન થઈ. તે તો આંખો મીંચીને હાથ જોડીને ધ્યાનમાં મસ્ત બની ગયેલો.

તે દિવસે હું મારા દોસ્તો સાથે મંદિરમાં બેઠો હતો.

## ખોટો અક્ષર કે શબ્દ છેકી વાક્ય ફરીથી લખો.

૧. એને ચોરસિપાહી**નો** / **ની** / **નું** રમત બહુ ગમતી.

૨. બિલેને બીક **લાગતું** / **લાગતો** / **લાગતી** નહીં.

૩. બિલેને હીંચકા **ખાવાની** / **નું** / **નો** આદત **પડ્યું** / **પડી** / **પડ્યો** હતી.

૪. વડીલે બિલેને હીંચકા ન **ખાવાનો** / **ના** / **ની** શિખામણ **આપ્યો** / **આપી** / **આપ્યા.**

૫. બિલે વડ**નું** / **ના** / **ને** ઝાડ પર હીંચકા ખાય.

૬. હું **મોટી** / **મોટો** / **મોટે** થઈને ઘોડા**નો** / **ના** / **ની** રખેવાળ બનીશ.

## વાક્યો વાંચી કૌંસમાંથી લાગુ પડતાં વિધાનો ખાલીજગ્યામાં લખો :

(ડર લાગ્યો, ગુસ્સો આવ્યો, ખૂબ ખુશ થઈ, બીક લાગી, મઝા આવી)

૧. લતાએ મારા હાથમાંથી પેન્સિલ ઝૂંટવી લીધી. મને ______

૨. આદ્યાને આજે પહેલી જ વખત પ્રાર્થના સંમેલનમાં ગાવાનું હતું. તેને ______

૩. હરેશ રાત્રે અંધારામાં એકલો ધાબા પર ગયો. અચાનક તેના ખભા પર ગરોળી પડી. તેને ______


૪. વિશ્વાને તેના પપ્પાએ વાર્તાનું પુસ્તક ખરીદી આપ્યું તે ______

૫. સલોની તેની બહેનપણીઓ સાથે બગીચામાં રમવા ગઈ. તેને ______

ગીત :

## કેવી મજા

અમે ફેરફુદરડી ફરતાં'તાં,
અમે ફેરફુદરડી ફરતાં'તાં,
ફેરફુદરડી ફરતાં-ફરતાં,
પડી જવાની કેવી મજા!
ભાઈ, પડી જવાની કેવી મજા!
અમે સંતાકૂકડી રમતાં'તાં
અમે સંતાકૂકડી રમતાં'તાં
સંતાકૂકડી રમતાં રમતાં
પકડાઈ જવાની કેવી મજા!
ભાઈ, પકડાઈ જવાની કેવી મજા!
અમે આંબલીપીપળી રમતાં'તાં.
અમે આંબલીપીપળી રમતાં'તાં.
આંબલીપીપળી રમતાં રમતાં,
સંતાઈ જવાની કેવી મજા!
ભાઈ સંતાઈ જવાની કેવી મજા!
અમે બિલ્લી ઉંદર રમતાં'તાં,
અમે બિલ્લી ઉંદર રમતાં'તાં.
અમે ચૂં..ચૂં.. મ્યાઉં મ્યાઉં કરતાં'તાં,
અમે ચૂં..ચૂં.. મ્યાઉં મ્યાઉં કરતાં'તાં
ચૂં..ચૂં.. મ્યાઉં... મ્યાઉં કરતાં કરતાં,
નાસી જવાની કેવી મજા!
ભાઈ નાસી જવાની કેવી મજા!



- મૂળજીભાઈ ભક્ત

## વાતચીત :

૧. જોડીમાં ફેરફુદરડી રમો. કેવી મજા પડી તે કહો.

૨. આ ગીતમાં આપેલી હોય એમાંથી તમને કઈ કઈ રમત ગમે છે?

૩. ઘરમાં અને શાળામાં સંતાકૂકડી રમો ત્યારે તમે ક્યાં સંતાઓ છો?

૪. તમને કોઈ પ્રાણી કે પક્ષીનો અવાજ કાઢતાં આવડે છે? વર્ગમાં બધાંને સંભળાવો.

૫. ઘરમાં બેસીને રમવાની કઈ-કઈ રમત તમે જાણો છો?

૬. બિલ્લી-ઉંદર રમવામાં તમને શું બનવું ગમે? કેમ?

૭. આંબલી-પીપળી કઈ રીતે રમાય તે તમારા શિક્ષક પાસેથી જાણો.

૮. તમને જેટલી રમતનાં નામ આવડતાં હોય તે કહો, તે કેવી રીતે રમાય તે પણ કહો.

## કૌંસમાં રમતનાં નામ આપ્યાં છે. આ રમતો નીચેનાં વાક્યોમાંથી જેને લાગુ પડે તેની સામે લખો :

(કબડ્ડી, આંબલી-પીપળી, સંતાકૂકડી, પાંચીકા, ચોર સિપાઈ)

૧. મહેશ ઝાડ પર ચડી ગયો. ______

૨. છાયા ખાટલા નીચે સંતાઈ ગઈ. ______

૩. રૂપા એક જ શ્વાસે કંઈક બોલી ગઈ. ______

૪. કૈરવીએ ચોરને પકડી પાડ્યો. ______

૫. પૂજા કચૂકા ઉછાળે છે. ______

## જોડકાં જોડો :

| | | |
|---|---|---|
| ૧. ફેરફુદરડી | ☐ | (ક) છુપાઈ જવાની મજા |
| ૨. ક્રિકેટ | ☐ | (ખ) ઝાડ પર ચડવાની મજા |
| ૩. સંતાકૂકડી | ☐ | (ગ) કૅચ પકડવાની મજા |
| ૪. આંબલી-પીપળી | ☐ | (ઘ) ગોલ કરવાની મજા |
| ૫. ફૂટબોલ | ☐ | (ચ) ગોળ ગોળ ઘૂમવાની મજા |

## જોડીમાં બોલાય તેવી બીજી રમતો કઈ?

**જેમ કે, આંબલી<u>પીપળી</u>.**

(૧) ખો ________ (૨) ગિલ્લી ________ (૩) ઉંદર ________

(૪) બાસ્કેટ ________ (૫) અડકો ________ (૬) ધમાલ ________

● **વાંચો :**

જૂથમાં બેસી, વાંચી અધૂરી વાત પૂરી કરવા કહો.

સાંજનો સમય હતો. અંધારું થવાને હજી વાર હતી. હું ખુરશીમાં બેઠી હતી, ખુરશીને હીંચકાની જેમ હલાવતી હતી. હું વિચારતી હતી કે હજી કોઈ રમવા બોલાવવા કેમ નથી આવ્યું? ત્યાં તો મેં દૃષ્ટિની બૂમ સાંભળી. હું તો ફટાફટ બેટ લઈને રમવા દોડી. અમારા ફળિયાથી જરાક દૂર મેદાન હતું. અમે રોજ ત્યાં જ રમવા જતાં. અમારું રમવાનું બરાબર જામ્યું. ત્યાં ધ્રુમિલે એક જોરદાર ફટકો માર્યો. દડો વાડામાં જતો રહ્યો. અમે દડો શોધતાં હતાં ત્યાં જ મારી નજર...

## ગૃહકાર્ય

તમારાં માતાપિતા, કાકાકાકી, દાદાદાદી કે કુટુંબના અન્ય સભ્યો બાળપણમાં કઈ-કઈ રમતો રમતાં હતાં તે એમને પૂછીને નોંધ કરી લાવો. એમાંથી કોઈ પણ બે રમત કેવી રીતે રમાય તે આખા વર્ગને કહો.

| કોણ રમતાં હતાં ? | રમતોનાં નામ |
|---|---|
| | |
| | |
| | |
| | |
| | |

## મોટેથી ગાઓ - ઓળખો :

કટ કટ કણસલું, નાનામોટા પગ
મોટો ચાલે બાર ગાઉ, ત્યારે નાનો માંડે ડગ.

## હસો :

**પોલીસ** : (મોડી રાત્રે લાઈટ વગર આવતા રીક્ષાચાલકને રોકીને) આ રીક્ષા તમારી છે?

**રીક્ષાવાળો** : હા, જી.

**પોલીસ** : તમારું નામ?

**રીક્ષાવાળો** : જી, એ પણ મારું છે.

## ત્રણ-ત્રણના જૂથમાં કામ કરો. કોઈ એક ચિત્ર પસંદ કરી તેના વિશે જૂથચર્ચા કરો. જૂથના સભ્યો સાથે મળી તે ચિત્ર વિશે વર્ગને જણાવો.